
વર્ષઃ 02 અંકઃ 24

16-30 જૂન, 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઇન્ડિયા સમાચાર




## દેશમાં વધ્યું માન
## વિશ્વમાં વધ્યું સન્માન

**વિશ્વ એક પરિવારની ભાવના સાથે દેશ અને દુનિયામાં વધી રહ્યું છે ભારતનું ગૌરવ**



# “સ્ટાર્ટ-અપની દુનિયા નવા ભારતની ભાવનાને રિફ્લેક્ટ કરી રહી છે”

**ભારતની શક્તિને વીતેલાં આઠ વર્ષમાં નવી ઉડાન મળી છે. સ્ટાર્ટઅર્પ યુનિકોર્ન બની રહ્યા છે. ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ની ભાવના લોકોને ખુદથી અલગ થઈને સમાજ પ્રત્યે સમર્પણનો ભાવ પેદા કરી રહી છે. કર્તવ્યનાં માર્ગે ચાલી રહેલું ભારત નવી ગાથા લખી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાસનમાં આઠ વર્ષ પૂરા કર્યા તેનાં એક દિવસ પહેલાં ‘મન કી બાત’ કાર્યક્રમમાં આ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાથે સાથે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, ચાર ધામની યાત્રામાં સ્વચ્છતાને તીર્થ સેવા બનાવવાનો મંત્ર આપ્યો. પ્રસ્તુત છે ‘મન કી બાત’ના અંશઃ**

- **યુનિકોર્નની સેન્ચુરીઃ** ક્રિકેટના મેદાનની જેમ ભારતે વધુ એક મેદાનમાં સેન્ચુરી લગાવી છે, જે વિશેષ છે. આ મહિને ભારતમાં યુનિકોર્નની સંખ્યા 100ના આંકડાને પાર કરી ચૂકી છે. આ યુનિકોર્નનું કુલ વેલ્યુએશન 25 લાખ કરોડ રૂપિયાથી વધુ છે. એક યુનિકોર્ન એટલે કે ઓછામાં ઓછા સાડા સાત હજાર કરોડ રૂપિયાનું સ્ટાર્ટઅપ. ગયા વર્ષે 44 યુનિકોર્ન બન્યા હતા અને આ વર્ષે છેલ્લાં ત્રણ-ચાર મહિનામાં જ 14 યુનિકોર્ન બન્યા. ભારતીય યુનિકોર્નનો વાર્ષિક સરેરાશ વૃધ્ધિદર અમેરિકા, બ્રિટન સહિતનાં અનેક દેશોની સરખામણીમાં વધુ છે. સ્ટાર્ટઅપની દુનિયા નવા ભારતની ભાવનાને પ્રદર્શિત કરે છે.
- **સ્ટાર્ટઅપને યોગ્ય માર્ગદર્શનઃ** એક સારા મેન્ટર એટલે કે માર્ગદર્શક સ્ટાર્ટઅપને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છે. પદ્મ પુરસ્કારથી સન્માનિત શ્રીધર વેમ્બુ ગ્રામીણ વિસ્તારમાં ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરી રહ્યા છે. મદન પડાકીએ વન-બ્રિજ બનાવ્યો જેનાથી ભારતનાં 75 જિલ્લામાં 9000થી વધુ ગ્રામીણ ઉદ્યોગ સાહસિકોને મદદ કરી છે.
- **મહિલા સશક્તિકરણઃ** તંજાવુર ઢીંગલી (ડોલ) મહિલા સશક્તિકરણની દિશામાં એક નવું પ્રકરણ લખી રહી છે. તંજાવુરમાં મહિલા સ્વસહાય જૂથ સ્ટોર અને કિયોસ્ક ખુલી રહ્યા છે. આ પહેલ દ્વારા 22 સ્વસહાય જૂથ જોડાયા છે. આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન આપવા માટે પોતાના વિસ્તારમાં સ્વસહાય જૂથ દ્વારા બનાવવામાં આવેલી ચીજવસ્તુઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરો.
- **કર્તવ્ય પથઃ** કર્તવ્યનાં માર્ગે ચાલીને આપણે સમાજ અને દેશને મજબૂત બનાવી શકીએ છીએ. આંધ્રપ્રદેશના રામ ભૂપાલ રેડ્ડીએ ગામની દીકરીઓને શિક્ષણ માટે પોતાનું સમગ્ર પેન્શન સુકન્યા સમૃધ્ધિ યોજનામાં દાન આપી દીધું. યુપીના શ્યામસિંહે પોતાના ગામમાં સ્વચ્છ પાણીની પાઇપલાઇન નાખવા માટે પોતાનું સમગ્ર પેન્શન દાન કરી દીધું.
- **સ્વચ્છતા અને સેવાની સાધનાઃ** હાલમાં આપણા દેશમાં ઉત્તરાખંડના ચાર ધામની પવિત્ર યાત્રા ચાલી રહી છે. લોકો ચાર ધામ યાત્રાનાં સુખદ અનુભવ રજૂ કરી રહ્યા છે. પણ શ્રધ્ધાળુ કેદારનાથમાં કેટલાંક યાત્રીઓ દ્વારા ફેલાવવામાં આવી રહેલી ગંદકીથી દુઃખી છે. પવિત્ર યાત્રામાં ગંદકીના ઢગલા હોય એ બરાબર નથી. આ ફરિયાદો વચ્ચે અનેક સારી તસવીરો પણ જોવા મળી રહી છે, જેમાં યાત્રાનાં માર્ગમાં કચરો સાફ કરતા લોકોનો પણ સમાવેશ થાય છે. સ્વચ્છ ભારતની અભિયાન ટીમ સાથે મળીને અનેક સંસ્થાઓ અને સ્વયંસેવી સંસ્થાઓ પણ ત્યાં કામ કરી રહ્યા છે. તીર્થ સેવા વગર તીર્થ યાત્રા અધૂરી છે.
- **જાપાનમાં ભારતની સંસ્કૃતિઃ** જાપાનમાં ભારત માટે અદભૂત લગાવ અને પ્રેમ છે. હિરોશી કોઈકેએ સ્થાનિક પ્રતિભાઓનો ઉપયોગ કરીને 9 અલગ અલગ દેશોમાં મહાભારતનું નિર્દેશન કર્યું છે. તેમનાં દ્વારા નિર્દેશિત પ્રત્યેક કહાની દેશનાં સ્થાનિક કલા વૈવિધ્ય સાથે જોડાયેલી છે. અત્સુશી માત્સુઓ અને કેંજી યોશીએ રામાયણ પર આધારિત એક જાપાની એનિમેશન ફિલ્મનું નિર્માણ કર્યું છે. ફિલ્મને ફરીથી 4Kમાં બનાવવામાં આવી રહી છે.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષઃ2 અંકઃ 24 | 16-30 જૂન, 2022

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**



**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

## અંદરનાં પાને....

# દેશમાં વધ્યું માન..દુનિયામાં સન્માન



**કવર સ્ટોરી** "વસુધૈવ કુટુમ્બકમ"નાં વિચાર સાથે આજે ભારત વિશ્વને પોતાની વધતી તાકાતનો પરચો આપી રહ્યું છે.. 16-31

## ગોવાની આઝાદીનો પ્રથમ સત્યાગ્રહ



ગોવા ક્રાંતિ દિવસ પર અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો ગોવાની આઝાદી માટે જોરદાર સંઘર્ષ કરનાર ક્રાંતિવીરોની ગાથા
53-56

## કટોકટીએ આપણને લોકશાહીનું સાચું મહત્વ સમજાવ્યું

47 વર્ષ પહેલાં 25 જૂને લાદવામાં આવેલી કટોકટીની ઘટનાએ આપણને લોકશાહીનું મહત્વ સમજાવ્યું છે. આ ઘટના લોકશાહી પ્રત્યે સમર્પણ, સંકલ્પને મજબૂત કરવાની શીખ આપે છે. 50-52

**સમાચાર સાર** | 4-5

**તેઓ દોડતા નહોતા, ઉડતા હતા**
સ્વતંત્ર ભારતના પ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર મિલ્ખા સિંહની કહાની | 6

**8મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ**
વિશ્વને ભારતનાં વરદાન યોગને આગળ વધારવાનો સંકલ્પ | 7-10

**યોગ દ્વારા વેલનેસમાં વિશ્વનું નેતૃત્વ કરી રહેલું ભારત**
આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલનો વિશેષ લેખ | 11-12

**સાથ અને વિશ્વાસથી સભર એક પ્રયાસ**
પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન દ્વારા બાળકોનું સંરક્ષણ | 13-14

**કોવિડ સામેની લડાઈમાં ભારતની મજબૂત 'આશા'**
ડબલ્યુએચઓએ 10 લાખ આશા કાર્યકર્તાઓનું સન્માન કર્યું | 15

**ટેકનોલોજી સાથે વિકાસની સંભાવનાઓનાં નવા દ્વાર**
5જી, ડ્રોન સેક્ટરમાં આત્મનિર્ભરતા તરફ આગેકૂચ | 32-34

**રાષ્ટ્રીય જૈવ-ઇંધણ નીતિમાં સુધારો**
કેબિનેટની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો | 35

**100 ટકા લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવાનો લક્ષ્ય**
સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ દ્વારા વિકાસની યાત્રા | 36-39

**'સહકાર સે સમૃધ્ધિ' સાથે ગરીબ કલ્યાણનું લક્ષ્ય**
હવે સહકારિતા દ્વારા આગળ વધશે દેશ | 40-41

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર આંકડા નથી, દેશનાં વિકાસનો આધાર છે**
તામિલનાડુને વડાપ્રધાન મોદીએ આપેલી ભેટ | 42-43

**રમતગમતના મંચ પર ભારતનો ડંકો**
ડેફ ઓલિમ્પિક, થોમસ કપ વિજેતા સાથે પીએમનો સંવાદ | 44-45

**સસ્તી લોન દ્વારા સ્વાભિમાનથી વેપાર ધંધો કરો..**
ફ્લેગશિપ સ્કીમમાં આ અંકમાં પીએમ સ્વનિધિ યોજના અંગે | 46-48

**ભારત આજે વિશ્વની 'નવી આશા'**
શ્રી સ્વામીનારાયણ મંદિરનાં કાર્યક્રમમાં વડાપ્રધાનનું સંબોધન | 49

**પ્રકાશક અને મુદ્રકઃ** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

**સાદર નમસ્કાર**

**વસુધૈવ કુટુમ્બકમ**

એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર. આ વિચાર સાથે ભારત સરકારે વિદેશ નીતિને વિશેષ મહત્વ આપ્યું છે. પરંપરાગત સંબંધોમાં નવા પ્રાણ ફૂંકવા, વ્યૂહાત્મક સંબંધોનું પુનઃસ્થાપન અને વિદેશમાં રહેતા ભારતીયો તથા ભારતીય મૂળના લોકો સુધી પહોંચવા માટે ભારત સતત પ્રયત્નશીલ છે.

દેશ-દુનિયામાં ભારતનું માન અને સન્માન વધ્યું છે અને તેના બ્રાન્ડ એમ્બેસેડેર નરેન્દ્ર મોદી છે, જેમણે પોતાની વિદેશ મુલાકાતોમાં રાષ્ટ્રનીતિની સાથે સાથે 'ભારત પ્રથમ'નાં વિચારને પ્રાથમિકતા આપી છે.

દેશ-દુનિયામાં ભારતનું માન-સન્માન વધ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેના બ્રાન્ડ એમ્બેસેડર રહ્યા છે, જેમણે પોતાની વિદેશ મુલાકાતો દરમિયાન રાષ્ટ્રનીતિ સાથે 'ભારત પ્રથમ'નાં અભિગમને પ્રાથમિકતા આપી છે. વિશ્વનાં તમામ દેશો સાથે સંબંધોને મજબૂત કરવાની દિશામાં પગલાં ભરવાની સાથે સાથે ભારતે વિશ્વમાં વસેલા ભારતીયોને ભારતની માટી સાથે જોડવા માટે પણ અભૂતપુર્વ પ્રયત્ન કર્યા છે. આજે વિશ્વમાં વસેલા ભારતીયોને આ મહાન દેશનાં નાગરિક હોવા પર ગૌરવની અનુભૂતિ થઈ રહી છે તો તેમાં વડાપ્રધાનનું 'કમ્યુનિટી કનેક્ટ' મહત્વપૂર્ણ પગલું છે. મેડિસન સ્કવેરથી હાઉડી મોડી, ઓસ્ટ્રેલિયા, જર્મની-ડેન્માર્ક અને તાજેતરમાં જાપાન પ્રવાસમાં ભારતીય સમુદાયનાં લોકો સાથે સીધા સંવાદે ભારતવંશીઓને પોતાનાં મૂળિયાં સાથે ફરીથી જોડાવવા માટે નવી તકો અને ગૌરવ અપાવ્યાં છે. આજે દુનિયા ભારતનાં વિકાસનાં સંકલ્પોને પોતાનાં લક્ષ્યોની પ્રાપ્તિનું માધ્યમ માને છે. વૈશ્વિક શાંતિ હોય કે વૈશ્વિક પડકારો સાથે સંકળાયેલા ઉકેલો, વિશ્વ ભારત તરફ આશાભરી નજરે જોઈ રહ્યું છે, જે આ અંકની કવરસ્ટોરી છે.

અંત્યોદયની ભાવના સાથે છેવાડાના માણસ સુધી સરકારની યોજનાના લાભ પહોંચાડવાની તત્પરતા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત, તામિલનાડુ અને હિમાચલ પ્રદેશનાં કાર્યક્રમોને આ અંકમાં સમાવવામાં આવ્યા છે. ભવિષ્યનાં ભારતનો પાયો નાખનાર 5જી અને ડ્રોન ઉત્પાદન ટેકનોલોજી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન અને આ દિશામાં કેન્દ્ર સરકારનાં પ્રયાસ પણ તમને આ અંકમાં વાંચવા મળશે. આ ઉપરાંત, કોવિડ કાળની મુશ્કેલીમાં પોતાનાં માબાપને ગુમાવનાર બાળકોનાં ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની દિશામાં 'પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન' યોજના કઈ રીતે પ્રદાન આપી રહી છે, તે પણ આ અંકમાં વાંચવા મળશે.

આપ સૌ જાણો છો કે ભારતની સભ્યતા અને સંસ્કૃતિમાં યોગનું અત્યંત મહત્વપૂર્ણ સ્થાન છે. આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે 2014થી અત્યાર સુધીની યોગ યાત્રા પણ આ અંકમાં સમાવિષ્ટ છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે કેન્દ્રીય આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલનો વિશેષ લેખ પણ આ અંકમાં સમાવવામાં આવ્યો છે.

**તમારા સૂચનો અમને મોકલતા રહો.**

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ




## જિલ્લા દીઠ 75 તળાવોનાં નિર્માણ અંગે સાંભળીને આશા જાગી

હું એક સામાન્ય વ્યક્તિ છું, અને ગામમાં રહું છું. મને સુંદર બગીચા, જળ સંરક્ષણ અને સરોવર બનાવવાનો 20 વર્ષનો અનુભવ છે. ગામડાંમાં પૂર્વજો દ્વારા બનાવવામાં આવેલા સુંદર તળાવોનો વિવિધ કારણોસર થયેલો વિનાશ જોઈને દુઃખ થાય છે. વડાપ્રધાન દ્વારા જિલ્લા દીઠ 75 તળાવોનું નિર્માણ અને જળ સંરક્ષણ યોજના અંગે સાંભળીને ઘણી આશા જાગી છે. હવે હું તળાવોનાં ગંદા પાણીને સ્વચ્છ કરવા અને ગટરના ગંદા પાણીની સફાઈ અને વરસાદી પાણીના સંચયનાં મારા અનુભવોને દરેક ગામની જરૂરિયાત પ્રમાણે વહેંચી શકીશ.

**agopal.g@gmail.com**

## પરીક્ષાઓની તૈયારીમાં મદદરૂપ સાબિત થાય છે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'

ન્યૂ ઈન્ડિયા સમાચારમાં આપવામાં આવેલી માહિતી પરીક્ષાની તૈયારી કરવામાં ઘણી મદદરૂપ સાબિત થઈ રહી છે. તેમાં વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરનારા વિદ્યાર્થીઓ માટે સારી વાંચન સામગ્રી હોય છે. મોદી સરકારનાં આઠ વર્ષ પૂરા થયા તે પ્રસંગે પ્રસિધ્ધ અંકે અમારી માહિતીને અપડેટ કરી.

**રિમ્પી સિંહ**
**rimpeesingh05@gmail.com**

## મેગેઝીનમાં રોચક અને સાચા સમાચાર હોય છે

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 16-31 મેનો અંક મળ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આઠ વર્ષનાં સમયગાળાનાં કાર્યો અંગે આપવામાં આવેલી માહિતી રોચક અને સત્ય છે. ખેડૂતોની આવક વધારવા અને મહિલા સશક્તિકરણ પર લખવામાં આવેલો લેખ પણ સરસ છે. આ ઉપરાંત, રાજા રામમોહન રાય અંગે આપવામાં આવેલી માહિતી પણ સરસ હતી.

**અભય ચૌધરી**
**abhaychaudhary.clinic@gmail.com**

## દેવી અહિલ્યાબાઈ હોળકર અંગે મળી નવી માહિતી

ન્યૂ ઈન્ડિયા સમાચારનો નવો અંક મળ્યો. દેવી અહિલ્યાબાઈ હોળકર પરનો લેખ રોચક લાગ્યો અને તેમનાં વિષે નવી માહિતી મળી. અમૃત મહોત્સવમાં પત્રકારત્વ સાથે જોડાયેલા લોકો અંગે આપવામાં આવેલી માહિતી સરસ હતી. આ ઉપરાંત, કવર સ્ટોરીનું પ્રસ્તુતિકરણ પણ સરસ હતું.

**સુરભિ સિન્હા**
**snehasurabhi5@gmail.com**

## ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનમાં મહત્વપૂર્ણ માહિતી

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીનનો 21મો અંક મળ્યો. અંક ખૂબ સરસ છે. તમે તમારા સંપાદકીયમાં શિક્ષણ સંબંધિત વિષય પર પ્રકાશ પાડ્યો છે. તો સરકારની નવી યોજનાઓ અંગે અને વિદેશો સાથે સંકળાયેલા સંબંધો અંગે મહત્વપૂર્ણ માહિતી આપી છે. આ ઉપરાંત, આઝાદીના અમૃત મહોત્સવમાં ગેરિલા યુધ્ધના મહાનાયક તાત્યા ટોપે ઉપરાંત ઉષા દેવી, નીલાંબર પીતાંબર, પિયાલી બરુઆ જેવા ગુમનામ વીરો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. મેગેઝીનના પ્રારંભમાં ડોક્ટર વામન કાણેના જીવન પરનાં લેખમાં અત્યંત મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. સુંદર મેગેઝીન માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**મુકેશકુમાર ઋષિવર્મા**
**mukesh123idea@gmail.com**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ: રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઈમેલઃ response-nis@pib.gov.in**

# સમાચાર સાર




## એરપોર્ટ પર ગ્રામીણ મહિલાઓ દ્વારા નિર્મિત ચીજવસ્તુઓનું વેચાણ થશે

કેન્દ્ર સરકાર દ્વારા દેશવાસીઓની આવકમાં વધારા માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. દેશમાં ગ્રામીણ મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સ્વ સહાય જૂથ દ્વારા રોજગારી વધારવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે, અને હવે તેમણે બનાવેલી ચીજ વસ્તુઓ વેચવા માટે બજાર પૂરું પાડવામાં આવશે. આ અંતર્ગત, કેન્દ્ર સરકારે ગ્રામીણ વિસ્તારોનાં કારીગરો અને મહિલાઓને મોટી ભેટ આપી છે. રાષ્ટ્રીય આજીવિકા મિશનના સ્વ સહાય જૂથ સાથે જોડાઈને ગામડાંની મહિલાઓ દ્વારા ઘરમાં બનાવવામાં આવેલી ચીજોને રાષ્ટ્રીય ઓળખ આપવા માટે સરકારે મોટી પહેલ કરી છે. આ માટે સરકારે ‘અવસર’ યોજના શરૂ કરી છે. આ અંતર્ગત દેશનાં એરપોર્ટ પર ગ્રામીણ મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી ચીજોનાં રિટેલ આઉટલેટ શરૂ કરવામાં આવશે. આનાથી વૈશ્વિક સ્તરે ગ્રામીણ ચીજોનું બ્રાન્ડિંગ અને વેચાણ થઈ શકશે. આ સ્ટોરમાં પેકેજ્ડ પાપડ, અથાણા, વાંસમાંથી બનેલી લેડિઝ બેગ, બોટલ, કળાકૃતિ, પરંપરાગત શિલ્પ, ગામઠી ભરતકામના કપડાં વેચવામાં આવશે. અભિયાનના પ્રથમ તબક્કામાં ચેન્નાઇ એરપોર્ટ પર દેશનું પ્રથમ આઉટલેટ શરૂ થઈ ગયું છે. અગરતલા, દહેરાદૂન, કુશીનગર, ઉદયપુર, અમૃતસર, રાંચી, ઇન્દોર, સુરત, મદુરાઈ, ભોપાલ અને બેલગાવી એરપોર્ટ પર કામ ચાલી રહ્યું છે.

## ‘જનતાના પદ્મ’ પુરસ્કારો માટે અરજી કરવા 15 સપ્ટેમ્બર અંતિમ તારીખ

એક સમયે ભદ્ર વર્ગ પૂરતાં સીમિત થયેલા પદ્મ પુરસ્કારો વર્ષ 2014 પછી કઈ રીતે સામાન્ય માણસના પુરસ્કારમાં બદલાઈ ગયા છે તે આપણે જોયું છે. રાષ્ટ્રપતિ ભવનની રેડ કાર્પેટ પર પદ્મ પુરસ્કાર લેતા અસાધારણ કાર્ય કરનારા સાધારણ નાગરિકોની તસવીરોની ચર્ચા થઈ છે, કારણ કે દેશનું સુકાન સંભાળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પદ્મ પુરસ્કારોની અરજી પ્રક્રિયા બદલી નાખી છે. હવે કોઈ પણ વ્યક્તિ પોતાને અથવા બીજા કોઇને આ પુરસ્કાર માટે ઉમેદવારી નોંધાવી શકે છે. હવે પછીના પદ્મ પુરસ્કારોની જાહેરાત આગામી પ્રજાસત્તાક દિવસનાં રોજ કરવામાં આવશે. આ માટેની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે અને આ માટેનાં આવેદનપત્ર 15 સપ્ટેમ્બર, 2022 સુધી રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ https://awards.gov.in પર ભરી શકાશે.

### પ્રગતિની બેઠકમાં વડાપ્રધાન મોદીએ આપ્યો નિર્દેશ

# 14 રાજ્યોમાં આશરે 60,000 કરોડ રૂપિયાનાં 8 પ્રોજેક્ટ્સની સમીક્ષા

2014માં દેશનું વડપણ સંભાળ્યા બાદ વડાપ્રધાન મોદીની અનોખી પહેલથી દેશનાં વિવિધ રાજ્યોમાં કરોડો રૂપિયાનાં પેન્ડિંગ પ્રોજેક્ટ્સ એક પછી એક પૂરા થઈ રહ્યા છે. પ્રો એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લિમેન્ટેશન (PRAGATI) પ્લેટફોર્મને કારણે આ ક્રાંતિકારી પરિવર્તન શક્ય બન્યું છે.



વિકાસ પ્રોજેક્ટ્સનું નિયંત્રણ ખુદ વડાપ્રધાન આ પ્લેટફોર્મ પર કરે છે. 25 મેનાં રોજ વડાપ્રધાન મોદીએ 'પ્રગતિ'ની 40મી બેઠકમાં 14 રાજ્યોમાં રૂ. 59,900 કરોડનાં ખર્ચે બની રહેલા આઠ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી. સમીક્ષા દરમિયાન વડાપ્રધાન મોદીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રમાં કામ કરી રહેલી એજન્સીઓ વચ્ચે સંકલન પર ભાર મૂક્યો. ઉલ્લેખનીય છે કે 'પ્રગતિ'ની બેઠકની 39 આવૃત્તિમાં વડાપ્રધાન 14.82 લાખ કરોડ રૂપિયાનાં 311 પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી ચૂક્યા છે.

### વર્ષ 2020માં માર્ગ અકસ્માતોમાં ઘટાડો

# અકસ્માતોમાં 18.46% અને મૃતકોની સંખ્યામાં 12% થી વધુ ઘટાડો

કેન્દ્ર સરકારે 2025 સુધીમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં 50 ટકા સુધીનો ઘટાડો કરવાનો લક્ષ્ય હાંસલ કરવા માટે મોટર વ્હિકલ એક્ટમાં સુધારા સહિતનાં અનેક પગલાં લીધાં છે. સરકારે અકસ્માતમાં ઈજાગ્રસ્તોની સારવાર માટેની પણ વ્યવસ્થા કરી છે. આ પગલાંના પરિણામ હવે સામે આવ્યાં છે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયની ટ્રાન્સપોર્ટ રિસર્ચ વિંગ દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલ 'રોડ એક્સિડન્ટ્સ ઈન ઈન્ડિયા-2020' પ્રમાણે 2019ની સરખામણીમાં 2020માં માર્ગ અકસ્માતોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. એક વર્ષમાં અકસ્માતોમાં સરેરાશ 18.46 ટકા ઘટાડો થયો છે, તો અકસ્માતમાં જીવ ગુમાવનાર લોકોની સંખ્યામાં 12.84 ટકાનો ઘટાડો થયો છે. આ જ રીતે, ઈજાગ્રસ્તોની સંખ્યામાં પણ 22.84 ટકાનો ઘટાડો થયો છે. વર્ષ 2020 દરમિયાન રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ 3,66,138 માર્ગ અકસ્માતો નોંધાયા હતા.



## આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટની નવી મોબાઇલ એપ લૉંચ, હવે ફોન પર પણ ડેટા જોઈ શકાશે

નેશનલ હેલ્થ મિશને તેની આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન યોજના અંતર્ગત 'આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ' મોબાઈલ એપનું નવું વર્ઝન લોંચ કર્યું છે. નવેસરથી ડિઝાઈન કરવામાં આવેલા ABHA એપમાં યુઝર ઈન્ટરફેસ અને વધારાના ફીચર્સ સામેલ કરવામાં આવ્યા છે, જેને લીધે યુઝર્સ પોતાનાં આરોગ્યનાં રેકોર્ડને ગમે ત્યારે અને ગમે ત્યાં જોઈ શકે છે. એપનાં આ નવા વર્ઝન દ્વારા નાગરિક પોતાનાં હેલ્થ રેકોર્ડને લાંબા સમય સુધી સાચવી રાખશે. આ ઉપરાંત, આરોગ્ય સાથે સંબંધિત ડેટા બીજા કોઈની સાથે પણ શેર કરી શકશે. એપનાં વર્તમાન યુઝર્સ પણ અગાઉનાં વર્ઝનને લેટેસ્ટ વર્ઝનમાં અપડેટ કરાવી શકે છે.

## ઇ-શ્રમ પોર્ટલ પર રજીસ્ટર્ડ શ્રમિકોમાં સૌથી વધુ કૃષિ ક્ષેત્રનાં

દેશમાં અસંગઠિત ક્ષેત્રનાં શ્રમિકોનું રજીસ્ટ્રેશન કરીને તેમને કેન્દ્ર સરકારની સામાજિક યોજનાઓનો લાભ આપવાના હેતુથી શરૂ કરવામાં આવેલાં ઇ-શ્રમ પોર્ટલ પર 27 કરોડથી વધુ લોકો રજીસ્ટર થઈ ચૂક્યા છે. આ રજીસ્ટર્ડ શ્રમિકોમાં સૌથી વધુ સંખ્યા કૃષિ સાથે સંકળાયેલા શ્રમિકોની છે. કુલ રજીસ્ટ્રેશનમાં તેનો હિસ્સો 52 ટકા છે. બીજા નંબરે સ્થાનિક અને ત્રીજા ક્રમે બાંધકામ ક્ષેત્ર છે. રજીસ્ટ્રેશન બાદ શ્રમિકને બે લાખ રૂપિયાનો વીમો મળે છે. આ રજીસ્ટ્રેશન નિઃશુલ્ક છે. વેબસાઈટ https://register. eshram.gov.in/#/user/self પર રજીસ્ટ્રેશન કરી શકાય છે.●



## ફ્લાઇંગ શીખ મિલ્ખાસિંહ

# તેઓ દોડતા નહોતા, ઉડતા હતા

**ભારત-પાકિસ્તાનના ભાગલા સમયની વાત છે. ચોમેર અરાજકતાનો માહોલ હતો. એક કિશોરની આંખો સામે તેનાં માબાપની હત્યા કરી દેવામાં આવી. કિશોર ગમે તેમ જીવ બચાવીને ટ્રેનની બર્થ નીચે સંતાઈને ભારત પહોંચ્યો. પેટ ભરવા માટે તેણે 'પુરાની' દિલ્હી રેલવે સ્ટેશન સામે એંઠા વાસણો સાફ કર્યા. ટ્રેનમાં ટિકિટ વગર મુસાફરી કરવા બદલ જેલમાં પણ ગયો અને માત્ર એક ગ્લાસ દૂધ મળે તે માટે લશ્કરની દોડમાં ભાગ લીધો...આ ભારતના એવા વ્યક્તિત્વની સંઘર્ષ ગાથા છે જેને સમગ્ર વિશ્વ 'ફ્લાઇંગ શીખ'નાં નામે ઓળખે છે. વિટંબણા એ કહેવાય કે આ ઉપનામ એ જ પાકિસ્તાનના રાષ્ટ્રપતિએ આપ્યું જ્યાંથી તેને નિઃસહાય સ્થિતિમાં ભાગવું પડ્યું હતું...**

**જન્મ: 20 નવેમ્બર, 1929  મૃત્યુ: 18 જૂન, 2021**

મિલ્ખાસિંહ સ્વતંત્ર ભારતના પ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર હતા, જેમણે પોતાની ઝડપ અને આગળ વધવાના વિશ્વાસ સાથે આશરે એક દાયકાથી વધુ સમય સુધી ભારતીય ટ્રેક એન્ડ ફીલ્ડ પર રાજ કર્યું. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન અનેક રેકોર્ડ્સ બનાવ્યા. 1956માં મેલબોર્ન, 1960માં રોમ અને 1964માં આયોજિત ટોક્યો ઓલિમ્પિકમાં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. 20 નવેમ્બર, 1929નાં રોજ ગોવિંદપુરા (હાલમાં પાકિસ્તાનમાં)માં એક શીખ પરિવારમાં જન્મેલા મિલ્ખાસિંહ ભાગલા સમયે ભારત આવ્યા અને લશ્કરમાં ભર્તી થયા તે સમયે જ દોડથી પરિચિત થયા હતા.

લશ્કરમાં હતા ત્યારે તેમણે દોડમાં નિપુણતાને ધાર આપી. 400 સૈનિકો સાથે ક્રોસ કન્ટ્રી રેસમાં તેમણે છઠ્ઠું સ્થાન મેળવ્યું. આ સુંદર દેખાવ બાદ તેમની પસંદગી વધુ તાલીમ માટે થઈ. આ તેમના સ્પોર્ટ્સ જીવનની શરૂઆત હતી. 1956માં મેલબોર્નમાં આયોજિત ઓલિમ્પિકમાં ખાસ અનુભવના અભાવે તેઓ ખાસ દેખાવ ન કરી શક્યા. પણ. મેલબોર્નથી પાછા આવ્યા ત્યારે આત્મવિશ્વાસથી સભર હતા. તેમણે ખુદને 'રનિંગ મશીન' બનાવી દીધા. ભારે મહેનતનું ફળ મળ્યું 1958ના કાર્ડિફ કોમનવેલ્થ ગેમ્સમાં. ટ્રેક એન્ડ ફીલ્ડમાં વ્યક્તિગત સુવર્ણચંદ્રક તેમનાં નામે થયો. આ રેકોર્ડ 56 વર્ષ સુધી અકબંધ રહ્યો અને પછી 2014માં ડિસ્કસ થ્રોઅર વિકાસ ગૌડાએ આ ઉપલબ્ધિ પોતાનાં નામે કરી. 1960માં મિલ્ખાસિંહને પાકિસ્તાનમાં ભારત-પાકિસ્તાન એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાગ લેવાનું આમંત્રણ મળ્યું. ટોક્યો એશિયન ગેઇમ્સમાં તેમણે પાક.ના સર્વશ્રેષ્ઠ દોડવીર અબ્દુલ ખાલિકને 200 મીટરની દોડમાં હરાવ્યા હતા. મિલ્ખાસિંહેપહેલાં તો પાકિસ્તાન જવાનો ઇનકાર કરી દીધો કારણ કે ભાગલા સમયની દુઃખદ યાદો તેઓ ભૂલી શકતાં નહોતા. પણ વડાપ્રધાન નહેરુના આગ્રહથી તેઓ પાકિસ્તાન ગયા. અહીં ફરીથી તેમણે ખાલિકને હરાવ્યો. મિલ્ખાસિંહને ચંદ્રક આપતા સમયે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ફીલ્ડ માર્શલ અયુબ ખાંએ કહ્યું, "મિલ્ખા, આજે તુ દોડ્યો નથી, ઉડ્યો છું. હું તને ફ્લાઇંગ શીખનો ખિતાબ આપું છું." 1960ના રોમ ઓલિમ્પિકમાં 400 મીટર દોડમાં મિલ્ખાસિંહને ઓલિમ્પિકના સૌથી મોટા દાવેદાર માનવામાં આવતા હતા. મિલ્ખાસિંહ 45.73 સેકન્ડમાં દોડ પૂરી કરીને ચોથા ક્રમે આવ્યા. આ નેશનલ રેકોર્ડ પણ 40 વર્ષ સુધી કોઈ તોડી ન શક્યું.

ટોક્યો 1964 મિલ્ખાસિંહની અંતિમ ઓલિમ્પિક હતી. તેમણે નિવૃત્તિ લેતાં પહેલાં 4x400 મીટર રીલે રેસમાં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું. વર્ષો બાદ, મિલ્ખાસિંહે જુલાઇ 2013માં પ્રકાશિત આત્મકથા 'ધ રેસ ઓફ માય લાઇફ'માં પોતાની સુવર્ણ કારકિર્દીને વાગોળી હતી. તેમનાં જીવન પર આધારિત બાયોપિક 'ભાગ મિલ્ખા ભાગ' પણ ખૂબ સફળ રહી. કોવિડને કારણે 18 જૂન, 2021નાં રોજ આ મહાન દોડવીરનું અવસાન થયું. તેમનું અવસાન થયું ત્યારે ટોક્યો ઓલિમ્પિક શરૂ થવાનો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મનકી બાત' કાર્યક્રમમાં મિલ્ખાસિંહને યાદ કરતા કહ્યું હતું, "જ્યારે મિલ્ખાસિંહ હોસ્પિટલમાં હતા ત્યારે મને તેમની સાથે વાત કરવાની તક મળી હતી. મેં તેમને આગ્રહ કર્યો હતો કે જ્યારે આપણા ખેલાડીઓ ઓલિમ્પિક્સ માટે ટોક્યો જઈ રહ્યા હતા ત્યારે તમારે આપણા એથ્લીટોનું મનોબળ વધારવાનું છે અને તેમને તમારા સંદેશથી પ્રેરિત કરવાના છે. તેઓ સ્પોર્ટ્સ અંગે એટલા ભાવુક હતા કે તેમણે બીમારીમાં પણ તેનાં માટે હા પાડી હતી."

ઓલિમ્પિક્સ એથ્લેટિક્સમાં મેડલ ન જીતવાનો અફસોસ તેમને આજીવન રહ્યો. 11 ઓગસ્ટ, 2021નાં રોજ નીરજ ચોપડાએ ભાલા ફેંકમાં સુવર્ણ ચંદ્રક મેળવીને તેમની આ ઇચ્છા પૂરી કરી. ●

# ૪મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

# માનવતાને ભારતનું વરદાન

**ગીતામાં કહ્યું છે-**

તં વિદ્યાદ્ દુઃખ સંયોગ, વિયોગં યોગસંજ્ઞિતમ્

**એટલે કે દુઃખોથી વિયોગને જ યોગ કહે છે. યોગની શરૂઆત ભારતમાં થઈ હતી. આ એવી ટેકનિક છે, જેને કોઈ પણ વ્યક્તિ મફતમાં અપનાવી શકે છે. ભારતીય ધર્મ અને ફિલોસોફીમાં યોગનું ઘણું મહત્વ છે. 2014થી યોગ એક સેતુ બનીને ઊભર્યો છે, જેણે સમગ્ર વિશ્વને ભારતીય ફિલોસોફીથી પરિચિત કરાવવાનું કામ કર્યું એટલું જ નહીં પણ આજે સમગ્ર વિશ્વમાં યોગને ભારતની વિલક્ષણ શક્તિ અને સોફ્ટ પાવર તરીકે જોવામાં આવે છે. ભારતે સમગ્ર વિશ્વની જનતાનાં આરોગ્ય માટે આપેલું આ વરદાન છે. આ 21 જૂનનાં રોજ 70થી વધુ દેશ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવશે ત્યારે આવો માનવતાના આ વરદાનને આગળ ધપાવવા માટેનો સંકલ્પ લઈએ...**



ભારતે પોતાના સોફ્ટ પાવર યોગથી માત્ર દેશનાં જ નહીં પણ વિશ્વનાં નાગરિકોનાં કલ્યાણની ભાવનાથી વિશ્વને પરિચિત કરાવ્યું છે. એટલાં માટે જ ભારત મૂકેલા પ્રસ્તાવને વિક્રમ સૌથી ઓછાં સમયમાં વિશ્વના સૌથી વધુ દેશોએ મંજૂરી આપતાં સંયુક્ત રાષ્ટ્રએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવા મંજૂરી આપી. આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની વધતી તાકાત અને તેની સંસ્કૃતિનાં સન્માનનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે.

પહેલાં પણ યોગ વિશ્વમાં લોકપ્રિય હતું, પણ જ્યારથી સંયુક્ત રાષ્ટ્રએ માન્યતા આપી છે ત્યારથી તે જન આંદોલનમાં પરિવર્તિત થઈ ગયું છે અને હવે તો ઘર-ઘરમાં યોગનો પ્રવેશ

# 2022ની થીમ-માનવતા માટે યોગ



**2015**

### થીમ- સદભાવ-શાંતિ માટે યોગ

નવી દિલ્હીમાં રાજપથ પર મુખ્ય કાર્યક્રમ યોજાયો. 84 દેશોનાં નાગરિકોએ ભાગ લીધો. બે વર્લ્ડ રેકોર્ડ થયા



**2016**

### થીમ- યુવાનોને જોડો

ચંદીગઢમાં યોગ દિવસનું આયોજન થયું., જેમાં 30,000 લોકો સાથે 150 દિવ્યાંગોએ પણ ભાગ લીધો.



**2017**

### થીમ- આરોગ્ય માટે યોગ

લખનૌમાં 51,000 લોકોએ ભાગ લીધો. પીએમ મોદીએ જીવનશૈલીમાં યોગના મહત્વ પર ચર્ચા કરી.



**2018**

### થીમ-શાંતિ માટે યોગ

દહેરાદૂનમાં 50,000 લોકો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ઉજવણી કરવામાં આવી.

## પીએમ મોદીના 8 સૂત્રો દ્વારા સમજો યોગની તાકાત

**01** યોગ અંગ-ઉપાંગોની કસરત માત્ર નથી. નહીંતર સર્કસમાં કામ કરનારા બાળકો યોગી કહેવાત. જે રીતે સંગીત સમારોહ શરૂ થતાં પહેલાં થોડી મિનિટ માટે વાજિંત્રોને સેટ કરવામાં આવે છે અને પછી તેમાંથી સુરીલુ સંગીત નીકળે છે. એ જ રીતે, આસનમાં પણ સમગ્ર યોગની સ્થિતિમાં પણ તેવું છે. બાકી તો આ યાત્રા ઘણી લાંબી હોય છે અને એટલાં માટે તેને જાણવી અને ઓળખવી જરૂરી છે.

**02** તમામ સંપ્રદાયો, ધર્મ, પૂજા પાઠ એ વાત પર ભાર મૂકે છે કે મૃત્યુ બાદ પરલોકમાં જઇશું ત્યારે તમને શું મળશે. યોગ પરલોક માટે નથી. મૃત્યુ પછી શું મળશે તેનો રસ્તો યોગ નથી બતાવતું. એટલે આ ધાર્મિક કર્મકાંડ નથી. આ લોકમાં શાંતિ કઈ રીતે મળશે, આરોગ્ય કઈ રીતે સારું રહેશે, સમાજમાં એકસૂત્રતા કઈ રીતે જળવાઈ રહેશે તેની તાકાત યોગ આપે છે. આ પરલોકનું વિજ્ઞાન નથી, આ આ જ લોકનું વિજ્ઞાન છે.

**03** મીઠું સૌથી સસ્તું હોય છે, બધે ઉપલબ્ધ હોય છે. પણ ભોજનની અંદર મીઠું ન હોય તો માત્ર સ્વાદ જ નથી બગડતો પણ શરીરની તમામ અંતરરચનાને નુકસાન થાય છે. મીઠું થોડું જ હોય છે પણ શરીરની રચનામાં તેની જરૂરિયાતને કોઇ નકારી શકે તેમ નથી. જેમ જીવનમાં મીઠાનું સ્થાન છે તેવું જ સ્થાન યોગનું હોવું જોઇએ. ચોવીસે કલાક યોગ કરવાની જરૂર નથી.

**04** આપણાં મહાન વારસા પર જો આપણે ગર્વ કરીશું તો વિશ્વ પણ તેનાં પર ગર્વ કરતાં ખચકાશે નહીં. આપણે આપણા દેશની ધરોહરને પ્રોત્સાહન આપીશું અને વિશ્વમાં તેનો પ્રચાર કરીશું તો વિશ્વ પણ તેનું મહત્વ સમજશે. યોગનું પણ એવું જ છે.

થઈ ગયો છે. આજે વિશ્વમાં ભાગ્યે જ કોઇ દેશ હશે જ્યાં યોગ અંગેનો કાર્યક્રમ થતો ન હોય, યોગ પ્રત્યે આકર્ષણ ન હોય કે જાગૃતિ ન વધી હોય. જો સમગ્ર વિશ્વમાં યોગના આંકડા એકત્ર કરવામાં આવે તો અદભૂત આંકડો સામે આવશે. યોગે વિશ્વને 'ઇલનેસથી વેલનેસ'નો માર્ગ દર્શાવ્યો છે.

આપણા ઋષિ-મુનીઓએ યોગ માટે 'સમત્વમ યોગ ઉચ્યતે'ની વ્યાખ્યા આપી હતી. તેમણે સુખ-દુઃખમાં સમાન રહીને સંયમ જાળવીને યોગને માપદંડ બનાવ્યો હતો. વૈશ્વિક મહામારી દરમિયાન સમગ્ર વિશ્વને યોગનું મહત્વ સમજાયું. વિશ્વ આરોગ્ય સંગઠને ભારત સાથે મળીને મોબાઇલ યોગનો








**થીમ- પર્યાવરણ માટે યોગ**
21 જૂન, 2019નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાંચીમાં લોકો સાથે યોગ દિવસ મનાવ્યો.

**થીમ- ઘરે યોગ, પરિવાર સાથે યોગ**
21 જૂન, 2020નાં રોજ કોવિડની વૈશ્વિક આપત્તિને કારણે વર્ચ્યુઅલ આયોજન કરવામાં આવ્યું.

**થીમ- 'યોગ ફોર વેલનેસ' એટલે તંદુરસ્તી**
કોવિડની વૈશ્વિક આપત્તિને કારણે વર્ચ્યુઅલ આયોજન કરવામાં આવ્યું. ઓનલાઇન કાર્યક્રમમાં લોકોએ ઘરમાં જ યોગ કર્યા.

**05** થાકેલા શરીર, તૂટેલા મનથી તમે કોઈ કામ કરી શકતા નથી અને લક્ષ્ય હાંસલ થઈ શકતો નથી. જ્યારે આપણે ઉત્તમ આરોગ્યની વાત કરીએ છીએ ત્યારે ચાર બાબતો- પીવાનું શુધ્ધ પાણી, પોષક આહાર, પર્યાવરણ સ્વચ્છતા અને મહેનત- જીવનનો હિસ્સો હોય તો ઉત્તમ આરોગ્ય માટે આ ચાર બાબતો સારાં પરિણામ આપે છે.

**06** બાળકો હોય કે યુવાન કે પછી વડીલો. જ્યારે પરિવારનાં તમામ સભ્યો એક સાથે યોગનાં માધ્યમથી જોડાય છે ત્યારે સમગ્ર ઘરમાં એક ઊર્જાનો સંચાર થાય છે. એટલાં માટે જો હું બીજા શબ્દોમાં કહું તો આ ભાવનાત્મક યોગનો પણ દિવસ છે. આપણી ફેમીલી બોન્ડિંગને પણ વધારવાનો દિવસ છે.

**07** મહાન તામિલ સંત શ્રી થિરુવલ્લવરે કહ્યું છે, 'નોઇ નાડી, નોઈ મુદલ નાડી, હદુ તનિક્કુમ વાય નાડી વાયપચ્ચયલ.' એટલે કે જો કોઇ બિમાર હોય તો તેનું નિદાન કરો. તેની જડ સુધી જાવ, બિમારીનું કારણ શું છે તે શોધી કાઢો, અને પછી તેની સારવાર સુનિશ્ચિત કરો. યોગ આ જ રસ્તો દર્શાવે છે. આજે મેડિકલ સાયન્સ પણ ઉપચારની સાથે સાથે હીલિંગ પર પણ એટલો જ ભાર મૂકે છે.

**08** એક ટાઈપિસ્ટ, કમ્પ્યુટર અને સિતારવાદક પોતાની આંગળીનાં કમાલથી ભરણપોષણ કરે છે. પણ ટાઈપિસ્ટ 50 કે 60 વર્ષની ઉંમરે જાણે કે અકાળે વૃધ્ધ થઇ ગયો હોય તેમ લાગે છે, તેનાં ચહેરા પર તેજ નથી હોતું. પણ 80 વર્ષના સિતારવાદકને જોશો તો જોતાવેંત જ દિવ્યતાની અનુભૂતિ થશે.

**"કોરોના મહામારીએ આપણને બધાંને અહેસાસ કરાવ્યો છે કે આપણા જીવનમાં આરોગ્યું કેટલું મહત્વ છે અને યોગ તેનું કેટલું મોટું માધ્યમ છે. લોકો એ મહેસૂસ કરી રહ્યા છે કે યોગ દ્વારા શારીરિક, આધાત્મિક અને બૌધ્ધિક કલ્યાણને પણ કેટલું મહત્વ મળે છે. વિશ્વના ટોચના બિઝનેસમેનથી માંડીને ફિલ્મ અને સ્પોર્ટ્સ જગતની હસ્તીઓ સુધી, વિધાર્થીથી માંડીને સામાન્ય માણસ સુધી તમામ લોકો યોગને પોતાનાં જીવનનું અભિન્ન અંગ બનાવી રહ્યા છે.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેમાં સંયુક્ત રાષ્ટ્રનાં સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો અંતર્ગત 'સ્વસ્થ રહો, ગતિશીલ રહો' (BHBM)નાં કન્સેપ્ટ પરથી ભારતે 2030 સુધી યુનિવર્સલ હેલ્થ કવરેજનું લક્ષ્ય રાખ્યું છે.

દેશનાં નેતૃત્વનો પ્રયાસ છે કે લોકો યોગના માસ્ટર, યોગના એચીવર બને કે ન બને પણ યોગના અભ્યાસુ જરૂર બને. દેશ અને દુનિયા યોગને જીવનનો હિસ્સો બનાવે. કારણ કે યોગમાં શૂન્ય ખર્ચમાં આરોગ્ય વીમાની તાકત છે. યોગ આપણને 'સ્ટ્રેસમાંથી સ્ટ્રેન્થ' તરફ, નેગેટિવિટીમાંથી ક્રિએટીવિટીનો માર્ગ દર્શાવે છે. યોગ આપણને હતાશામાંથી ઉત્સાહ અને

# 75 ઐતિહાસિક સ્થળો પર પણ યોગ દિવસનું આયોજન

આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (IDY 2022)નો મુખ્ય કાર્યક્રમ 21 જૂનનાં રોજ કર્ણાટકના મૈસુરમાં યોજવામાં આવ્યો છે. આ સામૂહિક યોગ પ્રદર્શનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી યોગ કરશે. આ વખતના યોગ દિવસ પર દેશ વિદેશમાં કેટલાંક અત્યંત ઈનોવેટિવ આયોજન કરવામાં આવ્યા છે, એમાંથી એક છે ગાર્ડિયન રિંગ. આ એક અનોખો કાર્યક્રમ છે જેમાં સૂર્યની ચાલને ઉજવીશું. જેમ જેમ સુરજ તેની યાત્રા કરશે તેમ તેમ પૃથ્વીનાં અલગ અલગ ભાગોમાં આપણે યોગ દ્વારા તેનું સ્વાગત કરીશું. વિવિધ દેશોમાં ભારતીય દૂતાવાસ ત્યાંના સ્થાનિક સમય પ્રમાણે સૂર્યોદયનાં સમયે યોગ કાર્યક્રમનું આયોજન કરશે. આ કાર્યક્રમ પૂર્વથી પશ્ચિમ સુધી એક દેશથી બીજા દેશ તરફ સતત આગળ વધતો રહેશે. આ કાર્યક્રમોનું પ્રસારણ પણ એક પછી એક જોડાતું રહેશે. એટલે કે આ રિલે યોગ સ્ટ્રીમિંગ ઈવેન્ટ રહેશે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષને ધ્યાનમાં રાખીને દેશની 75 ધરોહર અને પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક સંસ્થાઓ પર સામૂહિક યોગનું પ્રદર્શન કરવામાં આવશે, જે ભારતને વૈશ્વિક સ્તર પર બ્રાન્ડિંગમાં પણ મદદ કરશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2022ને લઈને 100 દિવસ, 75 દિવસ, 50 દિવસ અને 25 દિવસનું કાઉન્ટ ડાઉનનાં પ્રારંભિક કાર્યક્રમોમાં વૈશ્વિક સ્તરે મોટાં આયોજનની તૈયારીની ઝલક દર્શાવી છે.

## કોવિડનાં સમયમાં આયુષ અને યોગે મદદ કરી

- કેન્દ્ર સરકારે સંજીવની મોબાઈલ એપ પર 1.35 કરોડ લોકો દ્વારા આયુષ અપનાવવા અંગે અને તેની અસર અંગે એક દસ્તાવેજ તૈયાર કર્યો છે. તેમાંથી, 7.24 લાખ લોકોનાં વિશ્લેષણ પરથી જાણવા મળ્યું કે 81.5 ટકા લોકોએ કોવિડ થતો અટકાવવા આયુષ ઉપાયોનો ઉપયોગ કર્યો, જેમાંથી આશરે 90 ટકા લોકો એ વાતથી સંમત હતા કે આયુષ સારવાર કરાવવાથી ફાયદો થઈ રહ્યો છે.
- સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ યોગ એન્ડ નેચરોપથીએ આરોગ્ય પર યોગની અસરની સમીક્ષા કરી છે, જેમાં એવું તારણ નીકળ્યું કે યોગ દ્વારા વ્યક્તિની જીવનશૈલી સંલગ્ન વિવિધ બિમારીઓ અટકાવવામાં મદદ મળે છે અને તેમનાં માનસિક આરોગ્યમાં સુધારો થાય છે.

## યોગ શિક્ષણ-તાલીમનાં વિસ્તરણ માટે અનેક પગલાં લેવાયા



- યોગ અને નેચરોપથીને પ્રોત્સાહન માટે નીતિવિષયક સલાહ અને ભલામણ આપવા માટે ફેબ્રુઆરી 2016માં નેશનલ બોર્ડ ફોર પ્રમોશન એન્ડ ડેવલપમેન્ટ ઓફ યોગ એન્ડ નેચરોપથી (NBPDYN)ની રચના કરવામાં આવી.
- યોગ પ્રોફેશનલ્સના સર્ટિફિકેશન અને સંસ્થાઓની માન્યતા માટે યોગ સર્ટિફિકેશન બોર્ડ (YCB)ની સ્થાપના કરવામાં આવી છે, જે યોગ શિક્ષકો અને યોગને પ્રોત્સાહન આપનારી પ્રવૃત્તિઓનો અભ્યાસક્રમ નક્કી કરે છે.
- આયુષ મંત્રાલયે વર્ષ 2021માં યોગ લોકેટર મોબાઈલ એપ્લિકેશન આવૃત્તિ નમસ્તે યોગ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી, જેમાં 5141 યોગ કેન્દ્ર અને 1625 યોગ શિક્ષકો નોંધાયેલા છે.
- દેશમાં 451 આયુર્વેદ કોલેજો છે, જેમાં 65 સરકારી, 20 સરકારી ગ્રાન્ટ ધરાવતી અને 366 ખાનગી છે. દેશમાં 69 યુનિવર્સિટી છે, કોલેજોને જોડાણ પૂરું પાડે છે. આ ઉપરાંત, જયપુર સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ આયુષ મંત્રાલયની એક્રિડિટેડ સ્વાયત્ત સંસ્થા છે. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાને અલગથી આયુષ મંત્રાલયની રચના કરી છે.

પ્રમાદમાંથી પ્રસાદ સુધી લઈ જાય છે. એટલાં માટે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળની સરકારે આયુષ અને યોગને પ્રોત્સાહન આપવા માટે નવું આયુષ મંત્રાલય બનાવ્યું એટલું જ નહીં પણ આયુષ આધારિત આહાર અને જીવનશૈલીને પ્રોત્સાહન પણ આપવામાં આવી રહ્યું છે. 'પોષિત ભારત'ના અંતિમ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સાથે મળીને કામ કરી રહ્યાં છે. ભારતમાં સદીઓથી એવી માન્યતા છે કે કેટલીક યોગિક મુદ્રાઓ અને પ્રાણાયમ અનેક રોગોને કાબૂમાં લેવામાં મદદરૂપ સાબિત થાય છે. હવે આધુનિક વિજ્ઞાન તેનાં પુરાવા આપી રહ્યું છે. વિજ્ઞાને પણ એ સ્વીકાર્યું છે કે યોગનાં માધ્યમથી હૃદય, મગજ અને અંતઃસ્ત્રાવી ગ્રંથિઓ સહિત શરીરમાં અનેક અંગોનાં કાર્યો પર નિયંત્રણ મેળવવું શક્ય છે.

"लोकाः समस्तताः सुखिनो भवन्ततु ॥" જેનો અર્થ થાય છે 'બધાનું ભલું થજો, બધાંને શાંતિ મળે. બધાંને પૂર્ણતા હાંસલ થાય. બધાંનું મંગલ થાય, બધાં લોકો સુખી થાય.' આ કામના સાથે સ્વસ્થ અને સુખી માનવતા માટે યોગ અંગેની સમજને વધુ વિકસાવવાની આપણી જવાબદારી છે. આવો, આપણી આ જવાબદારીને સમજીને આપણા પ્રયાસો વેગીલાં કરીએ.

# “યોગ દ્વારા વિશ્વમાં વેલનેસનું નેતૃત્વ કરી રહેલું ભારત”



**સર્બાનંદ સોનોવાલ**
**આયુષ મંત્રી, ભારત સરકાર**

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

### વિશ્વભરમાંથી વ્યાપક ભાગીદારી 192 દેશ પ્રત્યક્ષ રીતે સામેલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિ અને અથાક પ્રયાસોનાં પરિણામે વિશ્વ હવે ભારતને યોગ ગુરૂ તરીકે સ્વીકારવા લાગ્યું છે. વર્તમાન સમયમાં વિશ્વનાં આશરે 192 દેશ આંતરરાષ્ટ્રી યોગ દિવસને કોઇને કોઈ રીતે મનાવે છે. યોગનો પ્રભાવ હવે દેશ અને સમયની મર્યાદાઓને પાર છે. યોગનાં આ મહત્વને જોતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ- માનવતા માટે યોગ-જાહેર કરી છે. આ સાથે જ સૂર્ય ઉગવાની સાથે જ યોગનો અભ્યાસ-ગાર્ડિયન રિંગ-પણ આ વર્ષે યોગ દિવસ અંતર્ગત અલગ દેશમાં થશે અને તેનું જીવંત પ્રસારણ સમગ્ર વિશ્વમાં ડીડી ઈન્ડિયા દ્વારા કરવામાં આવશે. વિશ્વમાં ભારતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે દેશમાં સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા 75 સ્થળોએ 21 જૂનનાં રોજ યોગ અભ્યાસ કરવામાં આવશે. કેન્દ્રીય આયુષ મંત્રાલયની વિનંતીથી રાજ્યોમાં પણ કેટલાંક સ્થળો નક્કી કરવામાં આવ્યા છે, જ્યાં રાજ્ય સરકારો દ્વારા યોગ દિવસનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

યોગ હવે એવું સ્થાપિત કરવામાં સફળ રહ્યો છે કે ખુદને માત્ર રોગની સારવાર પૂરતી મર્યાદિત નથી રાખવાની. સંપૂર્ણ સ્વાસ્થ્યને હાંસલ કરવા માટે યોગ અને યોગ આધારિત દૈનિક જીવનની પોતાની ક્ષમતા છે અને આ ક્ષમતાનો ઉપયોગ કરવો એ માનવજાતની સેવા પણ છે. તેને જોતાં, આ વર્ષના યોગ દિવસની થીમ ‘માનવતા માટે યોગ’ રાખવામાં આવી છે. આ એ વાતનો પણ સંકેત છે કે એક સોફ્ટ પાવર તરીકે ભારત હવે વિશ્વનાં અન્ય દેશોને સંપૂર્ણ સ્વાસ્થ્ય અને વેલનેસ તરફ એક જન આંદોલનની ભાગીદારીનાં રૂપમાં આગળ લઈ જઈ રહ્યું છે.

વર્ષ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલથી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો. ભારતનાં આ પ્રસ્તાવને વિશ્વનાં 185 દેશોએ ટેકો આપ્યો. 21 જૂન, 2015નાં રોજ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવામાં આવ્યો. 1 ડિસેમ્બર, 2016નાં રોજ યુનેસ્કોએ યોગને માનવ વારસાની યાદીમાં સામેલ કર્યા. એ પછીથી યોગ આજે જન આંદોલન બની ગયું છે. દર વર્ષે યોગ દિવસની ભવ્ય ઉજવણીની

સાથે સાથે યોગની પહોંચ જોવા મળી રહી છે. હાલમાં 192 દેશ અને વિદેશોમાં ભારતીય મિશન અને પોસ્ટનાં માધ્યમથી 170થી વધુ દેશોમાં યોગ દિવસનું આયોજન થાય છે. ત્યાં સુધી કે કોવિડ-19નાં સમયમાં પણ યોગની અસર ઘટી નથી અને દર વર્ષે યોગનાં આયોજનમાં લોકોની સીધી અને આડકતરી ભાગીદારી વધી રહી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2021માં આશરે 15 કરોડથી વધુ લોકો સીધી અને આડકતરી રીતે જોડાયા હતા. આ વખતે એક સાથે સામૂહિક રીતે 25 કરોડ લોકોને યોગ કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. પ્રથમ યોગ દિવસે બે ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા. પ્રથમ રેકોર્ડ સૌથી વધુ સંખ્યામાં ભાગ લેનારી રાષ્ટ્રીયતાઓ (84 રાષ્ટ્ર) અને બીજો, એક જ સ્થળે અને એક જ કાર્યક્રમમાં 35,985 લોકોની ભાગીદારીનો.

આ વર્ષે આપણે આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવી રહ્યા છીએ. એવું સંપૂર્ણ વિશ્વાસ સાથે કહી શકાય કે આ વર્ષના આંતરરાષ્ટ્રીય યોગ દિવસને છેલ્લાં સાત વર્ષની સરખામણીમાં વધુ ઉત્સાહ, ભવ્યતા અને વિશ્વભરનાં દેશોની વ્યાપક ભાગીદારી સાથે નવો રેકોર્ડ સ્થાપીને મનાવવામાં આવશે. આ વખતે લગભગ 170 દેશોમાં યોગ પ્રદર્શન થશે અને તેનું આકર્ષણ ગાર્ડિયન રિંગ હશે. ગાર્ડિયન રિંગ અંતર્ગત ઉગતા સુરજના દેશ જાપાનમાં સુરજ ઉગવાની સાથે જ દુનિયાના અન્ય દેશોમાં પણ સામાન્ય યોગ પ્રોટોકોલનો અભ્યાસ થશે. સુરજ ઉગવાની સાથે વિશ્વનાં અન્ય દેશોમાં પણ લોકો આ રીતે યોગનો અભ્યાસ કરશે. ડીડી ઇન્ડિયા પર તેનું જીવંત પ્રસારણ થશે અને પૂરા 24 કલાક તેનું પ્રસારણ થશે.

આ જન આંદોલનને ગતિ આપવા માટે ભારત સરકાર કોઈ કસર છોડવા માંગતી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગના પ્રચાર અને વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે બે પુરસ્કારો (એક આંતરરરાષ્ટ્રીય અને બીજો રાષ્ટ્રીય)ની જાહેરાત કરી. યોગાસનને સ્પર્ધાત્મક રમત પણ જાહેર કરવામાં આવી છે. તેણે પ્રાચીન અભ્યાસને પ્રોત્સાહન આપ્યું છે અને યોગનાં લાભ અંગે જાગૃતિ પેદા કરી છે.

આ પ્રાચીન પરંપરાનાં આધુનિક નિષ્કર્ષો માટે સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન યોગ એન્ડ નેચરોપથી (CCRYN)એ પ્રકાશિત ઇન્ડેક્સ જર્નલ્સમાં 113 રિસર્ચ આર્ટિકલ્સ પ્રકાશિત કર્યા છે. રિસર્ચ પ્રવૃત્તિઓને જોતાં એમ કહી શકાય કે 2014માં યોગ અંગે કરવામાં આવેલી રિસર્ચ પ્રવૃત્તિઓમાં પરિવર્તન આવ્યું છે. યોગ દિવસ 2014થી પહેલાં અને 2015 બાદ કરવામાં આવેલા સરેરાશ પ્રકાશનો અને ક્લિનિકલ ટ્રાયલ્સનાં આધારે યોગ સંબંધિત ક્લિનિકલ પરીક્ષણોમાં લગભગ 6 ગણો વધારો થયો છે અને રિસર્ચમાં સરેરાશ વાર્ષિક પ્રકાશનમા લગભગ 11 ગણો વધારો થયો છે. તેનાંથી એ સાબિત થાય છે કે યોગનાં અભ્યાસ અને યોગને અપનાવવા માટે મેડિકલ પ્રોફેશનલ્સ અને યોગ નિષ્ણાતોએ મોટી સંખ્યામાં સમય આપી રહ્યા છે અને પ્રયાસ કરી રહ્યા છે.

## ભારતે મેળવેલી સફળતા

- **વિશ્વમાં યોગને સોફ્ટ પાવરની ઓળખ અપાવી**
- **યોગ પર સંશોધન અને ક્લિનિકલ ટ્રાયલમાં અનેક ગણો વધારો**

વિશ્વભરમાં યોગની વધતી લોકપ્રિયતાનો અંદાજ એ વાત પરથી આવે છે કે ભારતની પ્રથમ યોગ યુનિવર્સિટી લકુલીશ યોગ યુનિવર્સિટીમાં પ્રવેશની સંખ્યામાં ત્રણ ગણો વધારો થયો છે. 1,000થી વધુ યુનિવર્સિટી, 30,000થી વધુ કોલેજો અને સીબીએસઇ સંલગ્ન આશરે 24,000 શાળાઓમાં સામાન્ય યોગ પ્રોટોકોલને સામેલ કરવામાં આવ્યાં છે. સારા સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે બે લાખથી વધુ ગ્રામ પંચાયતોને યોગના નિયમિત અભ્યાસ અને સામાન્ય યોગ પ્રોટોકોલ અંગે સંવેદનશીલ બનાવવામાં આવી છે. 1.25 લાખ વેલનેસ સેન્ટર સંપૂર્ણ સ્વાસ્થ્ય અંગે શિક્ષણ પૂરું પાડે છે. વિદ્યાર્થીઓમાં એકતાની ભાવના પેદા કરવા માટે શાળાઓમાં યોગ ઓલિમ્પિયાડની શરૂઆત કરવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વધુ એક સફળતા એ છે કે જીવનનાં તમામ ક્ષેત્રો અને વિવિધ ક્ષેત્રોનાં લોકોને યોગનાં દાયરામાં લાવવામાં આવ્યા છે. સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે મહિલાઓ મોટી સંખ્યામાં યોગ તરફ વળી રહી છે. હવે દિવ્યાંગ પણ સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ, તણાવ દૂર કરવા અને મનને સ્થિરતા પ્રદાન કરવા માટે યોગની મદદ લઈ રહ્યા છે.

અત્યંત ઠંડાં અને હિમાલયના પહાડી વિસ્તારો, દેશનાં અંતરિયાળ વિસ્તારો, ભારે ભીડ ધરાવતા બજારો અને કામકાજના સ્થળો પર યોગ કરવામાં આવી રહ્યાં છે. મહામારી દરમિયાન લાખો આરોગ્યકર્મીઓ અને કોવિડ-19 રોગીઓએ યોગાસન, પ્રાણાયમ અને ધ્યાનનો અભ્યાસ કર્યો. યોગ દિવસને ટેકનોલોજી સાથે જોડવા પર પણ ભાર મૂકવામાં આવ્યો, જેમાં મોબાઇલ આધારિત એપ્લિકેશન્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નમસ્તે યોગ, વાય બ્રેક, WHO-m યોગ અને યોગ પોર્ટલ મુખ્ય છે. ●



## પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન


# સાથ અને વિશ્વાસથી ભરપૂર એક પ્રયાસ

**કોવિડ મહામારી સમગ્ર વિશ્વ માટે અભૂતપૂર્વ પડકાર લઈને આવી અને ભારત પણ તેનાથી બચી ન શક્યું. દેશે ભેગાં થઈને સદીની સૌથી મોટી મહામારીનો સામનો કર્યો પણ કમનસીબે મોટી સંખ્યામાં લોકો ભોગ બન્યા અને આપણને છોડીને ચાલ્યા ગયા. અનેક બાળકો અનાથ થઈ ગયા, જેમની સંભાળ લેનારું કોઈ નહોતું. 29 મે, 2022નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન સ્કીમની શરૂઆત કરી હતી, જેનો હેતુ કોવિડને કારણે પોતાના માબાપને ગુમાવનારા બાળકોને મદદ કરવાનો હતો. 'સાથ અને વિશ્વાસ'થી સભર પ્રયાસના રૂપમાં વડાપ્રધાન મોદીએ 30મેનાં રોજ આ યોજના અંતર્ગત ફન્ડ રિલીઝ કર્યું જેથી અપાર ક્ષમતાઓ ધરાવતા આ બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને અને તેઓ અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરે...**

કોવિડના પડકારોનો સામનો કરવા માટે બનાવવામાં આવેલા 'પીએમ કેર્સ ફન્ડ' દ્વારા હોસ્પિટલોનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઓક્સિજન પ્લાન્ટ અને વેક્સિનેશનમાં રોકાણ કરવામાં આવ્યા બાદ હવે કોવિડમાં પોતાના માબાપને ગુમાવનાર 4,000થી વધુ બાળકોને પોતાનું જીવન ઉજ્જવળ બનાવવાની તક આપવામાં આવી છે. 30 મેનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજના અંતર્ગત આ બાળકોની શિષ્યવૃત્તિ જારી કરી. વડાપ્રધાને મહામારીની ગંભીર અસરનો સામનો કરનાર બાળકોને સલામ કરી અને જણાવ્યું કે માતા-પિતાનાં પ્રેમને કોઈ ભરપાઈ ન કરી શકે. બાળકો સાથે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, 'પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન' એ પણ સાબિત કરે છે કે દરેક દેશવાસી સંપૂર્ણ સંવેદનશીલતાથી તમારી સાથે છે. મને સંતોષ છે કે બાળકોનાં સારા ભણતર માટે તેમનાં ઘરની પાસે જ સરકારી અથવા પ્રાઈવેટ સ્કુલમાં એડમિશન મળી ગયું છે. પીએમ કેર્સ દ્વારા આવા બાળકોની નોટબુક-પુસ્તકો અને યુનિફોર્મનો ખર્ચ ઉઠાવવામાં આવશે, કોઈને પ્રોફેશનલ કોર્સ કે ઉચ્ચ શિક્ષણ માટે એજ્યુકેશન લોન જોઈતી હોય તો પીએમ કેર્સ તેમાં પણ મદદ કરશે. દૈનિક જરૂરિયાતો માટે અન્ય યોજનાઓ દ્વારા તેમનાં માટે દર મહિને 4000 રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### બાળકોને શિક્ષિત અને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ

કોવિડ દરમિયાન પોતાનાં મા-બાપને ગુમાવનાર બાળકો માટે ઉચ્ચ શિક્ષણમાં એજ્યુકેશન લોનની જોગવાઈ કરવામાં આવી છે, જેની ચૂકવણી પીએમ કેર્સ ફન્ડ દ્વારા કરવામાં આવશે. બાળકોનાં સલામત ભાવિ માટે વડાપ્રધાન ભંડોળમાંથી મળનારી રકમનું બાળકની ઉંમર પ્રમાણે રોકાણ કરવામાં આવશે, જે બાળક 18 વર્ષનું થતાં 10 લાખ રૂપિયા થઈ જશે. આ રકમ પર મળનાર વ્યાજમાથી બાળકને 18થી 23 વર્ષની ઉંમર દરમિયાન દર મહિને ખર્ચ કરવા રકમ આપવામાં આવશે. આ ઉપરાંત, શાળાકીય શિક્ષણ બાદ ટેકનિકલ શિક્ષણ માટે સ્વનાથ શિષ્યવૃતિ યોજનામાં દર વર્ષે 50,000 રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. ધોરણ 10 બાદ સ્કુલ છોડનારા બાળકો માટે કૌશલ્ય તાલીમની પણ જોગવાઈ છે. આ ઉપરાંત, ગૃહ મંત્રાલયના નિર્દેશ અનુસાર 50,000 રૂપિયાનું વળતર આપવામાં આવ્યું છે.



# વડાપ્રધાન અને તેમનું કાર્યાલય 4,345 બાળકોનું સંરક્ષણ કરી રહ્યા છે

- દેશના વડાપ્રધાન પોતાના કાર્યાલય દ્વારા છેલ્લાં એક વર્ષથી 4,345 બાળકોનું સંરક્ષણ કરી રહ્યા છે. આ બાળકોએ કોવિડ સમયમાં પોતાના મા-બાપને ગુમાવ્યા છે.
- કોવિડ કાળમાં પોતાના મા-બાપને ગુમાવનાર બાળકો માટે પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન શરૂ કરવામાં આવ્યું. આ યોજના અંતર્ગત બાળકોને તેમનાં વાલીઓ અને સંબંધીઓની દેખરેખમાં મોકલવામાં આવ્યા. બાળકનું એક પણ સંબંધી ન હોય તો તેને ચાઇલ્ડ કેર સંસ્થા સુધી પહોંચાડવામાં આવ્યા.
- આંગણવાડીઓ તેમનાં સંપૂર્ણ પોષણ, રસીકરણ અને આરોગ્યની તપાસનો ખ્યાલ રાખી રહી છે. સાથે સાથે, તેમને આયુષ્યમાન ભારત યોજના દ્વારા પાંચ લાખ રૂપિયા સુધીનાં આરોગ્ય વીમા યોજનાની પણ સુવિધા મળશે.
- બાળકોની સલામત દેખરેખની જવાબદારી જિલ્લા મેજિસ્ટ્રેટને સોંપવામાં આવી છે. આ ઉપરાંત, ભારત સરકાર દ્વારા બાળકોને શિષ્યવૃત્તિની સાથે સાથે રહેવા, જમવા અને પુસ્તકો માટે રકમ આપવામાં આવી છે અને રજાઓમાં યોગ્ય જગ્યાએ તેમનાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અન્ય મંત્રાલયો સાથે મળીને બાળકોનાં સંપૂર્ણ વિકાસ માટે સતત કામ કરી રહી છે.
- બાળકોની દૈનિક જરૂરિયાતો માટે અન્ય યોજનાઓનાં માધ્યમથી દર મહિને 4000 રૂપિયાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.



## ‘સંવાદ સેવા’ની શરૂઆત

ઘણી વાર બાળકોને ભાવનાત્મક સહયોગ અને માનસિક માર્ગદર્શનની પણ જરૂર પડી શકે છે. પરિવારનાં વડીલો તો હોય જ છે, સરકારે પણ એક પ્રયત્ન કર્યો છે. આ માટે વિશેષ ‘સંવાદ સેવા’ પણ શરૂ કરવામાં આવી છે. સંવાદ હેલ્પલાઇન પર નિષ્ણાતો સાથે બાળકો, મનોવૈજ્ઞાનિક વિષયો પર સલાહ લઈ શકે છે, તેમની સાથે ચર્ચા કરી શકે છે. પીએમ કેર ફન્ડે કોવિડ કાળ દરમિયાન હોસ્પિટલ તૈયાર કરવામાં, વેન્ટિલેટર્સ ખરીદવામાં, ઓક્સિજન પ્લાન્ટ લગાવવામાં ઘણી મદદ કરી. આ કારણસર અનેક લોકોનાં જીવન બચાવી શકાયા.

## ગયા વર્ષે યોજના લોંચ કરવામાં આવી હતી

સરકારે આ યોજના ગયા વર્ષે 29મેનાં રોજ લોંચ કરી હતી. આ અંતર્ગત 11 માર્ચ, 2020થી 28 ફેબ્રુઆરી, 2022 દરમિયાન કોરોના મહામારીમાં પોતાના મા-બાપ, કાનૂની વાલી, દત્તક માતા-પિતા કે માતા-પિતામાંથી કોઇ એકને ગુમાવનાર બાળકોને મદદ કરવામાં આવે છે. બાળકોનાં રજીસ્ટ્રેશન માટે pmcaresforchildren.in નામનું પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ સિંગલ વિન્ડો સિસ્ટમ છે, જે બાળકો માટે મંજૂરી પ્રક્રિયા અને અન્ય તમામ સુવિધા પૂરી પાડે છે. ●

**પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન સૌ કોરોના અસરગ્રસ્ત બાળકોની મુશ્કેલી દૂર કરવાનો નાનકડો પ્રયત્ન છે, જેમનાં માતા અને પિતા બંને નથી રહ્યા. પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન એ વાતનું પણ પ્રતિબિંબ છે કે દરેક દેશવાસી સંપૂર્ણ સંવેદનશીલતા સાથે તમારી સાથે છે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

વડાપ્રધાનનું સંપુર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.



# કોવિડ સામેની લડાઈમાં ભારતની મજબૂત 'આશા'

## ડબલ્યુએચઓએ 10 લાખ આશા કાર્યકર્તાઓનું સન્માન કર્યું

**નમસ્તે મેડમ. હું આશા કાર્યકર્તા, તમારી તબિયત હવે કેવી છે? તમે દવા લીધી કે નહીં?**

કોવિડ સામેની લડાઈ દરમિયાન દેશનાં મોટાં ભાગનાં વિસ્તારોમાં ઘરનાં બારણે આવીને અથવા ફોન ઉપાડ્યા બાદ આ અવાજ આપણે સાંભળ્યો છે. દેશનાં 10 લાખથી વધુ આશા કાર્યકર્તાઓમાંથી કોઈ એકનો અવાજ હોઈ શકે, જેમણે કુપોષણથી માંડીને શિશુ-માતા રસીકરણ સુધીની તમામ કામગીરી કરી. 2020માં જ્યારે દેશ કોવિડનાં દુષ્ચક્રમાં ફસાયો ત્યારે 'આશા દીદી'નાં નામથી જાણીતી આ આશા કાર્યકર્તાઓએ ઘરે ઘરે જઈને લોકો પાસેથી પ્રવાસ સંલગ્ન માહિતી (ટ્રાવેલ હિસ્ટ્રી) એકઠી કરવાથી માંડીને આરોગ્ય સમસ્યાઓનો હિસાબ રાખ્યો, તો લોકોને રસીકરણ માટે જાગૃત પણ કર્યા. વિશ્વનાં સૌથી મોટા અને મફત રસીકરણ અભિયાનને ઘર-ઘર સુધી પહોંચાડવામાં અને સફળ બનાવવામાં આ કાર્યકર્તાઓનું મહત્વનું પ્રદાન છે. તેનું પરિણામ એ આવ્યું કે 31 મે સુધી 193 કરોડથી વધુ કોવિડ રસીના ડોઝ આપીને ભારતે કોવિડ સામેની લડાઈમાં સમગ્ર વિશ્વને માર્ગ દર્શાવ્યો છે. ભારતની આ પ્રતિબધ્ધતાનું સન્માન કરીને વિશ્વ આરોગ્ય સંસ્થાએ ભારતની 10 લાખ મહિલા આશા કાર્યકર્તાઓને ગ્લોબલ હેલ્થ લીડર્સ એવોર્ડથી સન્માનિત કરી છે. ●

"

મને એ વાતની ખુશી છે કે આશા કાર્યકર્તાઓની સમગ્ર ટીમને ડબલ્યુએચઓ ડિરેક્ટર જનરલના ગ્લોબલ હેલ્થ લીડર્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. તમામ આશા કાર્યકર્તાઓને અભિનંદન. તેઓ સ્વસ્થ ભારત સુનિશ્ચિત કરવામાં સૌથી આગળ છે. તેમનું સમર્પણ અને દ્રઢ સંકલ્પ પ્રશંસનીય છે.

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

### ઝડપથી ચાલી રહેલું બાળકોનું રસીકરણ

અત્યાર સુધી કોવિડ રસીકરણથી વંચિત નાગરિકોને રસીનું સુરક્ષા કવચ પૂરું પાડવા માટે દેશભરમાં 1 જૂનથી 'હર ઘર દસ્તક 2.0' અભિયાનની શરૂઆત કરવામાં આવી. 31 મે સુધી ભારતનું કુલ કોવિડ-19 રસીકરણ કવરેજ 193.45 કરોડની પાર થયું છે, જ્યારે 12-14 વર્ષના કિશોરો માટે 3.39 કરોડ રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો. 31 મે સુધી ભારતનાં સક્રિય કેસો 17,883 છે, જ્યારે છેલ્લાં 24 કલાકમાં 2,388 નવા કેસો નોંધાયા. સાજા થવાનો વર્તમાન દર 98.74 ટકા અને સાપ્તાહિક સક્રિય કેસોનો દર 0.61 ટકા છે.

### ગ્રામીણ ભારતમાં સંપર્ક માટે પ્રથમ વ્યક્તિ આશા કાર્યકર્તા

ભારત સરકારથી માન્યતા પ્રાપ્ત સામાજિક સ્વાસ્થ્ય કાર્યકર્તા અથવા આશા વોલ્યન્ટર ભારત સરકારના સંબંધિત આરોગ્યકર્મી હોય છે, જે ગ્રામીણ ભારતમાં લોકો માટે આરોગ્ય સુવિધા માટે પ્રથમ કોન્ટેક્ટ પર્સન ગણાય છે. દેશમાં કોવિડ મહામારી ચરમસીમાએ હતી ત્યારે ઘેર ઘેર જઇને દર્દીઓની ઓળખ કરવા બદલ અનેક આશા કાર્યકરનાં નામ ચર્ચામાં આવ્યા હતા.

# દેશમાં વધ્યું માન વિશ્વમાં વધ્યું સન્માન



# પડોશી દેશોની સાથે સાથે વિશ્વનાં અન્ય દેશો અને તમામ વૈશ્વિક મંચો પર સતત મજબૂત બનતી ભૂમિકામાં નજર આવી રહ્યું છે 'નવું ભારત'



એક ભારતીય વિશ્વમાં ક્યાંય પણ રહે, તેની ભારતીયતા અને રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠામાં લેશ માત્ર ઉણપ આવતી નથી. એટલાં માટે વિશ્વમાં વસતો દરેક ભારતીય 'રાષ્ટ્રદૂત' સમાન હોય છે અને એ જ રાષ્ટ્રદૂતોને જ્યારે રાષ્ટ્રનાં વિકાસનું નેતૃત્વ કરવા મળે ત્યારે દેશની શાખ વધે છે. તે વિશ્વ માનવતા માટે દરેક સમસ્યાનું સમાધાન લઈને તૈયાર હોય છે. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યુરોપ અને પછી જાપાન યાત્રા હોય કે પછી વિશ્વનાં અન્ય દેશોની યાત્રા હોય, એ દેશોમાં 'ભારત માતા કી જય'નો ઉદઘોષ 'વસુધૈવ કુટુમ્બકમ'માં માનનાર નવા ભારતની વધતી તાકાતની અનુભૂતિ કરાવે છે. પહેલાં 'ભારત કેમ'? એવું પૂછવામાં આવતું હતું, પણ હવે 'ભારત કેમ નહીં?'ની નવી ધારણા વિક્સી છે. આનું કારણ એ છે કે દેશમાં વિકાસને નવી દિશા મળી છે. વળી, વિશ્વમાં વસેલા ભારતીયોને એક સૂત્રમાં બાંધીને તેમનામાં માતૃભૂમિનાં ગૌરવનો અહેસાસ કરાવીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન માટે પ્રેરિત કરવામાં સફળતા મળી છે. વિશ્વ હવે એક નવું ભારત જોઈ રહ્યું છે તો બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં એક નિર્ણાયક નેતૃત્વ અને અસરકારક ગ્લોબલ પ્રોફાઈલ સાથે ભારત મજબૂત અને તાકાતવાન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે...



અમે તિરંગાની તાકાત જોઈ. બસો પર તિરંગો જોઈને કોઈએ ચેકિંગ માટે રોક્યા નહી. એરપોર્ટ સુધી લાવવા માટે બસોમાં ભારતનો ઝંડો લગાવવામાં આવ્યો. ઝંડો લગાવ્યા બાદ ત્યાંની સેના પણ ચેકિંગ માટે રોકતી નહોતી... તિરંગાનું શું મહત્વ છે એ અમને યુક્રેનમાં ખબર પડી. ત્યાં તિરંગો ભારતીયોની ઢાલ બની... અમે ડરી ગયા હતા, પણ ભારત સરકારની મદદથી સલામત રીતે પાછા આવી ગયા. અમને તિરંગાનું મહત્વ સમજાયું. આ પરિસ્થિતિમાં માત્ર ભારત સરકાર જ મદદ કરી રહી હતી. અમારા દસ્તાવેજ બહુ ઝડપથી વેરિફાય થયા. જ્યારે અન્ય દેશોનાં વિદ્યાર્થીઓનાં દસ્તાવેજ વેરિફાય નહોતા થઈ શકતા."

રશિયા-યુક્રેન યુધ્ધ ક્ષેત્રમાંથી સિમલા પહોંચેલી કશિશ શર્મા અને ઓશિમા હોય કે આગ્રાની સાક્ષી સિંહ કે હેમંત જેવા વિદ્યાર્થીઓ, યુક્રેનમાં ફસાયેલા ભારતીયો માટે ચલાવવામાં આવેલા 'ઓપરેશન ગંગા' અંતર્ગત પરત ફરેલા ભારતીયોની કહાની માત્ર જીવનની સલામતી જ નહીં, પણ રાષ્ટ્રનાં વધતા ગૌરવનું પ્રતીક છે.

છ વર્ષના કુમળા બાળક સોનુનું દિલ્હીથી અપહરણ કરીને બાંગલાદેશ મોકલી દેવામાં આવ્યો હતો. બાંગલાદેશમાં તેની પાસે કામ કરાવવામાં આવતું હતું અને તેને મારવામાં આવતો હતો. તે કહે છે, "જ્યારે મને ખબર પડી કે હું ભારત સરકારનાં પ્રયત્નોથી મારાં ઘરે જઈ રહ્યો છું ત્યારે હું બહુ ખુશ થયો અને મારા પરિવારને મળી શક્યો."

એક માતા જ્યારે પોતાના બાળકના પિતાને શોધવા જાય છે ત્યારે પોતાના પોતાનો પરિવાર પૂરો કરવા માગે છે. પતિને શોધવા જર્મની ગયેલી ગુરપ્રીત કૌર પણ આવું જ સપનું લઇને ગઇ હતી. પણ ત્યાં ગયા પછી તેની સાથે સાથે તેના બાળકની જિંદગી પણ દાવ પર લાગી ગઈ. તેમણે અપેક્ષા છોડી દીધી હતી કે તે ભારત પાછી જઈ શકશે. પણ તેમને જર્મનીના શરણાર્થી કેમ્પમાં હેમખેમ પાછા લાવવામાં આવ્યા. તેઓ કહે છે, જ્યારે તત્કાલીન વિદેશ મંત્રીએ કહ્યું કે તમને પાછા લાવવામાં આવશે તો હું બહુ ખુશ થઈ. મને લાગ્યું કે મંત્રીજી મારી સામે આવી જાય અને હું તેમનાં પગ પકડી લઉં."

આવી જ કહાની છે સુશીલ કપુરની, જેઓ દુબઈની એક શિપિંગ કંપનીમાં નોકરી કરતા હતા. થોડાં દિવસોમાં સુશીલ એવી મુસીબતમાં ફસાઈ ગયા જ્યાંથી પાછું આવવું મુશ્કેલ લાગતું હતું. તેઓ કહે છે, "અમારે ઓમાનમાંથી ડિઝલ લાવીને તેને દુબઈમાં વેચવાનું હતું. આ પ્રક્રિયા સાત આઠ દિવસ ચાલી અને અચાનક અમારા જહાજ નજીક બીજું જહાજ આવે છે અને તેમાંથી કેટલાંક લોકોએ અમને મારવાનું શરૂ કરી દીધું. અમારા હાથ-પગ બાંધી દીધા. કાન પર બંદૂક ધરી દીધી. પછી અમને બંદી બનાવીને ઈરાન લઈ ગયા. જ્યાં ગયા પછી અમને ખબર પડી કે અમને બે વર્ષની સજા અને દંડ કરવામાં આવ્યો છે. 2.9 મિલિયન અમેરિકન ડોલર એટલે કે લગભગ 19 કરોડ રૂપિયાનો દંડ હતો. અમને દાણચોરીનાં જૂઠા આરોપમાં ફસાવવામાં આવ્યા હતા. દંડની ઊંચી રકમને કારણે ઘરે પાછા આવવાની કોઈ આશા બચી નહોતી. ભારતનાં વિદેશ મંત્રીને જ્યારે ખબર પડજી તો તેમણે પ્રયત્ન કર્યો. આ દરમિયાન ભારતની મુલાકાતે આવેલા ઈરાનના વિદેશમંત્રી સમક્ષ આ મુદ્દો રજૂ કરવામાં આવ્યો. અંતે મને મુક્ત કરવામાં આવ્યો અને હું ભારત પાછો આવી શક્યો."

"

**તમારી પેઢી એક રીતે જોઇએ તો ખુશનસીબ છે કે તેને પહેલાંવાળા 'ડિફેન્સિવ' અને 'ડિપેન્ડન્ટ' મનોવિજ્ઞાનનું નુકસાન નથી ઉઠાવવું પડતું. પણ, દેશમાં જો પરિવર્તન આવ્યું હોય તો તેનો સૌ પ્રથમ શ્રેય પણ આપ સૌને જાય છે, આપણા યુવાનોને જાય છે. હવે તમે જૂઓ, ઉદાહરણ તરીકે જે સેક્ટર્સમાં દેશ પહેલાં પોતાનાં બળે આગળ વધવામાં વિચારતો પણ નહોતો, એ સેક્ટર્સમાં હવે હિન્દુસ્તાન ગ્લોબલ લીડર બનવાનાં માર્ગે છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

આ કહાની એવી છોકરીની છે જે બાળપણથી રમતાં રમતાં એવી જગ્યાએ પહોંચી ગઈ જ્યાંથી પાછા આવવું લગભગ અશક્ય હતું. તે કોઈની મદદ પણ માંગી શકે તેમ નહોતી કારણ કે તે ન તો બોલી શકતી હતી કે ન સાંભળી શકતી હતી. ગીતા નામની આ છોકરીને પાકિસ્તાનથી હેમખેખ પરત લાવવામાં આવી, સાંકેતિક ભાષામાં તે કહે છે, **"હું બહુ નાની હતી ત્યારે ભૂલથી ખોટી ટ્રેનમાં પાકિસ્તાન પહોંચી ગઈ. સમજાતું નહોતું કે કઈ રીતે જવાનું છે અને ટ્રેન ચાલુ થઈ ગઈ. મારામાં સમજ નહોતી, માતા-પિતાની બહુ યાદ આવતી હતી, જે મને વારંવાર રડાવતી હતી. 14 વર્ષ સુધી મા બાપથી દૂર રહી. જ્યારે ભારત સરકારે મીડિયા દ્વારા આ ઘટના જાણી ત્યારે તત્કાલીન વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પહેલ કરી. તેમનાં પ્રયત્નોથી હું ભારત પાછી આવી શકી. ભારત જે ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે તેનાં માટે વડાપ્રધાન મોદીનો આભાર વ્યક્ત કરું છું. ભારત માતા કી જય, જય હિંદ."**

યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી લગભગ 23,000 ભારતીય વિદ્યાર્થીઓને પાછા લાવવાનાં દ્રશ્યો સમગ્ર વિશ્વએ જોયાં. રશિયા હોય કે યુક્રેન કે તેનાં પડોશી દેશો, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક વાર બૉંબમારો રોકાવીને પોતાનાં નાગરિકોને હેમખેમ પાછા લાવવામાં સફળતા હાંસલ કરી હતી. વિશ્વમાં ભારતની વધતી તાકાતનું આ ઉદાહરણ છે જે વિદેશોમાં રહેતા ભારતીયોમાં પણ સ્વદેશ અને તેનાં નેતૃત્વ પ્રત્યે ભરોસાનો અહેસાસ કરાવે છે. વિશ્વમાં ભારતીય ગમે ત્યાં રહેતો હોય, આજે તે સલામત છે તો તેનું કારણ વીતેલાં કેટલાંક વર્ષોમાં ભારત સરકારનાં રાજદ્વારી પ્રયાસો અને રાજકીય સંબંધોમાં આવેલી મજબૂતી છે. વાસ્તવમાં, વિશ્વ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળની સરકાર રૂઢિચુસ્ત નહીં પણ આધુનિક અભિગમ ધરાવે છે. એટલાં માટે જ ભારતે સદીની સૌથી મોટી મહામારીનાં સમયમાં 150થી વધુ દેશોની મદદ કરીને માનવતાને કોવિડ સામે લડવાનો જૂસ્સો આપ્યો. કોવિડ બાદ બદલાતા સમયમાં વિશ્વ હવે આત્મવિશ્વાસથી ભરપૂર ભારત તરફ આશા ભરી નજરે જોઇ રહ્યું છે. એટલાં માટે જ જી-20થી માંડીને બ્રિક્સ સુધી, ક્વાડથી માંડીને એસસીઓ સમિટ (શાંઘાઈ સહકાર સંગઠન) સુધી અને આસિયાનથી માંડીને ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમ અને કોપ-26 સુધી ભારતની ગુંજ દરેક મહત્વનાં આંતરરાષ્ટ્રીય ફોરમમાં સંભળાઈ હતી. સંયુક્ત રાષ્ટ્રની સલામતી પરિષદનું અધ્યક્ષપદ મેળવીને ભારતે સાબિત કરી આપ્યું કે તે મોટી વૈશ્વિક જવાબદારી નિભાવવા તૈયાર છે. વિશ્વનું નેતૃત્વ કરવાની ક્ષમતા ધરાવતું ભારત હવે પોતાનો રસ્તો જાતે બનાવવામાં વિશ્વાસ ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિઝન એક એવા ભારતનું નિર્માણ કરવાનું છે જે મજબૂત, આધુનિક અને આત્મનિર્ભર હોય, જે વિશ્વ માનવતાનું મદદગાર હોય.

વિશ્વ માનવતામાં પોતાની નવી ઓળખ બનાવનાર ભારતનો આ માર્ગ એટલો સરળ નહોતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં ભારત સરકારે વિદેશ નીતિ અને રાજકીય પહોંચને વિશેષ મહત્વ આપ્યું છે. ભારતનાં રાજદ્વારી પ્રયત્નો અંતર્ગત વિવિધ દેશો સાથેનાં પરંપરાગત સંબંધોને નવા આયામ આપવામાં આવ્યા, વ્યૂહાત્મક સંબંધોને પુનઃ તૈયાર કરવામાં આવ્યા અને વિદેશમાં રહેતા ભારતીયો સુધી પહોંચ વધારી. વીતેલાં આઠ વર્ષમાં વિશ્વમાં ભારતનું માન વધવા પાછળનું કારણ એ છે કે વિશ્વમાં વસતા દરેક ભારતીયનાં મનમાં એ વાતની અનુભૂતિ કરાવવામાં આવી છે કે તે પોતાનાં રાષ્ટ્રનાં વિકાસ અને કામને કારણે ગૌરવ અનુભવે. વર્ષ 2014માં વડાપ્રધાન મોદીએ સત્તા સંભાળી ત્યારે સૌથી મોટો પડકાર હતો કે વિદેશ મંત્રાલયની નીતિ મુત્સદ્દીગીરી, વિદેશ મુલાકાત અને સમજૂતિઓ જેવી ઔપચારિકતા પૂરતી મર્યાદિત હતી. વિદેશ મંત્રાલયની નીતિમાં 'સામાન્ય માણસ' ગાયબ હતો. નીતિ દેશ માટે હોય કે વિદેશ માટે, તે લોક કેન્દ્રિત હોવી જોઇએ, જેની અનુભૂતિ દેશ અને દુનિયામાં વસેલા દરેક ભારતીયને હોવી જોઇએ. આ વિચારે વિદેશ મંત્રાલયની કાર્યશૈલીને સંપૂર્ણ રીતે બદલ નાખી. વિદેશ મંત્રાલયે પોતાની વિશિષ્ટ લોક કેન્દ્રીય કાર્યશૈલીને કારણે સંવેદનશીલ

મંત્રાલય તરીકેની ઓળખ ઊભી કરી છે. પ્રારંભમાં વિશ્વમાં વસેલા ભારતીય માટે એક મંત્ર બનાવી દેવામાં આવ્યો- 'વિદેશમાં તમારો દોસ્ત, ભારતીય દૂતાવાસ.' આવું કરવાનું કારણ હતું. જ્યારે પણ દેશમાં કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં મૂકાય ત્યારે તેની મદદ માટે પરિવાર-સંબધી-મિત્ર વગેરે હોય છે. પણ વિદેશમાં આવું કોઇ ન હોવાથી વ્યક્તિ પોતાને એકલો અનુભવે છે. પણ આજે ભારતીય દૂતાવાસ વિશ્વનાં દરેક ભારતીય માટે પોતાનાં પરિવાર જેવો છે.

**'રાષ્ટ્રદૂત'ની નવી ઓળખ**

યુરોપ પ્રવાસમાં 65 કલાકમાં, ત્રણ દેશ અને આઠ વિશ્વ નેતાઓ સાથે મુલાકાત, 25 બેઠકો, જાપાનની 40 કલાકની મુલાકાત દરમિયાન 23 બેઠકો, ક્વાડ સમૂહની બેઠક, 34 ઉદ્યોગપતિ-સીઈઓ સાથે મુલાકાત... અને ભારતીય સમુદાયનાં લોકો સાથે સંવાદ...આ એવાં સબળ નેતૃત્વની વાત છે જે પોતે ક્યારેય થાકતા નથી અને નથી રાષ્ટ્રને અટકવા દેતા. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ત્રણ યુરોપિયન દેશોની મુલાકાતનો અંદાજ ઉપરોક્ત કાર્યક્રમો પરથી આવે છે. ભારતનાં નેતૃત્વની વિદેશ પ્રવાસની નિષ્ઠા જ્યારે સંપૂર્ણ રીતે રાષ્ટ્ર સાથે સંકળાયેલી હોય ત્યારે તે રાષ્ટ્ર સાથે સંકળાયેલા નાગરિકોની અલગ ઓળખ બને તે સ્વાભાવિક છે. વિશ્વભરમાં ફેલાયેલા પ્રવાસી ભારતીયોની સંખ્યા વિશ્વનાં અનેક દેશોની વસતિ કરતા વધુ છે. પ્રવાસી ભારતીય અને ભારતીય મૂળનાં લોકો માટે નાગરિકતાની વિશેષ યોજના, ભારતને જાણો, પ્રવાસી ભારતીય કેન્દ્રની સ્થાપના, વિદ્યાર્થી રજીસ્ટ્રેશન પોર્ટલ, ભારતીય મૂળના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ, પ્રવાસી ભારતીય સન્માન, પ્રવાસી ભારતીય સંમેલન જેવાં સંખ્યાબંધ કાર્યક્રમોને કારણે વિદેશમાં રહેતા ભારતીયો પોતાની કર્મભૂમિ અને પોતાની માટી સાથે જોડાઈ રહ્યા છે. આજે વિદેશમાં કોઇ ભારતીય મુસીબતમાં મૂકાયો હોય તો કેન્દ્ર સરકારનાં પ્રયત્નોથી તાત્કાલિક ઉકેલ લાવી શકાય છે. તાજેતરમાં જ યુક્રેનમાંથી પોતાના વિદ્યાર્થીને પાછા લાવવાના હોય કે પછી અન્ય રાહત ઓપરેશનો દ્વારા ભારતીય નાગરિકોને સલામતી પૂરી પાડવાની હોય. ભારત સરકારનાં રાજદ્વારી પ્રયાસોએ દરેક ભારતીયનાં મનમાં વિશ્વાસ પેદા કર્યો છે. તાજેતરમાં જ, વડાપ્રધાન મોદીએ યુરોપ પ્રવાસ દરમિયાન ભારતીય સમુદાયને સંબોધિત કરતા કહ્યું હતું, "એક ભારતીય વિશ્વમાં ગમે ત્યાં જાય, પોતાની કર્મભૂમિ માટે સંપૂર્ણ પ્રામાણિકતાથી યોગદાન આપે છે. વિશ્વનાં નેતાઓ સાથે અનેક વાર મારી મુલાકાત થતી હોય છે ત્યારે તેઓ પોતાનાં દેશમાં વસેલા ભારતીય સમુદાયની સફળતાઓ અંગે ભારે ગર્વથી કહેતા હોય છે. તેઓ ભારતીય સમુદાયની મહેનત અને શાંતિપૂર્ણ સ્વભાવની પ્રશંસા કરતા થાકતા નથી." આજે ભારતની પ્રતિષ્ઠા વિશ્વમાં એટલી વધી છે કે જ્યારે ભારત બોલે છે ત્યારે સમગ્ર દુનિયા સાંભળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગણના આજે વિશ્વનાં અગ્રણી નેતાઓમાં કરવામાં આવે છે અને ભારતીય મૂળનાં નાગરિકોને સન્માનથી જોવામાં આવે છે.

**'ભારત પ્રથમ'નાં વિચાર પર આધારિત વિદેશ નીતિ**



> **આજે ભારતના વિકાસનાં સકંલ્પોને દુનિયા પોતાનાં લક્ષ્યોની પ્રાપ્તિનું માધ્યમ માની રહી છે. વૈશ્વિક શાંતિ હોય કે વૈશ્વિક પડકારો સાથે સંકળાયેલા ઉકેલો, દુનિયા ભારત તરફ ભરાસોથી જોઇ રહી છે.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**




# 190 દેશોની વસતિથી વધુ ભારતીયો વિશ્વભરમાં

**વિશ્વભરમાં ફેલાયેલા ભારતીય ડાયસ્પોરા એટલે કે પીઆઇઓ અને એનઆરઆઇની સંખ્યાને જોડવામાં આવે તો વિશ્વનાં 190 દેશો એવા છે જેની વસતિ પણ એટલી નથી.**

- હોલી સી અથવા વેટિકન સિટી, પાકિસ્તાન, સેન મેરિનોને બાદ કરીએ તો વિશ્વનાં 200થી વધુ દેશોમાં ભારતીય મૂળનાં લોકો કે બિનનિવાસી ભારતીયો રહે છે.
- વિદેશ મંત્રાલયના ડિસેમ્બર 2021નાં ડેટા પ્રમાણે 1.87 કરોડ પીઆઇઓ અને 1.35 કરોડ એનઆરઆઇ સહિત કુલ 3.22 કરોડ ભારતનાં લોકો વિદેશોમાં રહે છે.
- વિદેશ મંત્રાલય પાસે ઉપલબ્ધ આંકડા પ્રમાણે 13 લાખ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશોમાં અભ્યાસ કરે છે.
- મંત્રાલયની થીન્ક ટેન્ક ભારતીય પ્રવાસન કેન્દ્રએ વિદેશમાં અભ્યાસ કરનારાઓ માટે પુસ્તિક તૈયાર કરી છે. સૌથી વધુ 4.65 લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં અભ્યાસ કરી રહ્યા છે.

**વિશ્વનાં તમામ ખંડોમાં 202 ભારતીય મિશન છે, જેમાં રાજદૂતાવાસ, હાઇ કમિશન, કાયમી મિશન, કાયમી પ્રતિનિધિમંડળ અને સહાયક હાઇ કમિશન તથા પ્રતિનિધિ કાર્યાલયનો સમાવેશ થાય છે. વિદેશ મંત્રાલયના ડેટા પ્રમાણે 2014 બાદ 22 નવા રાજકીય મિશન સ્થાપવામાં આવ્યા છે.**

# વિશ્વમાં વધતું ભારતનું સન્માન

પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પેલેસ્ટાઈનના સર્વોચ્ચ પુરસ્કાર ‘ગ્રાન્ડ કોલર’થી સન્માનિત કર્યા



આંતરાષ્ટ્રીય ઊર્જા સમિટ દરમિયાન ભારતના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ બદલ વડાપ્રધાન મોદીને 'સેરાવિક વૈશ્વિક ઊર્જા અને પર્યાવરણ લીડરશીપ' એવોર્ડથી સન્માનિત કર્યા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ધ લીજન ઓફ મેરિટ' એવોર્ડથી સન્માનિત કર્યા. અમેરિકાનું આ પ્રતિષ્ઠીત સન્માન ઉત્કૃષ્ટ સેવા અને ઉપલબ્ધિઓ માટે આપવામાં આવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંયુક્ત આરબ અમીરાતે સર્વોચ્ચ પુરસ્કાર ‘ઓર્ડર ઓફ ઝાયેદ’થી સન્માનિત કર્યા.



સ્વચ્છ ભારત અભિયાન માટે બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ‘ગ્લોબલ ગોલકીપર એવોર્ડ’થી સન્માનિત કર્યા.

વડાપ્રધાન મોદીને 'સિયોલ શાંતિ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા.



બહેરીનના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'બહેરીન ઓર્ડર ઓફ રેનેસાં ફર્સ્ટ ક્લાસ'થી સન્માનિત

અફઘાનિસ્તાનના 'સ્ટેટ ઓફ ગાઝી અમીર અમાનુલ્લાહ ખાન' સન્માન અને સાઉદી અરેબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ‘સેસ ઓફ કિંગ અબ્દુલ અઝીઝ’થી પણ પીએમ મોદીને સન્માનિત કરવામાં આવ્યા છે.

માલદીવ યાત્રા દરમિયાન પીએમ મોદીને ‘ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્વિશ્ડ રૂલ ઓફ નિશાન ઇઝ્ઝુદીન’ આપવામાં આવ્યો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 2018માં સંયુક્ત રાષ્ટ્રનાં સર્વોચ્ચ પુરસ્કાર ‘ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ’થી સન્માનિત કરવામાં આવ્યા.

પીપલ, પ્રોફિટ અને પ્લાનેટ પર કેન્દ્રિત ‘ફિલિપ કોટલર પ્રેસિડેન્શિયલ પુરસ્કાર’થી વડાપ્રધાનને સન્માનિત કરવામાં આવ્યા છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રશિયન ફેડરેશનના સર્વોચ્ચ પુરસ્કાર-‘ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલ’થી સન્માનિત કર્યા.

ભારત માટે વિદેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રાન્ડ એમ્બેસેડર બની ગયા છે. તેમણે અત્યાર સુધી લગભગ 60થી વધુ વિદેશ પ્રવાસ કર્યા છે અને આ પ્રવાસોમાં દેશોની સંખ્યા ગણીએ તો 100થી વધી જાય છે. આ આંકડો તેમનાં પુરોગામીઓ કરતાં બમણાથી વધુ છે. 8 વર્ષનાં ઐતિહાસિક સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સ્તરે ભારતની સફળતા અને શાખનાં નવા વિક્રમ સર્જ્યા છે. તેમણે પોતાની સફળ રાજદ્વારી નીતિ દ્વારા અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જાપાન અને રશિયા જેવા શક્તિશાળી દેશોને પોતાનાં પ્રશંસક બનાવ્યા છે, તો આતંકવાદ ફેલાવતા દેશોને દરેક આંતરરાષ્ટ્રીય મંચ પર ઘેરીને ભારતની રાજદ્વારી નીતિની સફળતા દર્શાવી છે. 17 વર્ષ બાદ નેપાળ, 28 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા,

## 577 પાસપોર્ટ કાર્યાલય, જેમાંથી 177 ભારતીય મિશન સાથે સંકલિત


**36** રિજનલ પાસપોર્ટ ઓફિસ દેશભરમાં છે

**93** પાસપોર્ટ સેવા કેન્દ્ર


**428** પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્ર

# એફડીઆઇ અને વિદેશી હૂંડિયામણની અનામતો

**રોકાણ આકર્ષવા અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત ઉદ્યોગોને સુવિધા આપવામાં આવી છે, તો સીધા વિદેશી રોકાણ (એફડીઆઇ) નીતિને અગાઉની સરખામણીમાં ઉદાર બનાવવામાં આવી છે. સરકારે કોલસા ઉત્ખનન, કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ મીડિયા, સિંગલ બ્રાન્ડ રિટેલ વેપાર, નાગરિક ઉડ્ડયન, સંરક્ષણ, પેટ્રોલિયમ, દૂરસંદેશાવ્યવહાર અને વીમા જેવા ક્ષેત્રોમાં સુધારા શરૂ કર્યા છે, આ બધાંની વચ્ચે વડાપ્રધાન મોદી વિદેશ પ્રવાસ દરમિયાન ભારતમાં કરવામાં આવેલા સુધારાનો ઉલ્લેખ કરીને રોકાણ માટે સતત આમંત્રિત કરી રહ્યા છે.**




## ચીન સૌથી વધુ વિદેશી હૂંડિયામણ ધરાવતો દેશ




**દેશમાં વિદેશી હૂંડિયામણનો ભંડાર સતત વધી રહ્યો છે. નવેમ્બર 2021 સુધી ચીન, જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ બાદ ચોથો સૌથી મોટો વિદેશી હૂંડિયામણ ભંડાર ભારત પાસે છે.**

31 વર્ષ બાદ ફિજી અને 34 વર્ષ બાદ સેશેલ્સ અને સંયુક્ત આરબ અમિરતની દ્વિપક્ષીય મુલાકાત કરવાનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે. વડાપ્રધાન મોદીએ જ્યારે પ્રથમ વાર સત્તા સંભાળી ત્યારે સૌ પહેલાં ભૂતાનની યાત્રા કરી હતી. ત્યારે તેમણે 'ભારત માટે ભૂતાન અને ભૂતાન માટે ભારત'ની જરૂર ગણાવીને બંને દેશોનાં અતૂટ સંબંધોને આગળ વધારવાનો પ્રયત્ન કર્યો. તેમણે ભૂતાનની સંસદ દ્વારા ભુતાનને ભરોસો અપાવ્યો કે બંને દેશોનાં સંબંધો પહેલાં કરતા વધુ ગાઢ બનશે. આ જ રીતે, પોતાનાં નેપાળ પ્રવાસમાં તેમણે બંને દેશોના સંબંધોને નવાં પરિમાણ આપ્યાં. પોતાનાં નેપાળ પ્રવાસ દરમિયાન તેમણે મા સીતાનાં પાવન જન્મસ્થળ જનકપુર સ્થિત જાનકી મંદિરમાં દર્શન-પુજા કરીને બંને દેશોની ધાર્મિક-સાંસ્કૃતિક વિરાસતને જાળવવાની પહેલ કરી.

વડાપ્રધાન મોદીએ શ્રીલંકાનું પણ હૃદય જીત્યું અને આજની તારીખમાં બંને દેશો વચ્ચેનાં સાંસ્કૃતિક, રાજકીય, વ્યૂહાત્મક અને આર્થિક વેપારને નવી ઊંચાઈઓ મળી રહી છે. આર્થિક સંકટનો સામનો કરનાર શ્રીલંકાને મદદ માટે પહેલો હાથ ભારતે લંબાવ્યો હતો. ગયા વર્ષે, વડાપ્રધાન મોદીએ બાંગલાદેશની આઝાદીનાં 50 વર્ષ પૂરા થવા પ્રસંગે બાંગલાદેશ પ્રવાસ ખેડીને બંને દેશોનાં ઐતિહાસિક સંબધોને મીઠાશથી ભરી દીધા. બંને દેશો વચ્ચે પાંચ મહત્વની સમજૂતિઓ થઈ, જે સંપર્ક, ઊર્જા, વેપાર, આરોગ્ય અને વિકાસનાં સંદર્ભમાં અત્યંત મહત્વપૂર્ણ છે. આ ઉપરાંત, પડોશી દેશો સાથે વડાપ્રધાન મોદીની

પહેલથી મધ્ય એશિયા અને યુરોપ સાથેના સંબંધો પણ મજબૂત બન્યા છે. વડાપ્રધાન મોદીના રાજદ્વારી પ્રયાસોથી મુસ્લિમ દેશો સાથે પણ સારા સંબંધો પ્રસ્થાપિત થયા છે. તમને યાદ હશે કે 2019માં સંયુક્ત આરબ અમિરાતના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન ઝાયેદે વડાપ્રધાન મોદીને 'મોટા ભાઈ' ગણાવ્યા હતા અને 'બીજા ઘેર' આવવા માટે આભાર વ્યક્ત કરવાની સાથે સાથે યુએઇના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ઝાયદ'થી સન્માનિત કર્યા હતા. ત્યારે વડાપ્રધાને અબુધાબીમાં વેપાર જગતના પ્રવાસી ભારતીયોને સંબોધિત કરીને જમ્મુ કાશ્મીરમાંથી કલમ 370 હટાવવાનો હેતુ સ્પષ્ટ કર્યો અને ભારતીય રૂપે કાર્ડ પણ લોંચ કર્યું.

સાઉદી અરેબિયામાં પણ ભારતનાં સંબંધો મજબૂત થયા છે. અહીં પુલવામા હૂમલાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. આ હૂમલાના દોષિતોને સજા અપાવવાની ભારતની ઝૂંબેશને વિશ્વભરમાંથી સમર્થન મળી રહ્યું હતું ત્યારે ફેબ્રુઆરી 2019માં ભારત પ્રવાસે આવેલા સાઉદી અરેબિયાના યુવરાજે પણ ભારત સાથે ખભે ખભો મિલાવીને સાથે હોવાનું વચન આપ્યું. પાકિસ્તાન સાથે ગાઢ મિત્રતા છતાં સાઉદી અરેબિયાએ આતંકવાદ વિરોધમાં ભારતની તમામ ઝૂંબેશને ખુલીને સમર્થન આપ્યું છે.

વડાપ્રધાન મોદીની રાજદ્વારી પહેલથી મલેશિયા, તુર્કી, ઇન્ડોનેશિયા, ઇરાન, નાઇજીરિયા, અલ્જિરીયા, કુવૈત, કઝાકિસ્તાન, કતાર, ઇજીપ્ત, બહેરીન, ટ્યુનિશિયા, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને જોર્ડન જેવા અન્ય ઇસ્લામિક દેશો સાથેનાં સંબંધો પણ મજબૂત થયા છે. વડાપ્રધાન મોદીએ ઇઝરાયેલ સાથે ભારતના સંબંધોને પુનઃવ્યાખ્યાયિત કર્યા છે. ઇરાન સાથે ચાબહાર પોર્ટ માટેની સમજૂતિ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

દક્ષિણ અને પશ્ચિમ એશિયાની સાથે સાથે ભારત અને યુરોપિયન યુનિયનના સંબંધો પણ વિકસ્યા છે. રશિયા-યુક્રેન સંકટ વચ્ચે હાલમાં રાયસીના ડાયલોગમાં ઉદઘાટન પ્રવચન કરતા યુરોપિયન યુનિયનનાં અધ્યક્ષ ઉર્સુલા વાન ડેર લેયેને જણાવ્યું હતું કે, આવનારો સમય ભારતનો છે. આ શબ્દો બંને દેશો વચ્ચેનાં સંબંધોને વ્યાખ્યાયિત કરે છે. ભારત અને યુરોપિયન યુનિયન દ્વારા આ દરમિયાન ભારત-યુરોપિયન યુનિયન વેપાર અને ટેકનોલોજી પરિષદની સ્થાપના કરવામાં આવી. આ એવી વ્યૂહાત્મક વ્યવસ્થા છે જે વેપાર, વિશ્વસનીય ટેકનોલોજી અને સલામતી અંગેનાં પડકારોનો સામનો કરવામાં મદદ કરશે. ભારત પોતાનાં પાર્ટનર સાથે આ રીતે વેપાર અને ટેકનોલોજી પરિષદ સ્થાપવા સંમત થયું હોય તેવું પ્રથમ વાર બન્યું છે. યુરોપિય યુનિયનની નજરે જોઇએ તો અમેરિકા બાદ આ પ્રકારની પરિષદ ભારત સાથે સ્થાપવામાં આવી છે.

વિશ્વની મહાસત્તા અમેરિકાની વાત કરીએ તો વડાપ્રધાન



## પ્રવાસીઓનાં હિતમાં જરૂરી પગલાં ભર્યા

- વિદેશમાં રહેતા ભારતીયો સાથે સંકળાયેલા કોઇ પણ મુદ્દાને પ્રાથમિકતાનાં આધારે ઉકેલવામાં આવે છે. મિશન અને કેન્દ્ર બિનનિવાસી ભારતીયોની સલામતીનાં મુદ્દા પર ચર્ચા કરવા માટે ઓપન હાઉસ આયોજિત કરવામાં આવે છે.
- ઓપન હાઉસમાં રજૂ થતા મુદ્દાઓને પ્રાથમિકતાનાં આધારે કામગીરી માટે યજમાન સરકાર સમક્ષ ઉઠાવવામાં આવે છે.
- વિદેશમાં પ્રવાસ કરતાં પહેલાં શ્રમિકોને તાલીમ આપવામાં આવે છે. તેનું મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે, જે પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ છે. પ્રવાસી ભારતીય વીમા યોજના શ્રમિકોને વીમા સુવિધા પૂરી પાડે છે.
- મદદ પોર્ટલ, ભારતીય સમુદાય કલ્યાણ ભંડોળ (ICWF), ઇ-માઇગ્રન્ટ પોર્ટલ, પ્રવાસી ભારતીય સહાયતા કેન્દ્ર, રિશ્તા પોર્ટલ વગેરેથી બિનનિવાસી ભારતીયોને મદદ પૂરી પાડવામાં અને તેમની ફરિયાદોનાં ઉકેલ માટે તથા તેમની સલામતી સુનિશ્ચિત કરવામાં મદદ મળે છે.
- નવેમ્બર, 2021 સુધી 2.78 લાખથ વધુ પ્રવાસી ભારતીયોને ભારતીય સમુદાય કલ્યાણ ભંડોળ અંતર્ગત સહાયતા કરવામાં આવી.
- ભારતીયોની મદદ માટે ફેબ્રુઆરી, 2015માં મદદ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું, જેમાં જુલાઇ 2016માં વિદ્યાર્થીઓનું મોડ્યુલ તૈયાર કરવામાં આવ્યું.
- વર્તમાન સરકારની પહેલથી પ્રવાસી ભારતીયો માટે અલગ મંત્રાલય હતું જેને સંકલનમાં મુશ્કેલી પડતી હોવાથી વિદેશ મંત્રાલય સાથે



**132** દેશોમાં ભારતીય સમુદાય કલ્યાણ ભંડોળનો ઉપયોગ બિનનિવાસી ભારતીયોનાં કલ્યાણ માટે કરવામાં આવી રહ્યો છે. વિદેશમાં ફસાયેલા ભારતીયનો કાઢવા માટે અને પોતાનાં દેશ સુધીની યાત્રા માટે આ ભંડોળમાં ખર્ચ કરવામાં આવે છે.



મેળવી દેવામાં આવ્યુ. પીઆઇઓ અને ઓસીઆઇ સ્કીમ અલગ અલગ હતી, જેની વચ્ચેનો તફાવત લોકોને ખબર નહોતી. પ્રક્રિયાને સરળ કરીને બંનેને ભેળવીને એક સ્કીમ બનાવવામાં આવી.

- ડિસેમ્બર 2021 સુધી 25.10 લાખ પ્રવાસીઓને ઓસીઆઇ કાર્ડ જારી કરવામાં આવ્યા. વિશ્વભરમાં ભારતીય સમુદાય સાથે સારા સંપર્ક માટે રેશતા નામનું નવું પોર્ટલ લોંચ કર્યું. આ પોર્ટલથી મુશ્કેલીનાં સમયમાં પોતાના સમુદાય સાથે સંપર્ક કરવો અને તેમનાં સુધી ઝડપથી પહોંચવામાં સરળતા રહેશે. આ પોર્ટલથી દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય નાગરિકોનાં અનુભવનો ભારતનાં વિકાસ માટે ઉપયોગ કરવામાં પણ મદદ મળશે.
- કોવિડ જેવી મહામારી દરમિયાન વિદેશોમાં ફસાયેલા જે ભારતીયોને દેશમાં લાવવામાં આવ્યા તેમનાં માટે ભારત સરકારે સ્કિલ્ડ વર્કર્સ એરાઇવલ ડેટાબેઝ ફોર એમ્પ્લોયમેન્ટ સપોર્ટ (સ્વદેશ) પોર્ટલ શરૂ કર્યું. આ ડેટાબેઝનો હેતુ વંદે ભારત મિશનમાં સ્વદેશ આવેલા શ્રમિકોની સ્કિલનું મેપિંગ કરવાનો અને તેમને ભારતીય અને વિદેશી કંપનીઓ સાથે જોડવાનો છે.
- સ્વદેશ અંતર્ગત રોજગારદાતાઓનો સંપર્ક કરવા માટે આત્મનિર્ભર કુશળ કર્મચારી મેપિંગ (અસીમ) પોર્ટલ પર વિગતો અપલોડ કરવાની સાથે ડેટાબેઝની સુવિધા આપવામાં આવી. 28 ફેબ્રુઆરી, 2022 સુધી 33,957થી વધુ નાગરિકોને સ્કિલ વર્કર્સ એરાઇવલ ડેટાબેઝ ફોર એમ્પ્લોયમેન્ટ સપોર્ટ (સ્વદેશ) સ્કિલ કાર્ડ દ્વારા રજીસ્ટ્રેશન કરાવ્યું છે.
- બિનનિવાસી ભારતીયોની ફરિયાદો કોલ, વોકઇન, ઇમેલ, સોશિયલ મીડિયા અને હેલ્પલાઇન પર લેવામાં આવે છે.

મોદીએ પોતાની રાજદ્વારી અને વ્યૂહાત્મક નીતિથી અમેરિકાની દાયકાઓ જૂની પાકિસ્તાન નીતિને બદલી નાખી છે. વડાપ્રધાન મોદીએ અત્યાર સુધી સૌથી વધુ વાર અમેરિકાનો પ્રવાસ કર્યો છે. તેમની રાજદ્વારી પહેલને કારણે જ અમેરિકાની પ્રતિનિધિ સભાએ બાયપાર્ટીઝન બિલને મંજૂરી આપી હતી આ બિલ અંતર્ગત સંરક્ષણ ઉપકરણોનાં વેચાણ તથા ટેકનોલોજી ટ્રાન્સફર અંગેની સમજૂતિ મુદ્દે ભારત નાટોનાં અન્ય દેશોની શ્રેણીમાં જોડાઈ ગયું છે. ન્યૂક્લિયર સપ્લાયર ગ્રૂપ એટલે કે એનએસજી અને એમટીસીઆરનાં મુદ્દે અમેરિકાએ ભારતનું સમર્થન કર્યું છે. ભારત મિસાઇલ ટેકનોલોજી કન્ટ્રોલ રિજીમ (MTCR) માં સામેલ થઈ ગયું છે. આ સફળતા હાંસલ કર્યા બાદ ભારત હવે બીજા દેશોને પોતાની મિસાઇલ ટેકનોલોજી વેચવા તૈયાર છે અને જરૂર પડ્યે અમેરિકા પાસેથી પ્રિડેટર ડ્રોન્સને ખરીદી શકશે. ભારત-જાપાન, ભારત-જર્મની, ભારત-ફ્રાન્સ નાં મજબૂત બનતા સંબંધો અને બંને દેશો વચ્ચે પરમાણુ અસહકાર સંધિ, સંરક્ષણ ઉપકરણ ટેકનોલોજી અને ગુપ્ત સૈન્ય માહિતી સંરક્ષણ સહિત અનેક મહત્વપૂર્ણ સમજૂતિઓએ મજબૂત સંબંધોના પાયો નાખ્યો છે. ક્વાડમાં સહયોગી ભારત અને ઓસ્ટ્રેલિયા મજબૂત સંબંધો તરફ આગળ વધ્યા છે. બંને દેશો વચ્ચે વર્ષો સુધી રાહ જોયા બાદ થયેલી મુક્ત કરાર સમજૂતિ સંબંધોની મજબૂતાઈ સૂચવે છે. જાપાનમાં આયોજિત ક્વાડ સમૂહની ચોથી બેઠકમાં કોવિડથી માંડીને તમામ બાબતો પર સભ્ય દેશોએ ભારતની પહેલની પ્રશંસા કરી છે.

રશિયા અને અમેરિકા બંને સાથેનાં સંબંધો પ્રગાઢ બન્યાં હોય એવું પ્રથમ વાર બન્યું છે. રશિયા-યુક્રેન સંકટ વચ્ચે ભારતની વિદેશ નીતિની સફળતા અને દ્રઢતાની સમગ્ર દુનિયામાં ચર્ચા એ વાતનું પ્રતીક છે કે આ નવું ભારત છે. તાજેતરમાં જ અમેરિકામાં આયોજિત 2+2 સંવાદ બાદ રાયસીના ડાયલોગમાં ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે રશિયા અંગે આપેલાં જવાબોની ચર્ચા દરેક જગ્યાએ થઈ છે. નવા ભારતની વિદેશ નીતિની મજબૂતાઈઅને વૈશ્વિક ભૂમિકાના સંદર્ભને પાકિસ્તાનના ભૂતપુર્વ વડાપ્રધાન ઇમરાન ખાનના નિવેદનથી સમજવો જોઈએ. વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યા બાદ ભારતની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું, “હું ભારતને તેની વિદેશ નીતિ બદલ દાદ આપવા માંગું છું.. ભારતની વિદેશ નીતિ હંમેશા સ્વતંત્ર રહી છે અને પોતાનાં લોકો માટે રહી છે. તેઓ પોતાની વિદેશ નીતિની રક્ષા કરે છે.”

ભાગ્યેજ કોઇ એ વાતને નકારી શકે કે વડાપ્રધાન મોદીની અદભૂત ક્ષમતાએ જ વિશ્વમાં પોતાના સમકક્ષો સાથે સંતુલન સાધીને ભારતનાં વૈશ્વિક કદને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. રોકાણકારની વાત હોય કે સાંસ્કૃતિક આદાનપ્રદાનની, ભારતીય ચીજોની નિકાસ હોય કે પછી

# આંતરરાષ્ટ્રીય મંચ પર મજબૂતીથી ઊભરી રહેલું ભારત



**ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)**ની શરૂઆત સોલર સંપન્ન દેશોની ઊર્જાની વિશેષ જરૂરિયાતોને પૂરી કરવા માટે થઈ હતી. તેનું નેતૃત્વ ભારત અને ફ્રાન્સ પાસે છે. આ પ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જેનું વડુંમથક ભારતમાં છે. અત્યાર સુધી 103 દેશો તેનાં સભ્ય બની ચૂક્યા છે.



ભારતે ઓગસ્ટ 2021માં પ્રથમ વાર **સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનું** વડપણ સંભાળ્યું. પીએમ નરેન્દ્ર મોદી પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા જેમણે સંયુકત રાષ્ટ્ર સલામતી પરિષદની અધ્યક્ષતા કરી.

વિજ્ઞાન-ટેકનોલોજીનાં ક્ષેત્રમાં યોગદાનની, બહુપરિમાણિય સંદર્ભમાં ભારત એક અલગ ઓળખ પ્રસ્થાપિત કરી ચૂક્યું છે. ભારત અનેક પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય જૂથોમાં પ્રતિનિધિત્વ કરવાની સાથે સાથે સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનું કામચલાઉ સભ્ય છે, વિશ્વ આરોગ્ય સંગઠન (WHOV)ના એક્ઝિક્યુટિવ બોર્ડનું અધ્યક્ષ છે, એસસીઓ (શાંઘાઇ કોઓપરેશન કાઉન્સિલ) અને બ્રિક્સ (બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા)નું પણ સભ્ય છે. અને તાજેતરમાં જ બનેલા ક્વાડનું મહત્વનું સભ્ય છે. તમામ દેશો સાથેના સંબધોમાં ભારત હંમેશા વસુધૈવ કુટુમ્બકમની વાત કરે છે અને આત્મનિર્ભર ભારત અભિયાનમાં વિશ્વ માનવતાને પ્રાથમિકતા આપે છે. વડાપ્રધાને અનેક પ્રસંગોએ 'મેક ઇન ઇન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'નો મંત્ર આપ્યો છે. તેમનું માનવું છે કે ભારતમાં જ એ તમામ વસ્તુઓનું ઉત્પાદન થાય જે વિદેશોમાંથી મંગાવવામાં આવે છે.

### મેડિસન સ્કવેરથી બર્લિન અને ટોક્યો સુધી પ્રવાસી ભારતીયોને પોતાનાં મૂળ સાથે જોડવાનો પ્રયત્ન

વિશ્વનાં 200થી વધુ દેશોમાં 1.35 કરોડથી વધુ પ્રવાસી ભારતીય છે. તેમાં અગાઉથી રહેતા ભારતીય મૂળનાં લોકોની સંખ્યા ઉમેરીએ તો આશરે 3.22 કરોડ લોકો દુનિયાભરનાં દેશોમાં વસ્યા છે. વિશ્વનાં કોઇ પણ દેશમાં રહેતો દરેક ભારતીય ભારતની સભ્યતા અને તેની

ભારતની યોગની પ્રાચીન, સમૃધ્ધ પરંપરાને વૈશ્વિક ઓળખ અપાવી. વિશ્વએ **21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ** તરીકે સ્વીકૃતિ આપી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 193 સભ્ય દેશોમાંથી 177 દેશોએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાનાં પ્રસ્તાવને મંજૂરી આપી હતી.



**40** વર્ષ બાદ ઓલિમ્પિક સમિતિએ આઇઓસી બેઠકની યજમાની માટે ભારતને પસંદ કર્યું

અગાઉની સરકારોમાં સ્થાનિક વિકાસ માટે મુત્સદ્દીગીરીનો ઉપયોગ નહોતો કરવામાં આવતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચલાવવામાં આવેલા કાર્યક્રમ **ક્લિન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, સ્માર્ટ સિટીઝની** સફળતા માટે મુત્સદ્દીગીરીનો ઉપયોગ કર્યો, જેનું નામ **'ડિપ્લોમસી ઓફ ડેવલપમેન્ટ'** રાખવામાં આવ્યું.



**મંગળયાન** દ્વારા પોતાનાં પ્રથમ જ પ્રયત્નમાં મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ કરનાર **ભારત પ્રથમ દેશ** બન્યો.

## સંયુક્ત રાષ્ટ્ર સંઘ સલામતી પરિષદમાં કાયમી સભ્યપદને સર્વોચ્ચ પ્રાથમિકતા



ભારત સરકાર વિસ્તારિત સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં ભારતને કાયમી સભ્યપદ મેળવવાને પ્રાથમિકતા આપી રહી છે. સરકાર આ મુદ્દે અન્ય દેશોનાં સંપર્કમાં છે. આ માટે ભારત સંયુક્ત રાષ્ટ્રમાં સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદ સુધારા માટે ચાલી રહેલા આંતર સરકારી સંવાદમાં સક્રિય રીતે કામ કરી રહ્યું છે. જી-4 (ભારત, બ્રાઝીલ, જર્મની અને જાપાન) અને એલ-69 જૂથ (એશિયા, આફ્રિકા, લેટિન અમેરિકાનાં વિકાસશીલ દેશોનું ક્રોસ પ્રાદેશિક જૂથ)નાં સભ્યપદ દ્વારા અન્ય સુધારાતરફી દેશો સાથે મળીને કામ કરી રહ્યું છે. ભારતમાં વધતાં ડગ અને સંયુક્ત રાષ્ટ્ર સલામતી સલામતી પરિષદમાં પોતાની ભૂમિકાની સ્વીકાર્યતાને કારણે 2020માં ન્યૂયોર્કમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન 193માંથી 184 મતો સાથે 2021-22 દરમિયાન 8મી વાર સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદનાં કામચલાઉ સભ્ય તરીકે ચૂંટાયું. અનેક દેશોમાં વિસ્તારિત સંયુક્ત રાષ્ટ્ર સલામતી પરિષદમાં કાયમી સભ્યપદ માટે ભારતની ઉમેદવારીને સમર્થન કરવાની સત્તાવાર પુષ્ટિ દ્વિપક્ષીય રીતે કરી છે.

સંસ્કૃતિનું પ્રતીક છે. કોઇ પણ દેશમાં રહેતો ભારતીય પોતાનાં પૂર્વજોએ આપેલા લોકશાહીનાં મૂલ્યો અને ફરજની ભાવનાને જીવંત રાખે છે. ટ્વિટરથી માંડીને માઇક્રોસોફ્ટ સુધી તમામ મોટી કંપનીઓનાં સીઇઓ ભારતીય છે એટલું જ નહીં પણ આ કંપનીઓમાં મોટી સંખ્યામાં ભારતીય કર્મચારીઓ કામ કરે છે. તેમને દેશનાં મુખ્યપ્રવાહ એટલે કે મૂળિયાં સાથે જોડવાની જરૂર હતી. 2014 બાદ અમેરિકામાં મેડિસન સ્ક્વેર, સિડનીનાં ઓલિમ્પિક પાર્કથી માંડીને તાજેતરમાં જ જર્મની અને જાપાના પ્રવાસ સુધી વડાપ્રધાન મોદીએ પોતાનાં લગભગ તમામ વિદેશ પ્રવાસમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યા છે.

ભારતનાં અર્થતંત્રથી માંડીને ભારતમાં રોકાણ કરવા સુધી વડાપ્રધાન મોદીએ ભારતીયોને પોતાનાં મૂળિયાં સાથે જોડવા પર ખાસ ભાર મૂક્યો છે. અલગ અલગ જગ્યા, એરપોર્ટ પર, હોટલ બહાર, કાર્યક્રમ દરમિયાન પ્રવાસી ભારતીયો દ્વારા વડાપ્રધાનનાં નામનો સૂત્રોચ્ચાર, તેમનાં સન્માનનાં દ્રશ્યો 2014 પહેલાં ભાગ્યે જ દેખાતા હતા. દર બે વર્ષે યોજાતું પ્રવાસી ભારતીય સંમેલન તેનો નવો મંચ બન્યો છે. વડાપ્રધાન અટલબિહારી વાજપેયી વડાપ્રધાન હતા ત્યારે તેની શરૂઆત થઈ હતી. આ વર્ષોમાં ભારતનાં પ્રવાસી સમુદાય સાથેના સંબંધોમાં નવી ઊર્જાનો સંચાર થયો છે. કેન્દ્ર સરકારે વીતેલા આઠ વર્ષમાં પ્રવાસી ભારતીયોનાં ભારત પ્રવાસ અને નિવાસ અંગેની નીતિઓને અત્યંત સરળ બનાવી છે. ભારતમાં રોકાણ માટે ઇચ્છુક પ્રવાસીઓને સિંગલ વિન્ડો જેવી


સુવિધા આપવામાં આવી છે. વડાપ્રધાન મોદી કહે છે, "અમે બ્રેઈન ડ્રેઈનને બ્રેઈન ગેનમાં બદલી રહ્યા છીએ." પ્રવાસી ભારતીય બીજા દેશોમાં ભારતના સાંસ્કૃતિક સોફ્ટ પાવરના રાજદૂત છે, તો દેશની જીડીપીમાં તેમનું મહત્વનું યોગદાન છે. વિશ્વ બેન્ક દ્વારા જારી 'માઈગ્રેશન એન્ડ ડેવલપમેન્ટ બ્રીફ' રિપોર્ટ પ્રમાણે વિદેશમાં કમાણી કરીને પોતાનાં દેશમાં નાણા (રેમિટન્સ) મોકલવાની બાબતમાં ભારતીય પ્રવાસી વિશ્વમાં સૌથી આગળ છે. અહેવાલ પ્રમાણે 2021માં પ્રવાસી ભારતીયોએ 87 અબજ ડોલરની રકમ સ્વદેશ મોકલી છે, જે અગાઉનાં વર્ષની સરખામણીમાં 4.6 ટકા વધુ છે. તેમાં સૌથી વધુ 20 ટકા રકમ અમેરિકાનાં પ્રવાસી ભારતીયો દ્વારા મોકલવામાં આવી છે.

### નવી વિશ્વ વ્યવસ્થામાં ભારત

કોવિડનાં બદલાતા સમયમાં વૈશ્વિક વ્યવસ્થા નવો આકાર લઈ રહી છે, તો ભારતનું કદ પણ એ પ્રમાણે વધી રહ્યું છે. તાજેતરમાં જ, ભારત આવેલા બ્રિટિશ વડાપ્રધાને જણાવ્યું હતું કે, હિન્દ-પ્રશાંત વિસ્તાર વિશ્વમાં આર્થિક વૃદ્ધિની નવી ધરી તરીકે ઉપસવાનો છે, જેમાં ભારતની ભૂમિકા મહત્વની હશે.

અનેક દેશોનાં અર્થતંત્રને કોવિડને કારણે તીવ્ર ફટકો પડ્યો પણ ભારત વિશ્વની સૌથી ઝડપથી વૃદ્ધિ કરતાં અર્થતંત્ર તરીકે ઉભર્યું. તેનાંથી ભારતની જવાબદારી વધી ગઈ છે. પણ ભારત વિશ્વ માનવતા પ્રત્યે પોતાની જવાબદારી સારી રીતે નિભાવી રહ્યું છે. કોવિડ મહામારીથી બચવા માટે વિશ્વનાં 150થી વધુ દેશોને જરૂરી દવાઓ પૂર પાડવાની હોય કે રસી આપવાની હોય, યુક્રેનમાં યુધ્ધ ફાટી નીકળતાં ઘઉંની વૈશ્વિક અછતની સ્થિતિમાં ઘઉંનો પૂરવઠો પૂરો પાડવાનો હોય, મુશ્કેલીમાં ફસાયેલા અફઘાનિસ્તાનને અનાજ અને દવા આપવાની હોય, દેવામાં ડૂબેલા શ્રીલંકાને મદદ કરવાની હોય, આ તમામ ઉદાહરણો ભારતને જવાબદાર તાકાત તરીકે સ્થાપિત કરે છે. આજે વિશ્વનાં મોટાં ભાગનાં દેશ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અંતમુર્ખી બની રહ્યા છે ત્યારે વિશ્વ ભારતનો અવાજ સાંભળવા માંગે છે. આ અવાજ સંભળાવવાનાં ભાગ રૂપે આગામી વર્ષોમાં રાયસીના ડાયલોગનું વિસ્તરણ જોવા મળશે. અનેક પ્રસંગોએ વૈશ્વિક મંચ પરથી ભારતે વિશ્વનાં અનેક દેશોને રોકડું પરખાવીને ભારતની પ્રતિબધ્ધતાનો અહેસાસ કરાવ્યો છે.

**29, સપ્ટેમ્બર 2014**




અમેરિકા, મેડિસન સ્કવેર ગાર્ડન- ભારતીય સમુદાયનાં 18,000થી વધુ લોકોને સંબોધન કર્યું

મેં પીઆઈઓ કાર્ડધારકોને ભારતનાં આજીવન વિઝા આપવાનું વચન આપ્યું હતું, જેને માત્ર એક મહિના પછી પૂરું પણ કર્યું છે. ભારત પાસે 21મી સદીને પોતાની બનાવવાની તાકાત છે. ભારત સૌથી જૂની સંસ્કૃતિ ધરાવતો સૌથી યુવાન દેશ છે. આ બહુ ઝડપથી આગળ વધતો દેશ છે. અમે તમારું માથું નહીં ઝૂકવા દઈએ.
-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન
(મેડિસન સ્કવેર ખાતે)

## 17 નવેમ્બર, 2014: ઓસ્ટ્રેલિયામાં સિડનીના અલ્ફોન્સ અરેનામાં ભારતીય સમુદાયને સંબોધન

ઓસ્ટ્રેલિયા-સીડનીનાં અલ્ફોન્સ અરેનામાં વડાપ્રધાને ભારતીય સમુદાયનાં 18,000થી વધુ લોકોને સંબોધન કર્યું. અલ્ફોન્સ અરેનામાં 16,000 લોકોની બેસવાની જગ્યા હતી પણ 23,000થી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

"

**આપણને દેશની આઝાદી માટે લડવાની તક નથી મળી. આપણે ભારત માટે પોતાનો જીવ ન આપી શક્યા. પણ આપણે ભારત માટે કંઇક કરી શકીએ છીએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન (સિડની ખાતે)**

## 14 નવેમ્બર, 2015: લંડનનાં વેમ્બલી સ્ટેડિયમમાં આશરે 60,000 લોકોને સંબોધિત કર્યા.




"

**વિવિધતા એ ભારતની વિશેષતા, ગૌરવ અને તાકાત છે. જે ભારત તમે ટીવીનાં પડદા અને અખબારોની હેડલાઇન્સમાં જૂઓ છો, ભારત તેનાથી ઘણું મોટું અને વધુ મહાન છે.**

**--નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

22 સપ્ટેમ્બર 2019



અમેરિકામાં 'હાઉડી મોદી', ભારતીય સમુદાયનાં 50,000થી વધુ લોકોને સંબોધન

ભારત આજે પડકારોને નથી ટાળી રહ્યું. આપણે પડકારો સામે ટક્કર આપીએ છીએ. ભારતે અશક્ય લાગતી તમામ બાબતોને શક્ય કરી બતાવી છે. હવે ભારતે પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા કમર કસી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્વેસ્ટમેન્ટ અને નિકાસ વધારવા પર ભાર મૂકવાની સાથે રોકાણ અને વિકાસ માટે અનુકુળ માહોલ બનાવીને આગળ વધી રહ્યા છીએ.


-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન
('હાઉડી મોદી' કાર્યક્રમમાં)

## 2 મે, 2022: જર્મનીનાં બર્લિનમાં એટર એમ પોસ્ટડેમરમાં પ્રવાસી ભારતીયોને સંબોધન

એરપોર્ટ પર ભારતીય સમુદાયે ભાવભીનું સ્વાગત કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જોવા અને સાંભળવા માટે દૂર દૂરથી ભારતીય સમુદાયનાં લોકો જોડાયાં.

"આજે હું ન તો મારી વાત કરવા આવ્યો છું, અને નથી મોદી સરકારની વાત કરવા આવ્યો. મારું મન કરે છે કે તમારી સાથે મન ભરીને કરોડો હિન્દુસ્તાનીઓની વાત કરું. જ્યારે હું કરોડો હિન્દુસ્તાનીઓનો ઉલ્લેખ કરું છું ત્યારે તેમાં એ લોકો પણ સામેલ છે, જેઓ અહીં રહે છે. 21મી સદીમાં સંકલ્પ લઇને આગળ વધી રહ્યા છે. આજે ભારતને ખબર છે કે ક્યાં જવાનું છે, કઇ રીતે જવાનું છે અને ક્યાં સુધી જવાનું છે.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



## વિદેશોમાંથી દેશમાં પૈસા મોકલવામાં ભારતીયો મોખરે

વિશ્વ બેન્કની માઇગ્રેશન એન્ડ ડેવલપમેન્ટ બ્રીફ રિપોર્ટ પ્રમાણે વિદેશમાં કમાણી કરીને પોતાનાં દેશમાં નાણા (રેમિટન્સ) મોકલવામાં ભારતીય પ્રવાસી વિશ્વમાં સૌથી આગળ છે. 2021માં પ્રવાસી ભારતીયોએ 87 અબજ અમેરિકન ડોલર સ્વદેશ મોકલ્યા હતા. તેમાં સૌથી વધુ 20 ટકા અમેરિકાથી પ્રવાસી ભારતીયોએ મોકલી હતી. વડાપ્રધાન મોદી તરફથી પ્રવાસી ભારતીયો માટે કરવામાં આવેલા વિશેષ પ્રયત્નોને કારણે પ્રવાસીઓ પોતાનાં દેશને વધુ સહયોગ કરી રહ્યા છે. રિપોર્ટમા 2022માં આ રકમ 89.6 અબજ ડોલર થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.



### 8 વર્ષમાં પ્રવાસી ભારતીયોની આર્થિક ભાગીદારી

| વર્ષ | રકમ |
|---|---|
| 2014 | 70.4 |
| 2015 | 68.9 |
| 2016 | 62.7 |
| 2017 | 68.9 |
| 2018 | 79.4 |
| 2019 | 83.3 |
| 2020 | 83.1 |
| 2021 | 87.0 |

(રકમ અબજ ડોલરમાં)

ભારત મદદકર્તાની ભૂમિકામાં મોરેશિયસમાં આશરે 3,571 કરોડ, અફઘાનિસ્તાનમાં 1708 કરોડ, નેપાળમાં આશરે 891 કરોડ અને મ્યાંમારમાં આશરે 967 કરોડ રૂપિયાની મદદ સાથે પ્રોજેક્ટ ચલાવી રહ્યું છે.

**પ્રતિભાનું પલાયન (બ્રેઇન ડ્રેઇન) દેશ માટે નુકસાનકર્તા માનવામાં આવે છે, કારણ કે ભારતીયો સારું જીવન અને નોકરીની શોધમાં વિદેશોમાં ચાલ્યા જાય છે, પણ મારા માટે અને મારી સરકાર માટે આ પ્રતિભાનું પલાયન નહીં પણ પ્રતિભાને પામવી (બ્રેઇન ગેઇન) છે, કારણ કે વિકાસનાં સંબંધમાં તેઓ આપણી મદદ કરે છે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

### દેશ-વિદેશમાં વધતું માન

ભારતને વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું અર્થતંત્ર કહેવામાં આવે, વિદેશોમાં પણ યોગના ક્લાસ ભણાવાય, અવકાશમાં એક સાથે 104 સેટેલાઇટ છોડવામાં આવે, મેક ઇન ઇન્ડિયાનો અવાજ સમગ્ર વિશ્વમાં સંભળાય અને વિદેશોમાં પણ ભારતને ભવ્ય સન્માન મળે ત્યારે ભારતીય તરીકે ગર્વ વધી જાય છે. આજે ભારતીયોને ભારતીય હોવા બદલ ગર્વ છે, જેની ઝલક વડાપ્રધાન મોદીનાં દરેક વિદેશ પ્રવાસ દરમિયાન ભારતીય સમુદાય સાથેનાં સંવાદ દરમિયાન જોવા મળે છે. વિશ્વમાં ભારતની ઉપલબ્ધિઓ પર તાળીઓની ગડગડાટ કંઇ એમ જ નથી સંભળાતી. તેનું કારણ એ છે કે નવું ભારત જોખમ લે છે, ઇનોવેશન કરે છે, ઇન્ક્યુબેશન કરે છે. ભારતમાં જેટલો સસ્તો ડેટા છે, જેની કલ્પના અનેક દેશો કરી શકતા નથી. રિયલ ટાઇમ ડિજિટલ પેમેન્ટના મુદ્દે 2021માં સમગ્ર દુનિયામાં જેટલું પેમેન્ટ થયું તેમાં ભારતનો હિસ્સો 40 ટકા છે. કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક એકમોની આશરે 10,000 સેવાઓ ઓનલાઇન ઉપલબ્ધ છે. યોજનાઓનાં લાભાર્થીઓનાં બેન્ક ખાતાઓમાં ડીબીટી (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) દ્વારા 22 લાખ કરોડથી વધુની સીધી ચૂકવણી કરવામાં આવી છે. આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે. 2014માં માત્ર 200-400 સ્ટાર્ટઅપ હતા, પણ આજે દેશમાં 70,000થી વધુ સ્ટાર્ટઅપ કામ કરી રહ્યા છે અને વિશ્વમાં ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. ભારત હવે વિક્રમ નિકાસ કરી રહ્યું છે. હજુ થોડાં દિવસ પહેલાં જ ભારતે 400 અબજ ડોલરની નિકાસનો વિક્રમ સર્જ્યો હતો. 2021માં ગુડ્ઝ એન્ડ સર્વિસિસમાં લગભગ 50 લાખ કરોડ રૂપિયાની નિકાસ થઈ હતી. અન્ન સલામતિ અંગે અનેક મોટાં મોટાં દેશો ચિંતિત છે, ત્યારે ભારતનો ખેડૂત વિશ્વનું પેટ ભરવા આગળ આવી રહ્યો છે.

### નવું ભારત, સારા વિશ્વનો સંકલ્પ

ભારતનો અમૃત સંકલ્પ માત્ર ભારતની સરહદ પૂરતો મર્યાદિત નથી. આ સંકલ્પ વિશ્વભરમાં ફેલાઈ રહ્યો છે અને સમગ્ર વિશ્વને જોડી રહ્યો છે. આજે જ્યારે ભારત આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે તે વિશ્વ માટે પ્રગતિની સંભાવનાઓ ખોલવાની વાત કરે છે. આજે ભારત જ્યારે યોગનાં પ્રસાર માટે પ્રયત્ન કરે છે ત્યારે વિશ્વની દરેક વ્યક્તિ માટે 'સર્વે સંતુ નિરામય:' ની કામના કરે છે. જળવાયુ પરિવર્તન અને સાતત્યપૂર્ણ વિકાસ જેવા વિષયોને લઇને પણ ભારત આજે સમગ્ર માનવતાનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. આ સમય ભારતના આ અભિયાનને આગળ ધપાવવાનો છે. વડાપ્રધાન મોદી કહે છે, "અમારી મહેનત માત્ર અમારા પોતાનાં માટે નથી, પણ ભારતની પ્રગતિ દ્વારા સમગ્ર માનવતાનાં કલ્યાણ સાથે જોડાયેલી છે. આપણે દુનિયાને એ અહેસાસ અપાવવાનો છે. તેમાં આપ સૌ ભારતીયો, ભારતીય મૂળનાં તમામ લોકોની મોટી ભૂમિકા છે. અમૃત મહોત્સવનું આ આયોજન ભારતનાં પ્રયત્નો, ભારતનાં વિચારોને પણ દુનિયા સુધી પહોંચાડવાનું માધ્યમ બને એ આપણી પ્રાથમિકતા હોવી જોઇએ. મને વિશ્વાસ છે કે પોતાનાં આ આદર્શો પર ચાલીને આપણે એક નવું ભારત બનાવીશું અને સારી દુનિયાનું સપનું પણ સાકાર કરીશું.

જ્યારે પરંપરાઓ અને અડચણોને દૂર કરીને સફળતા હાંસલ કરવામાં આવે છે ત્યારે દેશ નવી ઊંચાઇ પર જાય છે. એક સમય હતો જ્યારે પ્રતિ વ્યક્તિ ડેટા વપરાશમાં ભારત વિશ્વનાં છેવાડાના દેશોમાં સામેલ હતું, પણ પાંચ-છ વર્ષમાં જ સ્થિતિ બદલાઈ ગઈ છે અને દુનિયામાં સૌથી સસ્તો ડેટા ઉપલબ્ધ છે. જ્યારે ભારતની તાકાત વધે છે ત્યારે વિશ્વની તાકાત પણ વધે છે. 'ફાર્મસી ઓફ ધ વર્લ્ડ' તરીકેની ભૂમિકામાં ભારતે મુશ્કેલ સમયમાં સમગ્ર દુનિયાને સાથ આપ્યો છે. દુનિયાનાં અનેક દેશોમાં દવાઓ મોકલી છે. ભારત હવે અનાજની બાબતમાં આત્મનિર્ભર બન્યું છે ત્યારે વિશ્વને ભૂખમરામાંથી બચાવવા માટે ખુલ્લા દિલથી ઓફર કરી રહ્યું છે. આઇટીમાં ભારતની તાકાત વધી છે. ભારત આજે વૈશ્વિક સ્તરે ડિજિટલ પાવર બન્યું છે, અને બીજા દેશોને પણ મદદ કરી રહ્યું છે. ભારત પાસે સ્કેલ અને સ્પીડ છે તથા આત્મનિર્ભરતામાં મજબૂત ગ્લોબલ સપ્લાય ચેઇનને જોડીને વિશ્વાસુ ભાગીદાર બની રહ્યો છે. ભારતવાસી રાષ્ટ્રની સલામતી માટે સાથે મળીને ઊભા રહે છે, રાષ્ટ્ર નિર્માણમાં મળીને કામ કરે છે. ભારતીયતા એટલે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' પર આધારિત છે અને તેનાથી જ સમૃદ્ધિ આવે છે. 'વસુધૈવ કુટુમ્બકમ' એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે. આ સિધ્ધાંત વેપારથી પણ આગળ છે. ભારતનો એક વિશ્વનો કન્સેપ્ટ પોતીકાપણુ, ભાઇચારો, સંવેદનશીલતા અને સન્માન પર ટકેલો છે. 21મી સદીનું ભારત પણ નવા વૈશ્વિક પરિદ્રશ્ય માટે આ દ્રષ્ટિકોણને લઇને આગળ વધી રહ્યું છે.

ચોક્કસપણે, નવા ભારતનું વર્તમાન પણ ઉજ્જવળ અને દૈદિપ્યમાન છે, તો એશિયાની શતાબ્દી ગણાતી 21મી સદીનાં ભારતની શતાબ્દિ બનાવવા માટે ભારત કે વિદેશમાં રહેતો એક એક ભારતીય પ્રતિબધ્ધ છે.

# વૈશ્વિક નકશામાં ભારતની છાપ

જાપાનની સાથે ભારતનો સંબંધ આત્મીયતાનો છે, અધ્યાત્મનો છે, સહયોગનો છે અને પોતીકાપણાનો છે. ભારત-જાપાન આ સંબંધો 23-24મેનાં રોજ વડાપ્રધાન નરેન્દ્રમ મોદીનાં જાપાન પ્રવાસ દરમિયાન વધુ મજબૂત બન્યા. 40 કલાકનાં પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદીએ 23 બેઠકોમાં ભાગ લીધો. ક્વાડ સમૂહની બેઠકમાં ભાગ લીધો, તો 34 ઉદ્યોગપતિઓ સાથે બેઠક ઉપરાંત ભારતીય સમુદાયને પણ સંબોધન કર્યું. વડાપ્રધાન મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડન અને જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરી.

## ક્વાડ સમૂહઃ અનેક સમજૂતિ



ભારત-પ્રશાંત વિસ્તારમાં મુક્ત વ્યવસ્થા બનાવવામાં ક્વાડ સમૂહની મહત્વની ભૂમિકા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા, અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની આલ્બનીઝ 24મેનાં રોજ ક્વાડ સમૂહની ચોથી અને વ્યક્તિગત રીતે આયોજિત બીજી બેઠકમાં સામેલ થયા. બેઠકનાં ઉદઘાટન ભાષણમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, “આટલાં ઓછાં સમયમાં ક્વાડ સમૂહે વૈશ્વિક મોરચે મહત્વપૂર્ણ સ્થાન બનાવી લીધું છે. આજે ક્વાડનો દાયરો વ્યાપક બની ગયો છે અને સ્વરૂપ અસરકારક બની ગયું છે.” ક્વાડ દેશ હવે ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ગેરકાયદેસર માછીમારી પર રોક લગાવવા માટે સેટેલાઈટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ટ્રેકિંગ સિસ્ટમ બનાવશે. ક્વાડની બેઠકમાં પ્રથમ વાર ચારેય દેશોનાં વિદ્યાર્થીઓ માટે ફેલોશિપની જાહેરાત કરવામાં આવી.



## નેપાળની ધરતી પર ભગવાન બુધ્ધનો સંદેશ



## ભારતીય સમુદાયને મોદીએ કહ્યું- ભારત ચલો, ભારત સાથે જોડાવ

પોતાનાં જાપાન પ્રવાસ દરમિયાન નરેન્દ્ર મોદીએ ત્યાં હાજર ભારતીય સમુદાયને સંબોધન કર્યું. પોતાના સંબોધનમાં તેમણે બંને દેશો વચ્ચેનાં ખાસ સંબંધોનો ઉલ્લેખ કર્યો, તો શિકાગો જતાં પહેલાં સ્વામી વિવેકાનંદની જાપાન મુલાકાત, રવિન્દ્રનાથ ટાગોર અને ભગવાન બુધ્ધના સંદેશનું પણ ઉદાહરણ આપ્યું. ટોક્યોમાં એક કાર્યક્રમ દરમિયાન ભારતીય સમુદાયને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, “આસ્થા હોય કે એડવન્ચર, જાપાન માટે તો ભારત એક સ્વાભાવિક ટુરિસ્ટ ડેસ્ટીનેશન છે. અને એટલાં માટે, ‘ભારત ચલો, ભારત જૂઓ, ભારત સાથે જોડાવ’ સંકલ્પથી જાપાનમાં મારા દરેક ભારતીયને વિનંતી કરીશ કે તેઓ તેનાંથી જોડાય.”

### 'ઈન્ડો-પેસિફિક ઇકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પેરિટી' સાથે હિન્દ-પ્રશાંત વિસ્તારમાં મુક્ત વેપારની પહેલ

ઈન્ડો-પેસિફિક ઇકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પેરિટી એટલે કે IPEFનો હેતુ ભારત-પ્રશાંત વિસ્તારમાં વેપારી ભાગીદારીને કોઈની પણ અસરથી મુક્ત કરાવવાનો છે. ભારત તેમાં જોડાયું છે. હવે આ સંગઠનમાં અમેરિકા ઉપરાંત 12 દેશો ઓસ્ટ્રેલિયા, બ્રુનેઇ, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, કોરિયા પ્રજાસત્તાક, મલેશિયા, ન્યૂઝીલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ સામેલ છે.

પોતાનાં નેપાળ પ્રવાસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના વડાપ્રધાન શેરબહાદુર દેઉબા સાથે લુમ્બિનીમાં ભારત આંતરરાષ્ટ્રીય બૌધ્ધ સંસ્કૃતિ અને વારસા કેન્દ્રનો શિલાન્યાસ કર્યો. આ કેન્દ્રનું નિર્માણ આંતરરાષ્ટ્રીય બૌધ્ધ સંઘ (આઈબીસી), નવી દિલ્હી દ્વારા કરવામાં આવશે. બંને દેશો વચ્ચે અનેક મહત્વપૂર્ણ સમજૂતિઓ કરવામાં આવી. વડાપ્રધાન મોદીએ સાત કલાકના પ્રવાસમાં 2566મી બુદ્ધ જયંતિ પ્રસંગે લુમ્બિનીમા આયોજિત સમારોહને સંબોધિત કરીને બંને દેશોનાં સાંસ્કૃતિક સંબંધો, ગાઢ મિત્રતા અને ભગવાન બુધ્ધનાં સંદેશનો ઉલ્લેખ કર્યો. ●

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.




5જી અને ડ્રોન સેક્ટરમાં આત્મનિર્ભરતાની દિશામાં વધતાં ડગ

# ટેકનોલોજી સાથે વિકાસની સંભાવનાઓનાં નવા દ્વાર

**છેલ્લા આઠ વર્ષમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસથી માંડીને ઇઝ ઓફ લિવિંગ અને વહીવટી તંત્રમાં પારદર્શિતા લાવવામાં આવી છે. સમય હવે તેનાંથી પણ આગળ વધવાનો છે. એટલાં માટે સ્વદેશી 4જી બાદ હવે દેશે 5જી સુવિધા તરફ આગેકૂચ કરી છે, ત્યારે ડ્રોન સેક્ટરમાં પણ આત્મનિર્ભરતાની શરૂઆત કરવામાં આવી છે. 17મેનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેલિકોમ મંત્રી અશ્વિન વૈષ્ણવે પ્રથમ 5જી વીડિયો કોલ કરીને ભારતમાં માહિતી ટેકનોલોજી ક્રાંતિનાં નવા યુગના મંડાણ કર્યા. તો, 27મેનાં રોજ ભારતના સૌથી મોટા ડ્રોન મહોત્સવનું ઉદઘાટન કરતા વડાપ્રધાન મોદીએ આ સેક્ટરમાં ભારતનાં ભવિષ્યનો પાયો નાંખ્યો...**



વર્ષ 1995નો સમય હતો, જ્યારે ભારતમાં પ્રથમ વાર મોબાઈલ સેવાની શરૂઆત થઈ હતી. એ વખતે મોબાઈલ પર આવનારા કોલનો પ્રતિ મિનિટ દર 25 રૂપિયા હતો. વળી 1જી વાયરલેસ ટેકનોલોજી દ્વારા અસ્પષ્ટ અવાજ સંભળાતો હતો, તો 2જી દ્વારા પ્રથમ વાર સ્પષ્ટ અવાજની સાથે એસએમએસ દ્વારા બેઝિક ડેટા ટ્રાન્સફર સર્વિસ મળી અને મોબાઈલ ઈન્ટરનેટની સેવા શરૂ થઈ. 3જી સેવા સાથે ઈન્ટરનેટ વેબસાઈટથી માંડીને વીડિયો જોવાનું અને સંગીત સાંભળવાનું શક્ય બન્યું. 4જી સેવાએ તેને ઝડપ આપી. ઈન્ટરનેટની સાથે ટેકનોલોજી સેક્ટરનું આ એક માત્ર પાસુ નથી, પણ તે આજના સમયની પ્રાથમિક જરૂરિયાત બની ગઈ છે, જે તમારા જીવનને સરળ કરવાની સાથે સાથે ખેતી, આરોગ્ય, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ જેવા મહત્વપૂર્ણ સેક્ટર પણ તેનાં પર આધારિત છે.

વીતેલા આઠ વર્ષમાં ભારતે ટેકનોલોજીનો ઉત્તમ ઉપયોગ કર્યો છે. જનધન, આધાર, મોબાઈલ ટ્રિનીટીને પારદર્શી વહીવટી વ્યવસ્થાનું માધ્યમ બનાવવામાં આવ્યું છે, તો ગરીબમાં ગરીબ માણસ પાસે મોબાઈલ હોય તે માટે દેશમાં જ મોબાઈલ ફોનનાં

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

# ભારતનું પોતાનું 5જી ટેસ્ટ બેડ

આ એક 5જી પ્રોટોટાઇપ અને ટેસ્ટિંગ પ્લેટફોર્મ છે. ટેસ્ટ બેડ દ્વારા ટેલિકોમ ઉદ્યોગ અને સ્ટાર્ટઅપને સ્થાનિક સ્તરે પોતાની પ્રોડક્ટ્સનું ટેસ્ટિંગ અને વેરિફિકેશન કરવામાં મદદ મળશે. તેનાંથી, તેમને બીજા દેશો પર આધાર નહીં રાખવો પડે. રૂ. 220 કરોડનાં ખર્ચે આ ટેસ્ટ બેડને સ્થાપવામાં આવ્યું છે. આ સુવિધા પાંચ અલગ અલગ સ્થળો પર ઉપલબ્ધ છે. 5જી ટેસ્ટ બેડને આઇઆઇટી, મદ્રાસનાં વડપણમાં આઠ સંસ્થાઓએ મલ્ટી-ઇન્સ્ટિટ્યૂશન કોલેબોરેટિવ પ્રોજેક્ટ તરીકે વિકસાવ્યો છે. હવે ભારત પાસે 5જી સર્વિસ માટે સંપૂર્ણપણે સ્વદેશી ટેકનોલોજી હશે.



### 5જીઆઇ તરીકે ભારતે પોતાનું પ્લેટફોર્મ બનાવ્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું, "5જીઆઇ સ્વરૂપમાં ભારતનું પોતાનું 5જી સ્ટાન્ડર્ડ બની ગયું છે, જે દેશ માટે અત્યંત ગર્વની વાત છે. તે દેશનાં ગામડાંમાં 5જી ટેકનોલોજી ઓળખવામાં અને એ કામમાં મોટી ભૂમિકા નિભાવશે." વાસ્તવમાં, વડાપ્રધાન મોદીએ જે 5જીઆઇનો ઉલ્લેખ કર્યો તે 5જીનું ઇન્ડિયન સ્ટાન્ડર્ડ છે. આઇઆઇટી, હૈદરાબાદ અને આઇઆઇટી મદ્રાસે સાથે મળીને તે તૈયાર કર્યું છે. આ નેટવર્ક સ્ટાન્ડર્ડને અગાઉ થી જ ઇન્ટરનેશનલ કમ્યુનિકેશન યુનિટની મંજૂરી મળી ચૂકી છે. તે ઓછાં સ્પેક્ટ્રમ પર કામ કરે છે. દેશની વિશાળ વસતિ ગામડાં અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતી હોવાથી આ વિસ્તારોમાં સારી નેટવર્ક કનેક્ટિવિટી આપવામાં આવશે. 5જીઆઇ આ દિશામાં પ્રયાસરત છે.

**"5જી સુવિધાઓ પણ વધશે અને રોજગારીની નવી તકો પણ ઊભી થશે. એક અનુમાન પ્રમાણે આગામી દોઢ દાયકામાં 5જીથી ભારતના અર્થતંત્રમાં 450 અબજ ડોલરનું યોગદાન આવશે. એટલે કે માત્ર ઇન્ટરનેટની ગતિ જ નહીં, પણ પ્રગતિ અને રોજગાર સર્જનની ગતિ પણ વધવાની છે. એટલાં માટે, 5જી ખૂબ ઝડપથી શરૂ થઇ શકે, એ માટે સરકાર અને ઉદ્યોગો બંનેએ સાથે મળીને પ્રયત્ન કરવાની જરૂર છે. આ દાયકાના અંત સુધી આપણે 6જી સર્વિસ પણ લોંચ કરી શકીએ, તે માટે પણ અમારી ટાસ્ક ફોર્સે કામ કરવાનું શરૂ કરી દીધું છે."**

**-નરેન્દ્ર મોદી,વડાપ્રધાન**

ઉત્પાદન પર ભાર મૂકવામાં આવ્યો છે. પરિણામે, મોબાઇલ મેન્યુફેક્ચરિંગ એકમોની સંખ્યા બેથી વધીને 200ને વટાવી ચૂકી છે. આજે ભારત વિશ્વનો સૌથી મોટો મોબાઇલ ઉત્પાદક દેશ છે. મોબાઇલ કનેક્ટિવિટી વધારવા માટે જરૂરી હતું કે કોલ અને ડેટા મોંઘો ન હોય. એટલાં માટે, ટેલિકોમ માર્કેટમાં તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપવામાં આવ્યું. આજે લગભગ પોણા બે લાખ ગ્રામ પંચાયતો સુધી બ્રોડબેન્ડ કનેક્ટિવિટી પહોંચી ચૂકી છે. ફોન અને ઇન્ટરનેટ સુધી વધુને વધુ ભારતીયોની પહોંચે શક્યતાઓનાં નવા દ્વાર ખોલ્યા છે. તેણે દેશમાં એક મજબૂત ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો પાયો નાખ્યો છે. દેશભરમાં 4 લાખ કોમન સર્વિસ સેન્ટર અંતરિયાળ વિસ્તારો સુધી સુવિધાઓ પહોંચાડે છે એટલું જ નહીં પણ લોકોની આજીવિકાનો આધાર બની રહ્યા છે. આજે ભારત વિશ્વનાં એ દેશોની હરોળમાં સામેલ છે, જ્યાં ઇન્ટરનેટ ડેટાનો સરેરાશ દર સૌથી ઓછો છે અને બ્રોડબેન્ડ સહિત ટેલિકોમ સેક્ટરનાં ગ્રાહકોની સંખ્યા સૌથી વધુ છે. ભારતમાં હાલમાં એક જીબી ડેટાનો સરેરાશ દર લગભગ 10 રૂપિયા છે. પ્રતિ વ્યક્તિ સરેરાશ ડેટા ઉપયોગ 14.3 જીબી છે. તો બ્રોડબેન્ડ ગ્રાહકોની સંખ્યા 79 કરોડથી વધુ છે. 2014 સુધી આ સંખ્યા આશરે 6.1 કરોડ જ હતી. પણ 4જી બાદ હવે 5જીનો વારો છે. ભારત આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આ દિશામાં આત્મનિર્ભરતા તરફ આગળ વધતાં ભારતે સ્વદેશી 5જી ટેસ્ટ બેડ (જૂઓ બોક્સ)ની શરૂઆત કરી છે. 17મેનાં રોજ યોજાયેલા ટ્રાઇ (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઇન્ડિયા) ના રજતજયંતી વર્ષ પર આયોજિત સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું લોકાર્પણ કર્યું. વડાપ્રધાને જણાવ્યું કે, 21મી સદીનાં ભારતમાં કનેક્ટિવિટી, દેશની પ્રગતિની ગતિને નક્કી કરશે. આ માટે દરેક સ્તરે કનેક્ટિવિટીને આધુનિક બનાવવી પડશે. તેમણે જણાવ્યું કે, 5જી ટેકનોલોજી પણ દેશનાં ગવર્નન્સમાં, ઇઝ ઓફ લિવિંગ, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં સકારાત્મક ફેરફાર લાવશે.

# ડ્રોન સેક્ટરમાં ભારતનાં ભવિષ્યનો પાયો



ડ્રોન હવે માત્ર સંરક્ષણ ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતા ઉપકરણ પૂરતું મર્યાદિત નથી, પણ બહુહેતુક ઉપકરણ સાબિત થઈ રહ્યું છે. તેનો ઉપયોગ વહીવટી કામ, ખેતી, લોજિસ્ટીક્સ જેવાં અનેક ક્ષેત્રો માટે કરી શકાય તેમ છે અને વિશ્વનાં અનેક દેશોમાં તે થઈ રહ્યું છે. હજુ થોડાં સમય પહેલાં ભારતે ડ્રોન માટે આયાત પર આધાર રાખવો પડતો હતો પણ હવે ભારત તેનાં ઉત્પાદન ક્ષેત્રમાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે. 2030 સુધી ભારતને ‘ડ્રોન હબ’ બનાવવાનો હેતુ છે. પીએલઆઈ જેવી યોજનાએ ડ્રોન ઉત્પાદન માટે  ભારત માટે સંભાવનાઓનાં દ્વાર ખોલ્યા છે. 27મેનાં રોજ નવી દિલ્હીનાં પ્રગતિ મેદાનમાં ભારતનાં સૌથી મોટા ડ્રોન મહોત્સવની શરૂઆત થઈ. મહોત્સવમાં વડાપ્રધાને ડ્રોન ઉડાડીને સમગ્ર દેશને એક સંદેશ આપ્યો. કાર્યક્રમમાં વડાપ્રધાને કહ્યું, “મારું એ સપનું છે કે ભારતનાં દરેક હાથમાં સ્માર્ટફોન હોય, દરેક ખેતરમાં ડ્રોન હોય અને દરેક ઘરમાં સમૃધ્ધિ હોય.” હવે શહેરોમાં જ નહીં, ગામ, અંતરિયાળ વિસ્તારોમાં આદિવાસી, પહાડી, દુર્ગમ વિસ્તારોમાં પણ ડ્રોનનાં વિવિધ ઉપયોગ જોવા મળી રહ્યા છે અને બહુ મદદરૂપ સાબિત થઈ રહ્યાં છે.”

**“ડ્રોન ટેકનોલોજી અંગે ભારતમાં જે ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે અદભૂત છે. આ જે ઊર્જા દેખાઈ રહી છે તે ભારતમાં ડ્રોન સર્વિસ અને ડ્રોન આધારિત ઉદ્યોગની લાંબી છલાંગનું પ્રતિબિંબ છે. તે ભારતમાં રોજગાર સર્જનનાં ઊભરી રહેલા સેક્ટરની સંભાવનાઓ દર્શાવે છે.”**

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન.


## ડ્રોન ટેકનોલોજી બની રહી છે મોટી ક્રાંતિનો આધાર

- પીએમ સ્વામિત્વ યોજનામાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને પ્રથમ વાર દેશનાં ગામોનું ડિજિટલ મેપિંગ કરવામાં આવી રહ્યું છે. કેદારનાથમાં પુનર્નિર્માણનું કામ શરૂ થયું ત્યારે વડાપ્રધાન ડ્રોન દ્વારા કામનું નિરીક્ષણ કરતા હતા.
- ભારતમાં કોવિડ દરમિયાન ડ્રોનથી રસી મોકલવામાં આવી, તો ખેડૂતોએ ડ્રોન દ્વારા યુરિયાનો છંટકાવ કર્યો. વૃક્ષ વાવવા માટે ડ્રોનથી બિયારણ નીચે નાખવામાં આવે છે.
- આ વર્ષે બીટિંગ રિટ્રીટ પ્રસંગે 10 મિનિટ સુધી 1000 ડ્રોનની મદદથી આકાશને ચમકાવવામાં આવ્યું. આ પ્રકારનો શો આયોજિત કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો હતો, ભારતમાં હાલમાં માત્ર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, સંરક્ષણ અને સિક્યોરિટી માટે જ ડ્રોનનું આયાત કરવાની મંજૂરી છે.

વડાપ્રધાનનું સંપુર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

# રાષ્ટ્રીય જૈવ-ઇંધણ નીતિમાં ફેરફાર, જાહેર એકમોનાં બોર્ડ ડિસઇન્વેસ્ટમેન્ટની ભલામણ કરી શકશે

**દેશની પ્રગતિ અને આત્મનિર્ભર ભારત માટે ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હોવી જરૂરી છે. એટલાં માટે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આઝાદીનાં 100 વર્ષ પૂરા થાય એટલે કે 2047 સુધી દેશને ઊર્જા શ્રેત્રમાં આત્મનિર્ભર બનાવવા માગે છે. આ પહેલ અંતર્ગત, કેન્દ્રીય મંત્રીમંડળે જૈવ-ઇંધણમાં થનારી પ્રગતિને ધ્યાનમાં રાખતા જૈવ-ઇંધણનું ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો છે, જેથી મેક ઇન ઇન્ડિયા અભિયાનનો માર્ગ મોકળો થાય. મંત્રીમંડળે જાહેર ક્ષેત્રોનાં એકમોનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સને ડિસઇન્વેસ્ટમેન્ટ, સહયોગી કંપનીઓ અને સંયુક્ત સાહસોને બંધ કરવાનો અધિકાર આપ્યો છે.....**



- **નિર્ણયઃ** અનેક સુધારા સાથે રાષ્ટ્રીય જૈવ-ઇંધણ નીતિ 2018ને મંજૂરી આપવામાં આવી છે. તેમાં પેટ્રોલમાં 20 ટકા ઇથેનોલ મિશ્રણનું લક્ષ્ય 2030 પહેલાં 2025-26માં જ પ્રાપ્ત કરવાનો સમાવેશ થાય છે.

- **અસરઃ** રાષ્ટ્રીય જૈવ-ઇંધણ નીતિમાં સાનુકુળ ફેરફારોને કારણે સ્વદેશી ટેકનોલોજીનાં વિકાસ માટે આકર્ષણ અને સમર્થન વધશે. સાથે સાથે, જૈવ-ઇંધણનાં વધુ ઉત્પાદન દ્વારા પેટ્રોલિયમ પેદાશોની આયાતમાં ઘટાડો કરી શકાશે અને વધુ રોજગાર પેદા થશે. જૈવ-ઇંધણ માટે અનેક ફીડસ્ટોક્સને મંજૂરી આપવામાં આવી રહી છે. આ પગલાંથી, આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન મળશે અને 2047 સુધી ભારતને ઊર્જા ક્ષેત્રમાં સ્વતંત્ર બનાવવાનાં વડાપ્રધાનનાં સપનાને સાકાર કરી શકશે.

- **નિર્ણયઃ** મંત્રીમંડળે જાહેર ક્ષેત્રના સાહસોના હોલ્ડિંગ/પેરેન્ટના બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સંયુક્ત સાહસોમાં તેમની પેટા કંપનીઓ/એકમો/હિસ્સામાં વિનિવેશ/બંધ કરવાની પ્રક્રિયાની ભલામણ કરવા અને પ્રક્રિયા હાથ ધરવા માટે અધિકાર આપ્યા અને વૈકલ્પિક વ્યવસ્થાતંત્ર માટે વધારાની સત્તા આપી.

- **અસરઃ** આ પ્રસ્તાવનો હેતુ હોલ્ડિંગ જાહેર એકમોનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સને નિર્ણય લેવા માટે વધુ સ્વાયત્તતા પૂરી પાડવાનો અને સહાયક કંપનીઓ કે સંયુક્ત સાહસોમાં પોતાનાં રોકાણ અંગે યોગ્ય સમયે ભલામણ કરીને જાહેર એકમોનાં કામકાજમાં સુધારો લાવવાનો છે. આ નિર્ણયને પગલે તેઓ પોતાની સહાયક કંપનીઓ કે એકમો અને સંયુક્ત સાહસોને યોગ્ય સમયે બંધ કરીને પોતાનું રોકાણનું મોનેટાઇઝેશન કરવા સક્ષમ બનશે. આ ઉપરાંત, તેને લીધે જાહેર ક્ષેત્રનાં એકમોને ઝડપી નિર્ણય લેવામાં મદદ મળશે અને ફાલતુ ખર્ચમાં રાહત મળશે. ●

# 100% લાભ લાભાર્થી સુધી પહોંચાડવાનો લક્ષ્ય

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકારે કલ્યાણકારી યોજનાઓ દ્વારા લોકોનાં જીવનધોરણમાં સુધારો કર્યો છે. ગરીબોનું સન્માન, સલામતી અને સમૃધ્ધિને સમર્પિત સરકારનું લક્ષ્ય હવે અમૃત કાળમાં 100 ટકા લાભાર્થીઓ સુધી પહોંચવાનું છે. સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં મંત્ર માટે સરકાર સતત દેશની વિકાસ યાત્રાને વેગ આપી રહી છે, જેથી નવી ઊર્જા અને નવાં લક્ષ્ય સાથે 130 કરોડ લોકોનાં સપનાનાં નવા ભારતને બનાવવાનો સંકલ્પ પૂરો થાય..**



"આવો એક નવાં ભારતની દિશામાં કામ કરીએ. એક એવું ભારત જેની ઓળખ આધુનિક હોય.. એક એવું ભારત જે દેશની સાથે સાથે દુનિયાની પણ માંગ પૂરી કરે. એક એવું ભારત જે લોકલ માટે વોકલ હોય. એક એવું ભારત જે આત્મનિર્ભર હોય." કેન્દ્ર સરકારનાં 8 વર્ષની સમાપ્તિ પ્રસંગે હિમાચલ પ્રદેશની રાજધાની સિમલામાં આયોજિત રાષ્ટ્રીય કાર્યક્રમમાં વડાપ્રધાનનાં આ શબ્દ એ નવા ભારતનો સંકલ્પ છે, જેની યાત્રા આઝાદીના અમૃત મહોત્સવ વર્ષથી શરૂ થઈ ચૂકી છે. આ પ્રસંગે, વડાપ્રધાને કેન્દ્ર સરકાર સાથે સંકળાયેલી ડઝનબંધ યોજનાઓનાં લાભાર્થી સાથે સીધો સંવાદ કર્યો. તેમણે પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું, "મારું જીવન 130 કરોડ દેશવાસીઓનાં કલ્યાણને સમર્પિત છે. અમારી સરકારનાં 8 વર્ષની સમાપ્તિ પ્રસંગે હું પુનરોચ્ચાર કરું છું કે મારું જીવન હંમેશા ગરીબમાં ગરીબ વ્યક્તિનાં સન્માન, સલામતી અને સમૃધ્ધિ માટે સમર્પિત રહેશે." આ પ્રસંગે વડાપ્રધાને કિસાન સન્માન નિધિ અંતર્ગત લગભગ 11 કરોડ ખેડૂતોનાં ખાતામાં 11મો હપ્તો ટ્રાન્સફર કર્યો. દેશમાં પ્રથમ વાર 11 હપ્તાઓ દ્વારા ખેડૂતોનાં ખાતામાં બે લાખ કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે.

આઠ વર્ષ સફળતાપૂર્વક પૂરાં કર્યા પછી વડાપ્રધાનનું લક્ષ્ય દરેક યોજનાનો લાભ 100 ટકા લાભાર્થીઓ સુધી પહોંચવાનું છે. તેમણે આ મંચ પરથી તેનો પુનરોચ્ચાર કર્યો. વડાપ્રધાને દરેક યોજનામાં જે રીતે જન ભાગીદારીને પ્રાથમિકતા આપી છે તેનાં પરિણામે દરેક ભારતીય યોજના સાથે જોડાયેલો હોવાનું અનુભવે છે. વડાપ્રધાને કહ્યું, આપણે ભારતવાસીઓની તાકાતની સામે કોઇ પણ લક્ષ્ય અશક્ય નથી. આજે ભારત વિશ્વનાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામતા અર્થતંત્રોમાંનું એક છે. તેમનું કહેવું હતું કે, આજે ત્રણ કરોડથી વધુ ગરીબોને ઘર મળ્યાં છે, 25 કરોડથી વધુ લોકો પાસે અકસ્માત વીમો છે અને 45 કરોડ લોકો પાસે જન ધન બેન્ક ખાતાં છે. ભારતે લાંબી યાત્રા કરી છે, જ્યાં ઘર ઘરમાં એલપીજી છે, આયુષ્યમાન ભારત અંતર્ગત લોકો પાસે આરોગ્ય વીમો હોય છે, રાષ્ટ્રીય સલામતીને મજબૂત કરવામાં આવી છે, પૂર્વોત્તરનાં અંતરિયાળ વિસ્તારોમાં કનેક્ટિવિટી છે. એકંદરે, ભારત આજે વિકાસનાં માર્ગ પર આગળ વધી રહ્યું છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના

એક સમય હતો જ્યારે પાકું મકાન ન હોવાથી પરિવારનાં સભ્યોએ ગરમી અને વરસાદમાં રહેવું પડતું હતું. પાણી મેળવવા માટે મહિલાઓએ લાંબી લાઇનમાં ઊભું રહેવું પડતું હતું. વર્ષ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં સરકાર રચાઈ. એ પછી દેશમાં નવી તકોનો યુગ શરૂ થયો. પાકાં મકાનનું સપનું ધરાવતા લોકોને માનભેર જીવન જીવવાની તક મળી.

લાભાર્થી **2.55** કરોડ ગ્રામીણ વિસ્તારોમાં
59 લાખ શહેરી વિસ્તારોમાં

**"પહેલાં અમારી પાસે કાચું મકાન હતું. વરસાદમાં મુશ્કેલી થતી હતી. આંગણું પણ નહોતું અને શૌચાલય પણ નહોતુ, હવે પાક્કું ઘર મળ્યું છે, શૌચાલય પણ બન્યું છે, હું બહુ ખુશ છું. મને આ યોજનાઓ અંગે કોઇ સમસ્યા ન નડી, ટીવી ચેનલ દ્વારા જાણવા મળ્યું અને પછી મ્યુનિસિપલ એજન્સીએ જમીન જોઇ. બાદમાં મને લાભ મળ્યો.**

-તાશી તુંડુપ, ભૂતપુર્વ સૈનિક, લડાખ

## વન નેશન-વન રેશન કાર્ડ

કોવિડ દરમિયાન જ 'વન નેશન, વન રેશન કાર્ડ' લાગુ કરવામાં આવ્યું. એ પછી રેશન કાર્ડધારક દેશની કોઇ પણ રેશનિંગની દુકાનેથી અનાજ લઈ શકે છે. આ યોજના અંતર્ગત 77 કરોડ રેશનકાર્ડ ધારકો નિર્વિઘ્ને કોઇ પણ સ્થળેથી અનાજ ખરીદી શકે છે.




**બિહારના સમસ્તીપુરના વતની પંકજ શનિ છેલ્લાં 10 વર્ષથી ત્રિપુરામાં રહે છે. જલ જીવન મિશન દ્વારા તેમનાં ઘરમાં નળનું જોડાણ છે તો સૌભાગ્ય યોજના દ્વારા વીજળીનું જોડાણ મળી ગયું છે. વન નેશન-વન રેશન કાર્ડને કારણે રેશનની સમસ્યાનો પણ ઉકેલા આવી ગયો છે. હવે પંકજ ત્રિપુરામાં આ યોજના અંતર્ગત રેશન ખરીદી લે છે.**

## પીએમ-ઉજ્જવલા

વંચિતો, શોષિતોની સામાજિક-આર્થિક સ્થિતિ બદલવામાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ઘણી મદદરૂપ સાબિત થઈ અને નિઃશુલ્ક ગેસ જોડાણોએ કરોડો મહિલાઓ-પરિવારોની જિંદગી બદલી નાખી.

**9.22** કરોડ જોડાણો આપવામાં આવ્યા છે આ યોજના અંતર્ગત

**"ઘર મળ્યું, પહેલાં માટીનું ઘર હતું. હવે ઘરમાં શૌચાલય પણ છે. હવે તાળું મારીને ગમે ત્યાં જઇ શકીએ છીએ. દીકરી બીએ અને દીકરો ઇન્ટરમાં ભણે છે. એક દીકરો અને એક દીકરી શાળામાં જાય છે. હવે સગવડ મળી ગઇ છે તેથી જલ્દી રસોઇ બનાવીને બાળકોને ભણવા મોકલી દઇએ છીએ.**

-લલિતા દેવી, બાંકા, બિહાર

## દરેક ગામ સુધી વીજળીઃ

વર્ષ 2014થી શરૂ થયેલું પરિવર્તન આજે એ ગામડાં સુધી પણ પહોંચ્યું છે જ્યાં આઝાદીનાં 70 વર્ષ પછી પણ અંધારામાં ડૂબેલા હતા. આ જ રીતે, 18,000 ગામોમાં નિર્ધારિત સમયમર્યાદા પહેલાં વીજળી પહોંચી.



## સ્વચ્છ ભારત અભિયાન

સ્વચ્છ ભારત અભિયાન સામાજિક સ્થિતિમાં એક મોટો પરિવર્તન લઈ આવ્યું છે. લાલ કિલ્લા પરથી સ્વચ્છતાનું આહવાન જન આંદોલન બની ગયું અને વડાપ્રધાન મોદીના સંકલ્પને જનતાનો સાથ મળ્યો. પરિણામ એ આવ્યું કે આજે દેશમાં ખુલ્લામાં શૌચથી મુક્ત (ODF) બન્યો છે. 11.58 કરોડ શૌચાલયોનાં નિર્માણથી લાભાર્થીઓને ગંદકીમાંથી મુક્તિ મળી.



## પીએમ ગરીબ કલ્યાણ યોજના

વર્ષ 2020માં જ્યારે દેશ સમક્ષ કોવિડ મહામારીનો પડકાર આવ્યો ત્યારે સરકાર મદદગાર સાબિત થઈ. રેશનની ચિંતામાં પરેશાન લોકોને રાહત પૂરી પાડી અને શરૂ થઈ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના. આ યોજનાએ લોકોને ગરીબી રેખાથી નીચે જતાં રોકી લીધા અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ ભારત સરકારની આ યોજનાની પ્રશંસા કરી.

**3.40**

લાખ કરોડ રૂપિયા ખર્ચ થશે માર્ચ 2020 થી સપ્ટેમ્બર 2022 સુધી

**1,003**

લાખ મેટ્રિક ટન અનાજનું મફત વિતરણ

## સ્વનિધિ યોજના

મહામારી દરમિયાન આર્થિક પડકારોને જોતાં સરકારે લારી ગલ્લાવાળાઓ માટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાનો શુભારંભ કર્યો, જેથી કોઇને પણ રોજગારથી વંચિત ન રહેવું પડે. લારી ગલ્લાવાળાઓને 10,000 રૂપિયાનું ધિરાણ આપવામાં આવે છે. 32 લાખ લારી ગલ્લાવાળાઓ આજે સ્વનિધિ યોજના દ્વારા ધિરાણ મેળવીને આત્મસન્માનથી જીવન જીવી રહ્યા છે.

## ખેડૂતોનું માન પણ, સન્માન પણ

વડાપ્રધાન મોદીના વડપણ હેઠળની સરકારે સામાજિક સલામતીનું વર્તુળ વધારીને ખેડૂતો તથા શ્રમિકો માટે પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના શરૂ કરી, તો તમામ માટે અટલ પેન્શન યોજનાની પણ પહેલ કરી. કિસાન સન્માન નિધિ અંતર્ગત દેશનાં ખેડૂતોને વર્ષે 6,000 રૂપિયાની સન્માન નિધિ પણ આપવામાં આવી રહી છે.



**12.5 કરોડથી વધુ ખેડૂતોને અત્યાર સુધી લાભ મળી ચૂક્યો છે. વર્ષમાં બે-બે હજારનાં ત્રણ હપ્તા દ્વારા મદદ મળી. અત્યાર સુધી 11 હપ્તામાં બે લાખ કરોડથી વધુ રકમ આપવામાં આવી છે.**

**"સરકાર પાસેથી સુવિધા મળી અને થોડાં પૈસા મજૂરીથી ભેગા કરીને પાકું ઘર બનાવી લીધું. પૈસા મેળવવામાં કોઈ વાંધો ન આવ્યો. હું ખેતીવાડી પણ કરું છું. અત્યાર લસણ ઉગાડ્યું છે, પછી વટાણા લગાવીશું. મને બે-બે હજાર કરીને 6,000 રૂપિયા મળ્યા છે.**

-સમા દેવી, સિરમોર, હિમાચલ પ્રદેશ

## જલજીવન મિશન

આર્થિક સામાજિક વિકાસની શ્રૃંખલામાં વધુ એક મહત્વપૂર્ણ યોજના જલ જીવન મિશન શરૂ થઈ. પાણીની અછતનો સામનો કરી રહેલા વિસ્તારો સુધી પાઇપ દ્વારા પીવાનું શુધ્ધ પાણી પહોંચાડ્યું અને કરોડો પરિવારોનાં જીવનધોરણમાં મોટું પરિવર્તન આવ્યું. 9.6 કરોડ ઘરોમાં હાલમાં નળથી જળ આવી રહ્યું છે. 2019 સુધી આ સંખ્યા માત્ર 3,2 કરોડ જ હતી.

## સ્વામિત્વ યોજના

પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજના દ્વારા સંપત્તિ વિવાદને ઓછાં કરવા અને ગ્રામીણ વિસ્તારોમાં માલિકીનો અધિકાર સોંપવા માટેની મોટી પહેલ કરી છે.

1.35 લાખ ગામોમાં 1 મે 2022 સુધી ડ્રોન દ્વારા સર્વેનું કામ પૂરું થયું. 36 લાખથી વધુ સંપત્તિ કાર્ડ 31,000 ગામોમાં વિતરિત કરી દેવામાં આવ્યા છે.

## આયુષ્યમાન ભારત

સરકારે આરોગ્ય સુવિધાઓનું વિસ્તરણ કરીને આયુષ્યમાન ભારત જેવી મહત્વાકાંક્ષી યોજના પણ શરૂ કરી. યોજનાથી 10 કરોડ પરિવારોને વર્ષે પાંચ લાખ રૂપિયાનાં મફત ઇલાજની સુવિધા મળી.

**18** **કરોડથી વધુ આયુષ્યમાન કાર્ડ અત્યાર સુધી વિતરીત કરવામાં આવ્યા.**

**3.44** **કરોડ પરિવારોને આ યોજના અંતર્ગત પ્રથમ વાર મળ્યો સારી અને મફત સારવારનો અધિકાર**

**"પહેલાં અમારા ગામમાં સુવિધા નહોતી ત્યારે બહુ મુશ્કેલી પડી. મારી માતાને બહુ તકલીફ પડતી હતી. હેલ્થ અને વેલનેસ સેન્ટર બન્યા બાદ અમને મફતમાં તપાસ અને દવાનો લાભ મળી રહ્યો છે. મારી માતા પણ હવે સ્વસ્થ છે. આ બધું આપની કૃપાથી થયું છે. તેથી તમારો આભાર માનીએ છીએ.** -સંતોષી, કલબુર્ગી, કર્ણાટક

## પીએમ મુદ્રા યોજના

**રોજગાર અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ચલાવવામાં આવી રહેલી પ્રધાનમંત્રી મુદ્રા યોજનાએ દેશમાં 35 કરોડ લોકોનાં સપના સાકાર કરવામાં મદદ કરી છે. 3 કરોડથી વધુ લોન મંજૂર કરી દેવામાં આવી છે, અત્યાર સુધી. 50,000થી 10 લાખ રૂપિયા સુધીની ગેરન્ટી વિનાની લોન.**



**મારું મંડપ બનાવવાનું નાનું કામ હતું. 7.20 લાખ રૂપિયાની લોન મળી. અમે પહેલાં નાનો ધંધો કરતા હતા, પણ લોન મળ્યાં બાદ ધંધો વધાર્યો. પહેલાં 8 લોકોને રોજગાર મળતો હતો હવે 12 જણને મળે છે. પેમેન્ટ પણ ડિજિટલ કરીએ છીએ. કોરોના કાળમાં જેને જરૂર હતી તેને અનાજ આપ્યું. મારી આવક વધુ છે તો આયુષ્યમાન ભારત કાર્ડ નથી બનાવ્યું પણ જેને જરૂર હતી તેમને કાર્ડ અપાવ્યું.**

-અરવિંદ, મહેસાણા,ગુજરાત

## રાષ્ટ્રીય પોષણ અભિયાન

સ્વચ્છતા અને જલ મિશનની સાથે પૌષ્ટિક આહાર પૂરો પાડવાની જરૂર હતી. સરકારે પડકાર ઉપાડીને વર્ષ 2017માં માતૃ વંદના યોજના અને 2018માં રાષ્ટ્રીય પોષણ અભિયાનની શરૂઆત કરી. ગર્ભવતી મહિલાને 6000 રૂપિયાની મદદ કરવામાં આવે છે. રાષ્ટ્રીય પોષણ અભિયાનના કુલ લાભાર્થી 11 કરોડ છે.

## જન ઔષધિ પ્રોજેક્ટ

હવે ગરીબોને સરળતાથી સારવાર મળી રહી છે, તો જન ઔષધિ કેન્દ્રોએ દર્દીઓને સસ્તા ભાવમાં દવાઓ પહોંચાડવામાં મોટી ભૂમિકા ભજવી છે. લોકોએ જન ઔષધિ યોજના દ્વારા નાણાકીય વર્ષ 2021-22માં 5360 કરોડ રૂપિયાની બચત થઈ છે. 8700થી વધુ જન ઔષધિ કેન્દ્ર માર્ચ 2022 સુધી સમગ્ર દેશમાં ખોલવામાં આવ્યા છે. ●





# સિમલામાં ગરીબ કલ્યાણ સંમેલન

કેન્દ્ર સરકારનાં 8 વર્ષ પૂરા થવા પ્રસંગે સિમલામાં ગરીબ કલ્યાણ સંમેલન યોજાયું હતું. વિવિધ રાજ્યોની રાજધાનીઓ, જિલ્લા વડામથકો અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો પર તેનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશભરનાં 1500 સ્થળોથી લાખો લોકો આ કાર્યક્રમ સાથે જોડાયા. આ સંમેલન સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલાં વિવિધ કલ્યાણકારી કાર્યક્રમો અંગે લોકોનાં અભિપ્રાય લેવા માટે યોજાયું હતું અને દેશભરનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે જનતા દ્વારા સીધો સંવાદ કરવાનો પ્રસંગ હતો. આ સંમેલનમાં મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી, રાજ્ય મંત્રી, સંસદ સભ્યો, વિધાનસભાના સભ્યો અને અન્ય ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ દેશભરમાં પોતપોતાનાં સ્થળોએથી જનતા સાથે સીધો સંવાદ કર્યો અને શિમલામાં વડાપ્રધાન મોદી પણ જોડાતાં એક રાષ્ટ્રીય આયોજન બન્યું. આ દરમિયાન વડાપ્રધાને પણ કેન્દ્ર સરકારનાં 9 મંત્રાલયો-વિભાગો સાથે સંકળાયેલી ડઝનબંધ યોજનાઓનાં લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો.

**કરોડો લોકોને ચાર લાખ રૂપિયા સુધીનો અકસ્માત અને જીવન વીમાની સુવિધા મળી છે. કરોડો લોકોને 60 વર્ષની ઉંમર બાદ નિશ્ચિત પેન્શનની સુવિધા મળી. પોતાનું પાકું ઘર, શૌચાલય, ગેસ જોડાણ, વીજળી જોડાણ, પાણીનું જોડાણ, બેન્કમાં ખાતું જેવી સુવિધાઓ મેળવવા સરકારી કચેરીઓનાં આંટા મારીને લોકોની જિંદગી પૂરી થઇ જતી હતી. તેઓ હારી જતા હતા, અમારી સરકારે આ સમગ્ર પરિસ્થિતિને બદલી નાખી. મારું સપનું છે પૂર્ણતા, સો-ટકા લક્ષ્ય તરફ આપણે આગળ વધીએ.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



# 'સહકારથી સમૃધ્ધિ'ની સાથે ગરીબ કલ્યાણનું લક્ષ્ય

**ભારતીય સંસ્કૃતિમાં સમરસતા અને સામાજિક સહયોગનાં વિચારને મહત્વ આપવામાં આવ્યું છે. સહકાર ક્ષેત્રનો વિકાસ આ ભાવનાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. ગુજરાતને સહકાર ક્ષેત્રમાં આદર્શ માનવામાં આવે છે. અહીં, 84,000 સહકારી મંડળીઓનાં આશરે 2.31 કરોડ સભ્યો છે. દેશને પ્રથમ વાર સહકારિતા મંત્રાલય આપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી 28મેનાં રોજ પોતાના ગૃહ રાજ્ય ગુજરાત ગયા ત્યારે તેમણે ફરી એક વાર 'સહકારથી સમૃધ્ધિ' વિષય પર પોતાનું વિઝન દેશ સમક્ષ રજૂ કર્યું. આ ઉપરાંત ખેડૂતોનાં હિતમાં મહત્વનું પગલું ભરતા તેમણે ઈફ્કો, કલોલમાં નવનિર્મિત નેનો લિક્વિડ યુરિયા પ્લાન્ટનું ઉદઘાટન કર્યું, તો રાજકોટમાં કેડીપી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલની પણ મુલાકાત લીધી....**

ભારતની અનેક મુશ્કેલીઓનો અંત આત્મનિર્ભરતામાં છે. આત્મનિર્ભરતા એક સુંદર મોડલ, સહકાર પણ છે. 'સહકારિતાથી સમૃધ્ધિ તરફ' ની કલ્પનાને સાકાર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અલગથી સહકાર મંત્રાલયની રચના કરી એટલું જ નહીં પણ આ મંત્રાલયની જવાબદારી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને આપી. સહકારની સૌથી મોટી શક્તિ લોકોનો વિશ્વાસ, સહયોગ, સામૂહિક શક્તિ અને સૌનાં સામર્થ્યથી સંગઠનની તાકાતને વધારવાનો છે. આઝાદીનાં અમૃત કાળમાં ભારતની સફળતાની આ જ ગેરન્ટી છે.

ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવાનાં અનેક મોડલ આપણી સમક્ષ છે, જે સહકારિતાનાં સફળ પ્રયોગો છે. ગુજરાતમાં અમૂલ અને લિજ્જત પાપડ સૌથી મોટી સફળતાનાં ઉદાહરણો છે. ગુજરાતમાં સહકારિતાનું સૌથી મજબૂત ઉદાહરણ અમૂલ દૂધ છે. આ જ રીતે, ગુજરાતી મૂળની મહિલાએ લિજ્જત પાપડની શરૂઆત કરી આજે તે મલ્ટીબ્રાન્ડ બની ગઈ છે. જસવંતીબેને શ્રી મહિલા ગૃહ ઉદ્યોગ લિજ્જત પાપડની શરૂઆત કરી હતી. હાલમાં મુંબઈ રહેતા જશવંતીબેનને તાજેતરમાં જ પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ભારત વિશ્વનું સૌથી મોટું દૂધ ઉત્પાદક છે, જેમાં ગુજરાતનો હિસ્સો મોટો છે. આજે ભારત એક વર્ષમાં લગભગ આઠ લાખ કરોડ રૂપિયાનાં દૂધનું ઉત્પાદન કરે છે. અહીં આશરે 5500 દૂધ સહકારી મંડળીઓ મહિલાઓ ચલાવે છે. એ જ રીતે, 9 લાખ કરોડ રૂપિયાનું પશુપાલન ક્ષેત્ર છે, જે ભારતનાં નાના ખેડૂતો, જમીનવિહોણા અને શ્રમિકો માટે મોટો આધાર છે. સહકારિતાને તાકાત આપવા માટે સરકારે સહકારી સમિતિઓ સાથે સંકળાયેલા ટેક્સમાં ઘટાડો કરવાની સાથે સાથે તેને ખેડૂત ઉત્પાદક સંઘની સમકક્ષ કરી દીધો છે.

**વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.**

# ગુજરાતે આપેલા સંસ્કારોએ મને માતૃભૂમિની સેવા શીખવાડી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજકોટના આટકોટ સ્થિત નવનિર્મિત માતુશ્રી કેડીપી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. કેન્દ્ર સરકારનાં આઠ વર્ષ પૂરા થાય તેનાં બે દિવસ પહેલાં યોજાયેલા આ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ ગુજરાતની ધરતી, સંસ્કાર અને ત્યાંથી મળેલી શીખનો ઉલ્લેખ કર્યો, તો આઠ વર્ષની સેવા અને સુશાસનમાં ગરીબ કલ્યાણને આપેલી પ્રાથમિકતાનો પુનરોચ્ચાર કર્યો. ગુજરાતની ધરતીને નમન કરતા તેમણે કહ્યું, "આજે જ્યારે હું ગુજરાતની ધરતી પર આવ્યો છું ત્યારે ગુજરાતના તમામ નાગરિકોનું શીશ નમાવીને આદર કરવા માંગું છું. તમે મને જે સંસ્કાર આપ્યા, તમે મને જે બોધ આપ્યો, તમે મને સમાજ માટે શું કરવું જોઇએ તે બધું શીખવાડ્યું તેને કારણે જ મેં છેલ્લાં આઠ વર્ષથી માતૃભૂમિની સેવામાં કોઇ કસર નથી છોડી."

કેન્દ્ર સરકારનાં આઠ વર્ષનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "સ્વદેશી ઉકેલો દ્વારા અર્થતંત્ર મજબૂત કરવાના રાષ્ટ્રપિત મહાત્મા ગાંધીનાં માર્ગ પર આગળ વધતી સરકારમાં હવે ત્રણ કરોડથી વધુ પરિવારોને પાકું ઘર મળ્યું, 10 કરોડથી વધુ પરિવારો ખુલ્લામાં શૌચથી મુક્ત થયા, 9 કરોડથી વધુ મહિલાઓને ગેસનાં જોડાણ મળ્યા, 2.5 કરોડથી વધુ પરિવારોને વીજળી, અને છ કરોડથી વધુ પરિવારોને પાણીનાં જોડાણ મળ્યા, તો 50 કરોડથી વધુ લાભાર્થીઓને પાંચ લાખ રૂપિયા સુધીનો મફત આરોગ્ય વીમો મળ્યો છે. આ માત્ર આંકડા નથી, પણ ગરીબોનાં સન્માન અને દેશ સેવા માટે સરકારના સમર્પણની સાબિતી છે. 2001માં જ્યારે ગુજરાતનાં લોકોએ મને તક આપી ત્યારે રાજ્યમાં માત્ર 9 મેડિકલ કોલેજો હતો, હવે ગુજરાતમાં 30 મેડિકલ કોલેજ છે, હું ગુજરાત અને દેશનાં દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ જોવા માંગું છું. અમે નિયમોમાં ફેરફાર કર્યા છે અને હવે મેડિકલ અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં અભ્યાસ કરી શકશે."



> **"પૂજ્ય બાપુ અને સરદાર વલ્લભભાઇ પટેલની આ પવિત્ર ધરતીના સંસ્કાર છે કે આઠ વર્ષમાં ભૂલથી પણ એવું કંઇ ન થયું કે નથી એવું કંઇ કર્યું જેનાં કારણે તમારે કે દેશનાં કોઇ પણ નાગરિકને પોતાનું માથું નમાવવું પડે."**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

# ફર્ટિલાઇઝરનાં ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ એક ડગલું...

ભારત ફર્ટિલાઇઝરનું બીજું સૌથી મોટું વપરાશકર્તા છે, અને તેનાં ઉત્પાદનમાં વિશ્વમાં ત્રીજા ક્રમે છે. 7-8 વર્ષ પહેલાં યુરિયા માટે ખેડૂતોને લાઇનમાં ઊભા રહેવું પડતું હતું અને પોલિસની લાકડી ખાવી પડતી હોવાનાં સમાચારો આવતા હતા. આપણે જરૂરિયાતનાં ચોથા ભાગની આયાત કરીએ છીએ. પોટાશ અને ફોસ્ફેટ તો લગભગ 100 ટકા આયાત કરવું પડતું હતું. ભારતનાં ખેડૂતોને મુશ્કેલી ન નડે તે માટે ગયા વર્ષે કેન્દ્ર સરકારે ખાતર પર 1.60 લાખ કરોડ રૂપિયાની સબસિડી આપી છે. ખેડૂતોને મળેલી આ રાહતનું મૂલ્ય લગભગ બે લાખ કરોડ થાય છે. આ સમસ્યાનાં ઉકેલ માટે કેન્દ્ર સરકારે નેનો લિક્વિડ યુરિયા પર નજર દોડાવી છે. તેની અડધા લિટરન બોટલ એક બોરી યુરિયાની જરૂરિયાત પૂરી કરે છે. 175 કરોડ રૂપિયાનાં ખર્ચે ઇફ્કો, કલોલ ખાતે નેનો લિક્વિડ યુરિયા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ગુજરાત પ્રવાસ દરમિયાન વડાપ્રધાને આ પ્લાન્ટનું ઉદઘાટન કરતા જણાવ્યું, નેનો યુરિયાથી ખર્ચ ઓછો થશે અને બજારમાંથી ઘરે લાવવામાં પણ સરળતા રહેશે. નાના ખેડૂતો માટે આ બહુ મોટો આધાર છે. આ પ્લાન્ટમાં દરરોજ 500 મિલિલિટરની લગભગ 1.5 લાખ બોટલનું ઉત્પાદન થશે. ભવિષ્યમાં આવા આઠ પ્લાન્ટ સ્થાપવામાં આવશે. યુરિયા અંગે વિદેશી નિર્ભરતા પર ઘટાડો થશે અને દેશમાં બચત પણ થશે. ભવિષ્યમાં આ ઇનોવેશનથી અન્ય નેનો ખાતર પણ ઉત્પાદિત કરી શકાશે.



તામિલનાડુને 8 વર્ષમાં એક લાખ કરોડ રૂપિયાનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ

# “ઇન્ફ્રાસ્ટ્રક્ચર માત્ર આંકડા નથી, દેશનાં વિકાસનો આધાર છે.”

**ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે ભારતનાં ટોચનાં નેતૃત્વનું વિઝન શું છે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ઉપરોક્ત શબ્દોમાં દેખાઈ આવે છે. એટલાં માટે જ દેશમાં હવે દરેક સેક્ટરમાં મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ ચાલી રહ્યું છે. હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અર્થ માત્ર માર્ગ, વીજળી અને પાણી નથી પણ આજે ભારત ગેસ પાઈપલાઈન નેટવર્કનાં વિસ્તરણ પર કામ કરી રહ્યું છે. આઈ-વેઝ પર કામ ચાલી રહ્યું છે. દરેક ગામ સુધી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડવાની સરકારની યોજના છે. દેશભરમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણનાં ભાગ રૂપે 26મેનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેન્નાઈમાં 31,530 કરોડ રૂપિયાનાં ખર્ચની 11 મહત્વની યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું....**

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માત્ર મૂડી સંપત્તિ બનાવવાનું અને લાંબા સમયગાળા સુધી વળતર કમાવવાનું સાધન નથી. તે માત્ર આંકડા પૂરતો મર્યાદિત પણ નથી, આ લોકો સાથે સંકળાયેલો વિકાસ છે. તે નાગરિકોને સમાન રીતે અત્યાધુનિક ગુણવત્તાપૂર્ણ, ભરોસામંદ અને ટકાઉ સેવા પૂરી પાડવાનો વિષય છે. આંકડા કહે છે કે છેલ્લાં આઠ વર્ષમાં તામિલનાડુમાં જ એક લાખ કરોડ રૂપિયાથી વધુનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી છે.

ચેન્નાઇના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં બેંગલુરુ-ચેન્નાઇ એક્સપ્રેસ વે સહિતનાં અન્ય વિકાસ કાર્યોનું શિલારોપણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, “અમારું લક્ષ્ય ગરીબોનું કલ્યાણ કરવાનું છે. સામાજિક માળખા પર ભાર મૂકવાથી ‘સર્વજન હિતાય, સર્વજન સુખાય’ના સિધ્ધાંત પર આપણી આસ્થા સ્પષ્ટ થાય છે. સરકાર મહત્વની યોજનાઓને અમલીકરણનાં તબક્કા સુધી લઈ જવા માટે કામ કરી રહી છે. કોઇ પણ સેક્ટર લો-શૌચાલય, આવાસ, નાણાકીય સર્વસમાવેશિતા.. અમે સંપૂર્ણતા સાથે કામ કરી રહ્યા છીએ. જ્યારે તે પૂરું થશે ત્યારે કોઇ પણ વ્યક્તિ તેનાં દાયરાની બહાર રહી જાય તેની કોઇ સંભાવના નહીં રહે.”

### 5 પ્રોજેક્ટ્સનું લોકાર્પણઃ 6 પ્રોજેક્ટ્સ સાથે 5 રેલવે સ્ટેશનોનાં આધુનિકીકરણની આધારશિલા

વડાપ્રધાને રૂપિયા 2960 કરોડથી વધુનાં પાંચ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું. 75 કિલોમીટર લાંબો મદુરાઇ-ટેની (રેલ ગેજ પરિવર્તન) પ્રોજેક્ટથી આ વિસ્તારમાં અવરજવરમાં સરળતા રહેશે અને પર્યટનને પ્રોત્સાહન મળશે. તંબરમ-ચેંગલપટ્ટુ વચ્ચે 30 કિલોમીટર લાંબી ત્રીજી રેલવે લાઇનથી વધુ સબઅર્બન રેલવે સેવા ચલાવવામાં મદદ મળશે. ઇટીબી પીએનએમટી નેચરલ ગેસ પાઇપલાઇનનાં 115 કિ.મી. લાંબા એન્નોર-ચેંગલપટ્ટુ સેક્શન અને 271 કિ.મી. લાંબા તિરુવલ્લુર-બેંગલુરુ સેક્શન શરૂ થવાથી ગ્રાહકો ઉપરાંત તામિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશનાં ઉદ્યોગોને પણ નેચરલ ગેસ સપ્લાયની સુવિધા મળશે. શહેરી આવાસ યોજના અંતર્ગત લાઇટ હાઉસ પ્રોજેક્ટ, ચેન્નાઇ અંતર્ગત બનેલા 1152 મકાનોનું ઉદઘાટન કરવામાં આવ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છ પ્રોજેક્ટ્સનું શિલારોપણ પણ કર્યું, જેને 28,540 કરોડ રૂપિયાનાં ખર્ચે બનાવવામાં આવશે. રૂ. 188 કરોડનાં ખર્ચે પુનર્નિર્માણ થનારા પાંચ રેલવે સ્ટેશનોનું શિલારોપણ કરવામાં આવ્યું, જેમાં ચેન્નાઇ એગમોર, રામેશ્વરમ, મદુરાઇ, કટપાડી અને કન્યાકુમારીનો સમાવેશ થાય છે. ચેન્નાઇમાં લગભગ 1430 કરોડ રૂપિયાનાં મલ્ટી-મોડલ લોજિસ્ટીક પાર્કનું શિલારોપણ કરવામાં આવ્યું. તેનાં દ્વારા માલની સરળ હેરફેર કરવા સહિતનાં અનેક લાભ થશે. ●

ઇન્ડિયન સ્કુલ ઓફ બિઝનેસનો દીક્ષાંત સમારોહ

## ભાગીદારીથી ટ્રાન્સફોર્મેશનઃ વ્યક્તિગત લક્ષ્યોને દેશનાં લક્ષ્યો સાથે જોડો

“ભારત જે સ્કેલ પર લોકશાહી પધ્ધતિથી અનેક નીતિ કે નિર્ણય લાગુ કરે છે, તે સમગ્ર વિશ્વ માટે સંશોધનનો વિષય બની જાય છે. આપણે ઘણી વાર ઇન્ડિયન સોલ્યુશન્સને ગ્લોબલી ઇમ્પ્લીમેન્ટ થતા જોઇએ છીએ. એટલાં માટે, હું આજે આ મહત્વનાં દિવસે તમને કહીશ કે તમે તમારા વ્યક્તિગત લક્ષ્યોને દેશનાં લક્ષ્યો સાથે જોડો.”

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હૈદરાબાદ સ્થિત ઇન્ડિયન સ્કુલ ઓફ બિઝનેસનાં 20 વર્ષની સમાપ્તિ પ્રસંગે પીજીપી કક્ષાના દીક્ષાંત સમારોહમાં આ શબ્દો સાથે દેશહિતમાં ભવિષ્યનાં બિઝનેસ લીડર્સનો સહયોગ માંગ્યો. તેમણે કહ્યું, તમે તમારા વ્યક્તિગત લક્ષ્યોને દેશનાં લક્ષ્યો સાથે જોડો. તમે જે પણ શીખો છો, તમારો જે પણ અનુભવ હોય છે, તમે જે પણ પહેલ કરો છો, તેનાંથી દેશહિત કઈ રીતે થઈ શકે તે અંગે હંમેશા વિચારવું જોઇએ. જરૂર વિચારો. દેશમાં ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ, દોઢ હજારથી જૂના કાયદા અને હજારો કોમ્પ્લાયન્સની નાબૂદી, એક દેશ-એક ટેક્સની જીએસટી જેવી પારદર્શી વ્યવસ્થા, ઉદ્યોગ સાહસિકતા અને ઇનોવેશનને પ્રોત્સાહન,. નવી સ્ટાર્ટઅપ પોલિસી, ડ્રોન પોલિસી, નેશનલ એજ્યુકેશન પોલિસી દ્વારા યુવાનોને આગળ વધવાની તક આપીને સરકાર ટેકનોલોજીની મદદથી પારદર્શક રીતે આગળ વધી રહી છે. વડાપ્રધાને જણાવ્યું, છેલ્લાં આઠ વર્ષમાં દેશે જે ઇચ્છાશક્તિ બતાવી છે, તેને કારણે મોટું પરિવર્તન આવ્યું છે. હવે બ્યુરોક્રસી પણ સંપૂર્ણ તાકાત સાથે સુધારાને વાસ્તવિક બનાવવા માટે વ્યસ્ત બની ગઈ છે. સિસ્ટમ એ જ છે પણ હવે સંતોષજનક પરિણામ મળી રહ્યા છે. આ આઠ વર્ષમાં સૌથી મોટી પ્રેરણા જનભાગીદારી રહી છે. દેશની જનતા પોતે આગળ આવીને સુધારાને વેગ આપી રહી છે. જ્યારે જનતા સહયોગ કરે છે ત્યારે તેનાં પરિણામ ચોક્કસ અને ઝડપથી મળે છે. એટલે કે સરકારી વ્યવસ્થામાં સરકાર રિફોર્મ કરે છે, બ્યુરોક્રસી પરફોર્મ કરે છે અને જનતાના સહયોગથી ટ્રાન્સફોર્મેશન થાય છે. આ ડાયનેમિક્સ છે, જે તમારા માટે રિસર્ચનો વિષય છે. દેશની મોટી સંસ્થાએ તેનો અભ્યાસ કરીને વિશ્વ સમક્ષ પરિણામ લાવવું જોઇએ.



# રમતગમતના વૈશ્વિક મંચ પર ભારતનો ડંકો

**ભારતે ટેકનોલોજી, મેડિકલ, સાહિત્યથી માંડીને અર્થતંત્ર એમ દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ભારતીય ખેલાડીઓને રમતનાં મેદાનમાં પણ આવી જ સફળતા મળી રહી છે. કેટલીક સ્પર્ધાઓને બાદ કરતાં ભારતનાં આત્મવિશ્વાસથી સભર ખેલાડીઓએ વૈશ્વિક મંચ પર પોતાનું કૌવત બતાવ્યું છે. 73 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વાર ભારતે થોમસ કપ જીત્યો તો, બધિર ઓલિમ્પિકમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો, જ્યારે 25 વર્ષની નિખત ઝરીને વર્લ્ડ બોક્સિંગમાં સ્વર્ણિમ સફળતા હાંસલ કરી. ભારતના યુવાનો વૈશ્વિક સ્તરની રમતગમત સ્પર્ધાઓમાં ભારતનું નામ ચમકતું રાખવા માટે કટિબધ્ધ છે. વડાપ્રધાન મોદીનાં શબ્દોમાં, "આ ઝનૂન આપણા દેશની પ્રગતિનાં નવા દ્વાર ખોલશે."**

આજથી 39 વર્ષ પહેલાં 25 જૂનનાં રોજ ઈંગલેન્ડમાં લોર્ડ્સનાં મેદાન પર ભારતના યુવા ક્રિકેટર ટીમે નવો ઈતિહાસ લખ્યો હતો. પ્રથમ વાર ક્રિકેટ વિશ્વ કપ જીતવાનો. આ જીત એટલાં માટે પણ ખાસ હતી કે ક્રિકેટની દુનિયાનાં કોઈ નિષ્ણાતે ભારતનાં આટલાં ઉત્તમ દેખાવની કલ્પના પણ નહોતી કરી. પણ, ભારત જીત્યું અને ક્રિકેટનાં મેદાન પર મજબૂત તાકાત બનીને ઊભર્યું. પણ, હવે ક્રિકેટ જ નહીં, એવી રમતોનો વારો છે જેમાં ભારતનાં ખેલાડીઓના દેખાવ અંગે કોઈ ચર્ચા પણ નહોતું કરતું. મે મહિનામાં ક્રિકેટ સિવાયની કેટલીક રમતમાં ખેલાડીઓએ ભારતનાં નામનો ડંકો વગાડ્યો. 73 વર્ષમાં પ્રથમ વાર ભારતની બેડમિન્ટન ટીમે થોમસ કપ પુરસ્કાર જીત્યો. 1થી 15 મે સુધી બ્રાઝિલના કેક્સિયસ ડો સુલમાં

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો



આયોજિત બધિર ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓએ અત્યાર સુધીનાં ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરતાં કુલ 16 મેડલ દેશનાં ખાતામાં નાખ્યા, જેમાં આઠ સુવર્ણ, એક રજત અને સાત રજત ચંદ્રકનો સમાવેશ થાય છે. રમતનાં મેદાનમાં ત્રીજા સારા સમાચાર 19મેનાં રોજ આવ્યા, જ્યારે તુર્કીમાં આયોજિત વિશ્વ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભારતની નિખત ઝરીને સ્વર્ણ ચંદ્રક તથા મનીષા મૌન અને પરવીન હૂડાએ કાંસ્ય ચંદ્રક મેળવ્યો.

### થોમસ કપની જીત આવનારી પેઢીઓ માટે પ્રેરણા

થોમસ કપની જીત એટલાં માટે પણ ખાસ છે કે ભારતે ફાઇનલમાં બેડમિન્ટનની દુનિયાની સર્વશ્રેષ્ઠ ટીમ ઇન્ડોનેશિયાને એક તરફી મુકાબલામાં 3-0થી હરાવી. અત્યાર સુધી થોમસ કપ ટુર્નામેન્ટમાં માત્ર છ દેશોએ જ ખિતાબ મેળવ્યો છે. ઇન્ડોનેશિયા સૌથી સફળ ટીમ છે, જેણે 14 વાર જીત મેળવી છે. 1982માં આ કપમાં ભાગ લેવાનું શરૂ કરનાર ચીન 10 ખિતાબ જીત્યું છે. મલેશિયાએ પાંચ ખિતાબ જીત્યાં છે. ડેનમાર્ક, ભારત અને જાપાન પાસે એક-એક ખિતાબ છે. ભારતીય ટીમના વિજય બાદ તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેલાડીઓને ફોન કરીને અભિનંદન પાઠવ્યા, તો 22 મેનાં રોજ વડાપ્રધાન નિવાસસ્થાને ભારતીય બેડમિન્ટનની ટીમની યજમાની કરી. ખેલાડીઓ સાથેની વાતચીતમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, “આ ટીમે થોમસ કપ જીતીને દેશમાં ભારે ઊર્જાનો સંચાર કર્યો છે. સાત દાયકાનો લાંબો ઇન્તજાર પૂરો થઈ ગયો. જે પણ બેડમિન્ટન જાણે છે, તેણે આ અંગે સપનું જોયુ હશે. એવુ સપનું જે તમે પૂરું કર્યું છે. આ પ્રકારની સફળતાઓ દેશની સમગ્ર ખેલ ઈકોસિસ્ટમમાં બહુ ઊર્જા અને આત્મવિશ્વાસનો સંચાર કરે છે. તમારી જીત અનેક પેઢીઓની રમતો માટે પ્રેરિત કરી રહી છે.” ઉબર કપમાં ક્વાર્ટર ફાઇનલ સુધી પહોંચનારી મહિલા બેડમિન્ટન ટીમને પણ તેમણે કહ્યું, “આપણી મહિલા ટીમે વારંવાર પોતાની ઉત્કૃષ્ટતા અને પ્રતિભા સાબિત કરી છે. બસ, સમયની વાત છે. આ વખતે નહીં તો આવતી વખતે જરૂર જીતીશું.”

## મહિલા બોક્સિંગની વિશ્વ ચેમ્પિયન

એમણે મને આટલી ખરાબ રીતે કઈ રીતે હરાવી દીધી? હું આવતા વખતે તેનો જવાબ આપીશ.. આવું ભારતીય બોક્સર નિખત ઝરીને 12 વર્ષની ઉંમરમાં કહ્યું હતું. જ્યારે પહેલી વાર તે મુક્કાબાજી કરવા ઉતરી ત્યારે તેને ઘણી ઈજા થઈ હતી. આંખોની નીચે કાળા કુંડાળા થઈ ગયા હતા અને નાકમાંથી લોહી વહી રહ્યું હતું. આ સ્પર્ધા બાદ



ઈજાગ્રસ્ત નિખતને જોઇને તેની માતાની આંખોમાં આંસુ આવી ગયા હતા. પણ નિખતે પ્રથમ દિવસે થયેલી હારને હળવાશથી ન લીધી. તેનાં આ લડાયક અભિગમને કારણે તેને 20 મે, 2022નાં રોજ તુર્કીના ઇસ્તંબુલમાં આયોજિત મહિલા મુક્કાબાજીની વિશ્વ ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીતવામાં મદદ કરી. નિખત ઝરીન હવે ભારતીય મુક્કાબાજ મેરી કોમ, સરિતા દેવી, જેની આરએલ અને લેખ કેસીન જેવી વિશ્વ ચેમ્પિયન યાદીમાં સામેલ થઈ છે. તેની આ અપ્રતિમ સફળતા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યા હતા

### બધિર ઓલિમ્પિકઃ ભારતનો સૌથી સારો દેખાવ

બધિર ઓલિમ્પિકમાં ચંદ્રક યાદીમાં 16 ચંદ્રક સાથે ભારત નવમા સ્થાને રહ્યું. તેમાં ધનુષ શ્રીકાંત, અભિનવ દેશવાલે 10 મીટર એર રાઇફલ, બેડમિન્ટનની મિક્સ ટીમ સ્પર્ધા, ધનુષ શ્રીકાંત અને પ્રિયશા દેશમુખે મિક્સ્ડ ટીમ 10 મીટર એર રાઇફલ, જેરલિન જયરાચગને બેડમિન્ટન સિંગલ, દીક્ષા ડાગરે મહિલા ગોલ્ફ, જેરલિન જયરાચગન અને અભિવન શર્માએ મિક્સ્ડ ડબલ્સ બેડમિન્ટન, સુમિત દહિયાએ કુશ્તીની સ્પર્ધામાં સ્વર્ણ ચંદ્રક મેળવ્યા. પૃથ્વી શેખર અને ધનંજય દુબેએ રજત જ્યારે શૌર્ય સેની, વેદિકા શર્મા, પૃથ્વી શેખર, જાફરીન શેખ, વીરન્દ્ર સિંહ અને અમિત કૃષ્ણએ કાંસ્ય પદક મેળવ્યા, આ પહેલાં બધિર ઓલિમ્પિકમાં ભારતનો સર્વશ્રેષ્ઠ દેખાવ 1993માં હતો, જ્યારે ભારતીય ખેલાડીઓએ કુલ સાત ચંદ્રક મેળવ્યા હતા. તેમાં પાંચ સ્વર્ણ અને બે કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે. 21મેનાં રોજ પોતાના નિવાસસ્થાને આ ખેલાડીઓની યજમાની કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, જ્યારે કોઈ દિવ્યાંગ આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે છે ત્યારે તેમની આ સફળતા રમત જગતથી આગળ વધીને ગુંજે છે. આ દેશની સંસ્કૃતિને દર્શાવે છે અને તેની સાથે સાથે તેમની ઉત્કૃષ્ટ ક્ષમતાઓ પ્રત્યે સંપૂર્ણ દેશવાસીઓની સંવેદનશીલતા, ભાવના અને સન્માનને પણ દર્શાવે છે. આ કારણસર જ સકારાત્મક છબી બનાવવામાં તમારું પ્રદાન અન્ય ખેલાડીઓની સરખામણીમાં અનેક ગણું વધુ છે. ●



## લારી-ગલ્લાવાળાઓ માટે પ્રથમ યોજના

# સસ્તી લોન દ્વારા સ્વાભિમાનથી વેપાર કરો

**દરેક દેશવાસીઓનું જીવન સરળ બને, દરેક નાગરિક સમર્થ બને, સશક્ત બને અને આત્મનિર્ભર બને તેવો સરકારનો પ્રયાસ રહ્યો છે. સમાજમાં ઉપેક્ષિત છેવાડાનો માણસ પ્રગતિથી વંચિત ન રહી જાય તે માટે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'નાં મંત્રને ધ્યાનમાં રાખીને સમાજનાં દરેક વર્ગ માટે યોજનાઓ બનાવવામાં આવી રહી છે અને ટેકનોલોજીની મદદથી અંતરિયાળ ગામડાં સુધી તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. આવી જ એક યોજના છે પીએમ સ્વનિધિ, જેમાં લારી-ગલ્લા, પાથરણાવાળાઓ સસ્તા દરમાં લોન લઈને ધંધો કરીને આત્મનિર્ભર બની શકે છે....**

ભારતમાં લારી-ગલ્લાવાળા, પાથરણાવાળાઓની નાણાકીય સર્વસમાવેશિતા અંગે પહેલાં કોઈએ વિચાર્યું નહોતું. તેમને વેપાર ધંધો વધારવા માટે બેન્ક લોન મળતી નહોતી. તેથી તેઓ શાહુકારો પાસેથી લોન લઈને તેમની ચુંગાલમાં ફસાઈ જતા હતા. અડધા પૈસા તો વ્યાજ ભરવામાં જતા રહેતા હતા. તેમની આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે જૂન, 2020માં પીએમ સ્વનિધિ યોજના શરૂ કરી, જેથી લોકો નવી શરૂઆત કરી શકે, પોતાનું કામ ફરીથી શરૂ કરી શકે, તેમને સરળતાથી મૂડી મળી શકે. તેમને બહારથી ઊંચું વ્યાજ આપીને ઉધાર લેવા મજબૂર ન થવું પડે.

દેશનાં નાના-મોટા શહેરોમાં આશરે 32 લાખથી વધુ લારી-ગલ્લાવાળા અને પાથરણાવાળાઓને આ યોજના અંતર્ગત મદદ કરવામાં આવી છે. યોજનામાં આશરે 11.45 લાખ લોનધારકોએ હપ્તાઓમાં લોન ચૂકવી દીધી છે અને 20,000 રૂપિયાની બીજી લોન મેળવવાને પાત્ર બન્યા છે. પોણા બે લાખથી વધુ લોનધારકોએ વેપાર વધારવા માટે લોનનો બીજો હપ્તો લીધો છે. તેઓ ડિજિટલ લેવડદેવડ કરીને કેશબેક લઈ રહ્યા છે અને તેમની ડિજિટલ હિસ્ટ્રી પણ બની રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક કાર્યક્રમમાં કહ્યું હતું, "આ આપણા લારી ગલ્લાવાળાઓને વગર વ્યાજે આટલી મોટી રકમનો વેપાર કરવા મળે તો હું ચોક્કસ માનું છું કે તેઓ બહુ સારું કરશે. પોતાના બાળકોનાં અભ્યાસ પર ભાર મૂકશે, તેઓ સારી ક્વોલિટીનો માલ વેચવાનું શરૂ કરી દેશે, વધુ મોટો વેપાર કરવાનું શરૂ કરશે અને તમારાં શહેરમાં લોકોની સેવા સારી થશે."

પીએમ સ્વનિધિ યોજના ટેકનોલોજીનાં ઉપયોગથી એટલી સરળ બનાવવામા આવી છે કે સામાન્યથી સામાન્ય વ્યક્તિ સરળતાથી જોડાઈ શકે. કાગળ જમા કરાવવા લાઈનમાં નથી ઊભું રહેવું પડતું. કોમન સર્વિસ સેન્ટર, સ્થાનિક શહેરી એકમ કે બેન્કમાં જઈને ઔપચારિકતા પૂરી કરી શકાશે. સમયસર પુનઃચૂકવણી અને ડિજિટલ પેમેન્ટ કરીને તમે સાત ટકાની વ્યાજ





# ‘સ્વનિધિથી સમૃધ્ધિ’

- પીએમ સ્વનિધિનો હેતુ કોવિડ મહામારી દરમિયાન અસરગ્રસ્ત ફેરિયાઓ અને લારી ગલ્લાવાળાઓને ફરીથી પોતાનો ધંધો શરૂ કરવા માટે ઓછાં વ્યાજ દર અને સરળ શરતો સાથે વગર ગેરન્ટીએ ધિરાણ પૂરું પાડવાનો છે.
- પ્રથમ વાર 10,000 રૂપિયાનું ધિરાણ આપવામાં આવે છે. આ ઋણની સમયસર ચૂકવણી કરવાથી બીજી વાર 20,000 રૂપિયા અને ત્રીજી વાર રૂ. 50,000નું ધિરાણ આપવામાં આવે છે.
- દર ત્રણ મહિનામાં વાર્ષિક 7 ટકાનાં દરે વ્યાજ સબસિડી તરીકે પ્રોત્સાહન આપવામાં આવે છે.
- ડિજિટલ લેવડદેવડને પ્રોત્સાહન આપવા માટે માસિક 100 રૂપિયા અને વાર્ષિક 1200 રૂપિયા સુધીનું કેશબેક આપવામાં આવે છે.
- વેબસાઇટ https://pmsvanidhi.mohua.gov.in પર જઇને યોજનાની વધુ માહિતી અને લોન માટે અરજીપત્રક મેળવી શકાય છે.

સબસિડી લઈ શકો છો. આ ઉપરાંત ‘સ્વનિધિથી સમૃધ્ધિ’ કાર્યક્રમને ભારત સરકારની આઠ કલ્યાણકારી યોજનાઓ સાથે પણ જોડવામાં આવ્યો છે, જેથી લારી ગલ્લાવાળાઓનું જીવન સરળ બને. પ્રથમ વાર લારી-ગલ્લાવાળાઓ, ખુમચાવાળાઓને સાચા અર્થમાં સિસ્ટમ સાથે જોડવામાં આવ્યા છે. તેમને એક ઓળખ મળી છે. સ્વનિધિ યોજના, સ્વનિધિથી સ્વરોજગાર, સ્વરોજગારથી સ્વાવલંબન અને સ્વાવલંબનથી સ્વાભિમાન તરફની આ યાત્રા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળ આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ 27 એપ્રિલનાં રોજ મળેલી બેઠકમાં લારી ગલ્લાવાળાઓને કોઇ પણ જામીનગીરી વગરનું સસ્તી ધિરાણ આપતી આ યોજનાને ડિસેમ્બર 2024 સુધી લંબાવવા મંજૂરી આપી છે. આ યોજનામાં ધિરાણ આપવા માટે રૂ. 5,000 કરોડનું ભંડોળ રાખવામાં આવ્યું છે. આ સાથે કુલ રકમ વધીને રૂ. 8,100 કરોડ થઈ છે, જેનાંથી લારી-ગલ્લાવાળાઓને કાર્યકારી મૂડી મળે છે, જેથી તેઓ પોતાનો વેપાર વધારીને આત્મનિર્ભર બની શકે. એક અંદાજ પ્રમાણે આ યોજનાથી લગભગ 1.2 કરોડ લોકોને લાભ થશે.

## લાભાર્થીઓએ કહ્યું, ડૂબતાને તરણાનાં સહારા જેવી યોજના

“લોકડાઉનને કારણે અમારી આર્થિક સ્થિતિ ઘણી નબળી પડી ગઈ હતી. મારા પતિ કાર મિકેનિક છે. બધી બચત ખર્ચાઇ ગઇ હતી, અમારી પાસે કશું બચ્યું નહોતું, સ્કીમની જાણ થયા પછી ઓનલાઇન અરજી કરી. બેંકમાંથી મને ફોન આવ્યો. બેંકમાં જઇને સાઇન કરીને રૂ. 10,000ની લોન મળી ગઈ. મેં ચૂકવી પણ દીધી. હવે 20,000 રૂપિયાની લોન મળી છે. ડિજિટલ યુગ છે તેથી લોકો QR કોડ સ્કેન કરીને પૈસા ચૂકવે છે, જે સીધા ખાતામા જમા થઇ જાય છે.”

-નાઝનીન, મધ્યપ્રદેશ

હું ચણા, મમરા, મગફળીની લારી ચલાવું છું. 10,000 રૂપિયાની લોન ચણા, મમરા, સિંગનો લઇને દોઢ ગણો સ્ટોક લાવીને મૂકી રાખ્યો. પહેલાં વારંવાર બજાર જવું પડતું હતું, હવે જથ્થાબંધ સામાન ખરીદું છું. હવે રોજ નહી પણ સપ્તાહમાં એક જ વાર સામાન લેવા બજાર જઉં છું.

-વિજય બહાદુર, લખનઉ



# આ રીતે યોજના આગળ વધી રહી છે

- નાણાકીય વર્ષ 2020-21માં 113.6 કરોડ રૂપિયાની ફાળવણી, નાણાકીય વર્ષ 2021-22માં 200 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી, જેને સુધારેલા અંદાજમાં વધારીને 300 કરોડ રૂપિયા કરવામાં આવી.
- ચાલુ નાણાકીય વર્ષ 2022-23માં 150 કરોડ રૂપિયાની જોગવાઈ. જો કે જરૂરિયાત પ્રમાણે સુધારેલા અંદાજમાં બજેટ વધારવામાં આવે છે.
- કેબિનેટે આ યોજનાને ડિસેમ્બર, 2024 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. કિફાયતી ધિરાણની રકમ વધારીને રૂ. 8100 કરોડ કરવામાં આવી છે, જેનાંથી લગભગ 1.2 કરોડ લોકોને લાભ થશે.
- યોજનામાં 25 એપ્રિલ, 2022 સુધી 31.9 લાખ ધિરાણ મંજૂર કરવામાં આવ્યા, જ્યારે 2931 કરોડ રૂપિયાની 29.6 કરોડ લોન વિતરિત કરવામાં આવી.
- લાભાર્થી લારી-ગલ્લાવાળાઓએ 13.5 કરોડથી વધુ ડિજિટલ લેવડદેવડ કરી છે, જેનાંથી તેમને રૂ. 10 કરોડનું કેશબેક મળ્યું.
- વ્યાજ સબસિડી પેટે 51 કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી.

## 'સ્વનિધિથી સમૃધ્ધિ'કાર્યક્રમ દ્વારા છેવાડાના માણસ સુધી પહોંચ

- આ કાર્યક્રમમાં ભારત સરકારની આઠ કલ્યાણ યોજનાઓને ધ્યાનમાં રાખીને પીએમ સ્વનિધિના લાભાર્થી અને તેમનાં પરિવારની પાત્રતાનું આકલન કરવામાં આવે છે અને પાત્ર માટે યોજનાઓને મંજૂરી આપવા માટે સામાજિક-આર્થિક પ્રોફાઈલિંગ કરવામાં આવે છે.
- આ કાર્યક્રમમાં આશરે 35 લાખ સ્ટ્રીટ વેન્ડર અને તેમનાં પરિવારને સામેલ કરવામાં આવ્યાં.
- મકાન અને શહેરી બાબતોના મંત્રાલયે 4 જાન્યુઆરી, 2021નાં રોજ 125 પસંદગીનાં શહેરી સ્થાનિક એકમોમાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત 'સ્વનિધિથી સમૃધ્ધિ' કાર્યક્રમ શરૂ કર્યો છે.
- 'સ્વનિધિથી સમૃધ્ધિ' યોજના ફુટપાથ પર સામાન વેચનારાના સર્વાંગી વિકાસ અને સામાજિક-આર્થિક ઉત્થાન માટે સામાજિક સુરક્ષાનાં લાભ પૂરાં પાડે છે. પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના અંતર્ગત 16 લાખ વીમા લાભ અને પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અંતર્ગત 2.7 લાખ પેન્શન લાભ સહિત 22.5 લાખ યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે.
- પ્રથમ તબક્કાની સફળતાને જોતાં 2022-23માં 20 લાખ યોજના મંજૂરીનાં લક્ષ્ય સાથે 28 લાખ ફુટપાથ વિક્રેતાઓ અને તેમનાં પરિવારજનોને આવરી લેવાનાં હેતુથી વધુ 126 શહેરોમાં આ યોજનાનું વિસ્તરણ શરૂ કરવામાં આવ્યું છે.

**આપણા લારી-ગલ્લા અને ખુમચાવાળાઓ સાપ્તાહિક બજારોની રોનક વધારે છે. દરેક વ્યક્તિનાં જીવનમાં તેમનું ઘણું મહત્વ હોય છે. માઇક્રો ઇકોનોમીમાં આ પણ એક મોટી તાકાત હોય છે. પણ તેઓ સૌથી વધુ ઉપેક્ષિત હતા. હવે પીએમ સ્વનિધિ યોજના આવાં જ ઉપેક્ષિત લારી-ગલ્લાવાળાઓ માટે આશાનું નવું કિરણ બનીની આવી છે. તેમને લોન મળી રહી છે, તેમની પણ બેન્કિંગ હિસ્ટ્રી બની રહી છે, તેઓ વધુને વધુ ડિજિટલ ચૂકવણી કરી રહ્યા છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

### 'સ્વનિધિથી સમૃધ્ધિ'માં આ આઠ યોજનાઓનો લાભ

- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના
- પીએમ સુરક્ષા બીમા યોજના
- પ્રધાનમંત્રી જન ધન યોજના
- મકાન અને અન્ય બાંધકામ શ્રમિક (રોજગાર અને સેવા શરતોનું નિયમન) એક્ટ (BOCW) અંતર્ગત રજીસ્ટ્રેશન.
- પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના
- રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો (NFSA) લાભ- એક રાષ્ટ્ર એક રેશન કાર્ડ (ONORC)
- પ્રધાનમંત્રી જનની સુરક્ષા યોજના
- પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના (PMMVY)




# ભારત આજે વિશ્વની 'નવી આશા'

**કોવિડ મહામારીના સંકટ વચ્ચે વિશ્વને રસી અને દવાઓ પહોંચાડવી, ખોરવાઈ ગયેલી સપ્લાય ચેઇન વચ્ચે આત્મનિર્ભરતાની આશા સાથે વૈશ્વિક શાંતિ અને સંઘર્ષો દરમિયાન શાંતિ માટે એક મજબૂત રાષ્ટ્રની ભૂમિકા સુધી, ભારત આજે વિશ્વની 'નવી આશા' બનીને ઊભર્યું છે. એટલું જ નહીં, આજે જન ભાગીદારી વધવાની સાથે સાથે સરકારની કામ કરવાની અને સમાજની વિચારવાની પધ્ધતિ પણ બદલાઈ ગઈ છે. સોફ્ટવેરથી માંડીને અવકાશ સુધી, ભારત દરેક ક્ષેત્રમાં નવા ભવિષ્ય માટે તત્પર દેશ તરીકે ઊભરી રહ્યું છે. આજે જ્યાં પણ પડકાર છે, ત્યાં ભારત આશા સાથે પહોંચી જાય છે, જ્યાં પણ સમસ્યા છે ત્યાં દરેક સમસ્યાનો ઉકેલ રજૂ કરી રહ્યું છે....**

ભારત આજે નવા ભવિષ્ય માટે તત્પર દેશ તરીકે ઊભરી રહ્યું છે અને રાષ્ટ્રની આ સફળતા આપણા યુવાનોની તાકાતની સૌથી મોટી સાબિતી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નવા ભારતનાં નિર્માણમાં યુવાનોની ભૂમિકાને મહત્વપૂર્ણ માને છે અને તેથી જ સમાજની દરેક પેઢીમાં સતત ચરિત્ર નિર્માણ પર ભાર મૂકે છે. વડોદરામાં શ્રી સ્વામીનારાયણ મંદિર દ્વારા આયોજિત યુવા શિબિરને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "મને વિશ્વાસ છે, મારા યુવા સાથીઓ જ્યારે આ શિબિરમાંથી જશે ત્યારે પોતાની અંદર નવી ઊર્જા અનુભવશે. "એક નવી સ્પષ્ટતા અને નવચેતનાનો સંચાર અનુભવ કરશે." શ્રી સ્વામીનારાયણ મંદિર દ્વારા આયોજિત આ પ્રકારની શિબિરો આપણા યુવાનોમાં સારા સંસ્કાર રોપી રહી છે એટલું જ નહીં પણ તે સમાજ, અસ્મિતા, ગૌરવ અને રાષ્ટ્રનાં પુનર્જાગરણ માટે પવિત્ર અને નૈસર્ગિક અભિયાન પણ છે. વડાપ્રધાન મોદીનો એવો અભિગમ રહ્યો છે કે નવા ભારતનાં નિર્માણ માટે સામૂહિક સંકલ્પ લેવામાં આવે અને સાથે મળીને પ્રયાસ કરવામાં આવે. આ પ્રકારની શિબિરોમાંથી નીકળેલા યુવાનોનાં માધ્યમથી એક નવાં ભારતનું નિર્માણ થાય, એક એવુ નવું ભારત જે નવાં વિચાર અને સદીઓ જૂની સંસ્કૃતિ બંનેને એક સાથે લઇને આગળ વધે. સમગ્ર માનવ જાતિને દિશા આપે જેનાંથી ભારત પોતાનો ઉધ્ધાર કરે, પણ આપણો ઉધ્ધાર બીજાઓનાં કલ્યાણનું માધ્યમ અને વિશ્વની નવી આશા પણ બને." •

## યુવાનોને સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણમાં સામેલ કરવાનો હેતુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 19મેનાં રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વડોદરામાં કારેલીબાગ ખાતે યોજવામાં આવેલી યુવા શિબિરને સંબોધન કર્યું. શ્રી સ્વામીનારાયણ મંદિર, કુંડલધામ અને શ્રી સ્વામીનારાયણ મંદીર કારેલીબાગે આ શિબિરનું આયોજન કર્યું હતું. આ શિબિરનો હેતુ વધુને વધુ યુવાનોને સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણમાં સામેલ કરવાનો અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત,' આત્મનિર્ભર ભારત', સ્વચ્છ ભારત,' જેવી પહેલ દ્વાર યુવાનોને નવાં ભારતનાં નિર્માણમાં ભાગીદાર બનાવવાનો છે.

> **" અમારા માટે સંસ્કારનો અર્થ છે- શિક્ષણ, સેવા અને સંવેદનશીલતા. અમારા માટે સંસ્કારનો અર્થ છે-સમર્પણ, સંકલ્પ અને સામર્થ્ય. આપણે આપણું ઉત્થાન કરીએ, પણ આપણું ઉત્થાન બીજાઓનાં કલ્યાણનું પણ માધ્યમ બને. આપણે સફળતાનાં શિખરો સર કરીએ, પણ આપણી સફળતા બધાંની સેવાનું પણ માધ્યમ બને.**
>
> -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

**વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.**



### આ દિવસ લોકશાહી મૂલ્યોનો અહેસાસ કરાવે છે

# જ્યારે રાતોરાત લોકોનાં મૂળભૂત અધિકારો છીનવીને લોકશાહીને રૂંધી નાખી

**47 વર્ષ પહેલાં બનેલી આ ઘટનાએ દેશને લોકશાહીનું મહત્વ સમજાવ્યું હતું. ભારતના સંસદીય ઈતિહાસની આ ઘટનાને કોઈ પક્ષની ટીકા કરવા માટે યાદ નથી કરવાની. ભારતીય લોકશાહીનાં મૂલ્યોનું પાલન કરવું કેટલું મહત્વનું છે તે સમજવાની જરૂર છે. વર્ષ 1975ની 25 જૂનની મધરાત્રે અને 26 જૂનની સવારે દેશમાં કટોકટી અમલી કરવામાં આવી હતી. ભૂતકાળનું આ એવું પાનું છે જેનો ઈતિહાસ આપણને લોકશાહી પ્રત્યે સમર્પણ, સંકલ્પને મજબૂત કરવાનો બોધ આપે છે, જેથી આપણે જે ભારતીય સંસ્કૃતિ અને વારસાને લઈને આગળ વધ્યા હતા તે હંમેશા જીવંત રહે...**

21મી સદીમાં ભારતે વિશ્વની સૌથી ભયાનક કોવિડ જેવી બિમારીનો સામનો કુશળતાપૂર્વક કર્યો છે. આ મહામારીમાં જીવન બચાવવા માટે લોકડાઉનની યાદો આજના બાળકો અને યુવાનોનાં મનમાં આજીવન રહેશે. પણ શું આ યુવાનોને ખબર હશે કે ભારતીય લોકશાહીએ પણ ઈતિહાસમાં લાંબા સમય સુધી લોકડાઉનનો સામનો કર્યો છે? કારણ કોઈ મહામારી કે યુધ્ધ નહોતું. સામાન્ય માણસને તેની સાથે કોઈ સંબંધ નહોતો. તેમ છતાં સામાન્ય માણસો મૂળભુત અધિકારોથી વંચિત હતા.

આઝાદી મળ્યા બાદ ભારત આધુનિક લોકશાહી તરીકે સંપૂર્ણ પ્રજાસત્તાક બન્યો અને ચૂંટાયેલી સરકારનાં હાથમાં સત્તાના સૂત્રો આવ્યા. આ ગાળામાં દેશમાં લોકશાહીનાં ભવિષ્ય અને જનતાના મૂળભૂત અધિકારો અંગે અનેક પ્રશ્નો હતા. કેટલાંક કારણસર તેનો જવાબ તત્કાલીન સરકારની નીતિઓ પર આધારિત હતા. આઝાદ ભારતની લોકશાહીની યાત્રાની શરૂઆતમાં જ રાષ્ટ્રીયતા સાથે સંકળાયેલા કેટલાંક સંગઠનો પર આ પ્રકારનાં પ્રતિબંધ જોવા મળ્યા, જેનાં પછી 1951-52માં સંસદમાં પ્રથમ બંધારણીય સુધારો રજૂ કરવામાં આવ્યો. તેમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકવાનાં મુદ્દે સંસદમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી. ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ અભિવ્યક્તિની સ્વતંત્રતાની તરફેણમાં બુલંદ અવાજ ઉઠાવ્યો. એ પછી 1975-77નો સમયગાળો એવો પણ આવ્યો જ્યારે દેશમાં કટોકટી લાદીને લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

### લોકશાહી પ્રત્યે સતત જાગૃતિ જરૂરી

લોકશાહી માત્ર એક વ્યવસ્થા નથી, એક સંસ્કાર પણ છે. એટલે તેનાં પ્રત્યે સતત જાગૃતિ જરૂરી બની જાય છે. એટલાં માટે જ લોકશાહીની હત્યા કરનારી ઘટનાઓ યાદ કરવી જરૂરી બની જાય છે. 1975ની 25 જૂનની રાત્રિ કોઈ પણ લોકશાહીપ્રેમી ભારતવાસી ભૂલી નહીં શકે. આ ઘટનાએ દેશને જેલમાં બદલી નાખી હતી. વિરોધી અવાજને દબાવી દેવામાં આવ્યો હતો.

**કટોકટીનાં એ ખરાબ દિવસોને ક્યારેય નહીં ભૂલાવી શકાય. 1975થી 1977નો સમયગાળો સંસ્થાઓનું ગળું ટૂંપીને લોકશાહીની હત્યા કરવાનો સાક્ષી રહ્યો છે. આવો, આપણે ભારતની લોકશાહીની ભાવનાને મજબૂત કરવા માટે શક્ય તમામ પ્રયાસ કરીએ અને આપણા બંધારણનાં મૂલ્યો પર ખરા ઉતરવાની પ્રતિજ્ઞા લઇએ. આપણે એ તમામ મહાનુભાવોને યાદ કરીએ છીએ, જેમણે કટોકટીનો વિરોધ કરતાં ભારતીય લોકશાહનું રક્ષણ કર્યું.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



જયપ્રકાશ નારાયણ સહિત દેશનાં અનેક અગ્રણી નેતાઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. ન્યાયતંત્ર પણ કટોકટીના એ ભયાનક ઓછાયામાંથી બચી શક્યું નહોતું. મીડિયા પર પણ અંકુશ લગાવી દેવામાં આવ્યો હતો. લોકશાહી પ્રત્યે જાગૃતિ વધારવા માટે મીડિયા સહિતનાં ક્ષેત્રોએ આ દિશામાં સતત પ્રયાસ કરતા રહેવું જોઇએ. અનેક અખબારોની ઓફિસમાં સંપાદક તરીકે પોલિસ અધિકારીને બેસાડવામાં આવ્યા હતા અને તમામ સમાચારોને સેન્સર કરવામાં આવતા હતા.

કોઇએ એ ન ભૂલવું જોઇએ કે ભારતની સૌથી મોટી તાકાત તેની લોકશાહી છે. લોક શક્તિ છે. દેશનો દરેક નાગરિક છે. જ્યારે પણ લોકશાહી પર આંચ આવી છે ત્યારે જનતાએ પોતાની તાકાતથી લોકશાહીને જીવી બતાવી છે. દેશમાં કટોકટી લાદવામાં આવી ત્યારે તેનો વિરોધ માત્ર રાજકીય નેતાઓ સુધી સીમિત નહોતો. આંદોલન માત્ર જેલ પૂરતું મર્યાદિત નહોતું પણ દરેકનાં મનમાં આક્રોશ હતો. લોકશાહી પાછી મેળવવાની જીદ હતી. દિવસમાં બે વાર ભોજન મળે તો ભૂખ શું છે તેની અનુભૂતિ નથી થતી પણ જ્યારે ન મળે ત્યારે ભોજનનું મહત્વ શું છે તે સમજાય છે. એ જ રીતે, સામાન્ય જીવનમાં લોકશાહીનાં અધિકારોની અનુભૂતિ ત્યારે થાય જ્યારે કોઈ લોકશાહીના અધિકારો આંચકી લે છે. કટોકટીકાળમાં દેશનાં દરેક નાગરિકને લાગવા લાગ્યું હતું કે, કોઇએ તેની પાસેથી કંઇક છીનવી લીધું છે. કટોકટીમાં દરેક નાગરિકને લાગવા માંડ્યું હતું કે તેનું કંઇક છીનવાઈ ગયું છે. કોઇ પણ સમાજ વ્યવસ્થાને ચલાવવા માટે બંધારણની પણ જરૂર પડે છે. કાયદા, નિયમોની પણ જરૂર હોય છે. અધિકાર અને કર્તવ્યની પણ વાત હોય છે. પણ ભારતની એ સુંદરતા છે કે કોઇ નાગરિક ગર્વ સાથે એમ કહી શકે કે તેનાં માટે કાયદા, નિયમો, આપણી લોકશાહી આપણાં સંસ્કાર છે, આપણી સંસ્કૃતિ છે, આપણો વારસો છે અને એ વારસાને લઈને આપણે મોટાં થયા છીએ. એટલે જ જ્યારે કટોકટીમાં કાયદા, નિયમો અને લોકશાહીનો અભાવ અનુભવ્યો ત્યારે આપણને તેનું મહત્વ સમજાયું. તેનું પરિણામ એ આવ્યું કે 1977ની સામાન્ય ચૂંટણીમાં લોકોએ પોતાનાં હિતો માટે નહીં પણ લોકશાહીનાં રક્ષણ માટે મત આપ્યો. દરેક વ્યક્તિએ પોતાનાં અધિકારો અને જરૂરિયાતોની પરવા કર્યા વિના માત્ર લોકશાહનાં મૂલ્યોની જાળવણી માટે મતદાન કર્યું હતું. ધનિકથી માંડીને ગરીબ સુધી દરેકે સામૂહિક રીતે પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો.

### 'આઝાદીની નવી ઊર્જા'

કટોકટીની તકલીફ એ જ અનુભવી શકે જેણે સહન કર્યું હોય. આજે તમે અખબારોમાં લેખ લખી શકો છો, ટ્વિટર, ફેસબુક જેવા સોશિયલ મીડિયા પર તમારાં વિચારો વ્યક્ત કરી શકો



# બંધારણમાં ફેરફારથી હવે કટોકટી લગાવવી અશક્ય છે

કટોકટી કાળમાં બંધારણની અનેક જોગવાઈઓને બદલી નાખવામાં આવી હતી, જેને બાદમાં મોરારજી દેસાઈની સરકારનાં સમયે પૂર્વવત કરી દેવામાં આવી હતી. કટોકટી દરમિયાન બંધારણનાં 42મા સુધારા દ્વારા સુપ્રીમ કોર્ટની સત્તા પર કામ મૂકવા સહિતની જોગવાઈ કરવામાં આવી હતી, જે આપણા લોકશાહી મૂલ્યોની હત્યા કરતાં હતા. 44મા સુધારા દ્વારા એ જોગવાઈઓને પૂર્વવત કરવામાં આવી હતી. આ સુધારા વિધેયકમાં એવી જોગવાઈ કરવામાં આવી કે બંધારણની કલમ 20 અને 21 અંતર્ગત મળેલા મૂળભૂત અધિકારો કટોકટી દરમિયાન પણ નહીં ખૂંચવવામાં આવે. દેશમાં પ્રથમ વાર આવી વ્યવસ્થા કરવામાં આવી કે મંત્રીમંડળની લેખિત ભલામણને પગલે જ રાષ્ટ્રપતિ કટોકટીની જાહેરાત કરી શકશે. આ ઉપરાંત, એ પણ નક્કી કરવામાં આવ્યું કે કટોકટીની મુદતને એક વારમાં છ મહિનાથી વધુ ન લંબાવી શકાય. આ રીતે, મોરારજી સરકારે એ સુનિશ્ચિત કર્યું કે 1975 જેવી કટોકટીનું દેશમાં પુનરાવર્તન ન થાય.

છો, બોલી શકો છો. સરકાર વિરુધ્ધ વાત કરી શકો છો. જરા વિચારો, આટલી તાકાત આપણને ક્યાંથી મળી? વાસ્તવમાં, જે લોકો દેશનું શાસન ચલાવી રહ્યા છે તેઓ કટોકટીની તકલીફ ભોગવી ચૂક્યા છે. કટોકટી બાદ તેઓ આપણું બંધારણ, આપણી વ્યવસ્થાને પાટા પર લાવ્યા, જેથી દેશમાં કોઇ કટોકટી ન લાદી શકે. કટોકટીના પ્રતિબંધો સામે વિરોધ કરનારા આ સ્વરો આ ઊર્જા આપી રહ્યા છે. 47 વર્ષ પહેલાંની આ ઘટના અને કટોકટીનો વિરોધ કરનારા લોકશાહીના રક્ષકોનું સ્મરણ કરવું જરૂરી છે, જેથી નવી પેઢી ઈતિહાસનાં એ પાનાને જાણી શકે અને લોકશાહી પ્રત્યે હંમેશા સજાગ રહે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળની સરકારે છેલ્લાં આઠ વર્ષમાં દેશમાં મજૂબત લોકશાહીની ભાવનાને ચરિતાર્થ કરી બતાવી છે, કારણ કે તેમની નીતિ અને નિષ્ઠામાં 'રાષ્ટ્ર પ્રથમ' સંકળાયેલું છે. આ વર્ષોમાં એક બાજુ સમવાય માળખાને મજબૂતી આપીને દેશમાં રાજ્યોને સહભાગી બનાવવામાં આવ્યા, તો બીજી બાજુ, ગરીબો અને સામાન્ય નાગરિકો સાથે જોડાયેલી સેંકડો યોજનાઓ દ્વારા દેશને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવામાં આવ્યો. આજે લોકશાહીનાં તમામ એકમો એક બીજાનાં પરસ્પર સહયોગ, સમન્વય સંતુલન સાથે ચાલી રહ્યા છે. જ્યાં પણ જરૂર હોય ત્યાં ન્યાયતંત્ર સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સમય સમયે સરકારનું માર્ગદર્શન કરતી રહ્યું છે. આ ઉપરાંત, મીડિયાને પણ પોતાનું કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. બાબા સાહેબ આંબેડકરે બંધારણ સભામાં પોતાનાં અંતિમ ભાષણમાં રાજકીય લોકશાહીની સાથે સાથે લોકશાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં બાબા સાહેબના વિચારો પ્રમાણે લોકશાહી આગળ વધી રહી છે. ભારતમાં લોકશાહીનાં મૂળિયાં એટલાં મજબૂત છે કે ભવિષ્યમાં કોઈ પણ વ્યક્તિ દેશનાં લોકશાહી મૂલ્યો સાથે મજાક કરીને કટોકટી જેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાનું સાહસ નહીં કરી શકે.

ચોક્કસપણે, ભારતનાં સામાન્ય માણસની લોકશાહી શક્તિનું ઉત્તમ ઉદાહરણ કટોકટી કાળમાં જોવા મળ્યું. લોકશાહી તાકાતની શક્તિનો એ પરિચય વારંવાર દેશને યાદ કરાવતો રહેવો જોઇએ કારણ કે દરેક વ્યક્તિની નસનસમાં ફેલાયેલી લોકશાહીનો એ ભાવના ભારતનો અમર વારસો છે. કટોકટી કાળની વરસી આપણને આ જ વારસાને વધુ મજબૂત કરવાનું યાદ અપાવે છે. ●




**ગોવા ક્રાંતિ દિવસ**

# ગોવાની આઝાદી માટે પ્રથમ સત્યાગ્રહ

**ભારતને ભલે 15 ઓગસ્ટ, 1947નાં રોજ અંગ્રેજોના શાસનમાંથી સ્વતંત્રતા મળી ગઈ પણ આઝાદ ભારતનો એક ભાગ એવો હતો, જે આઝાદીના વર્ષો સુધી અંગ્રેજોનાં કબ્જામાં રહ્યો. આ વિસ્તાર હતો દરિયાકાંઠાનું ગોવા, જે એ સમયે પોર્ટુગીઝોનાં શાસનમાં હતું અને તેને આઝાદ કરાવવામાં 14 વર્ષ લાગ્યા. એવું સ્પષ્ટ લાગતું હતું કે અંગ્રેજો ભારતમાંથી જવાની તૈયારી કરી રહ્યા છે પણ પોર્ટુગીઝો ગોવા છોડવા માટે તૈયાર નહોતા. સ્વતંત્રતા સેનાની અને સમાજવાદી વિચારધારામાં માનનારા રામમનોહર લોહિયાએ 18 જૂન, 1946નાં રોજ ગોવા પહોંચીને પોર્ટુગીઝો સામે મોરચો માંડ્યો. આ આંદોલનમાં હજારો ગોવાવાસીઓ જોડાયા હતા. વર્ષોનાં સંઘર્ષ બાદ 1961માં ગોવાને આઝાદી મળી હતી...**

"દેશ તો ગોવા પહેલાં આઝાદ થઈ ગયો હતો. દેશના મોટા ભાગના લોકોને પોતાનાં અધિકાર મળી ગયા હતા. હવે તેમની પાસે પોતાનાં સપનાને જીવવાનો વિકલ્પ હતો. તેમની પાસે વિકલ્પ હતો કે તેઓ શાસન સત્તા માટે સંઘર્ષ કરી શકતા હતા, પદ પ્રતિષ્ઠા લઈ શકતા હતા. પણ અનેક સેનાનીઓએ તે છોડીને ગોવાની આઝાદી માટે સંઘર્ષ અને બલિદાનનો માર્ગ અપનાવ્યો. ગોવાનાં લોકોએ પણ મુક્તિ અને સ્વરાજ માટે આંદોલનોને ક્યારેય રોકવા ન દીધું. તેમણે ભારતના ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી આઝાદીની મશાલ પ્રજ્વલિત રાખી."

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



ગોવા મુક્તિ સંગ્રામ એક એવી અમર જ્યોતિ છે, જે ઇતિહાસનાં હજારો ઝંઝાવાતોનો સામનો કરીને પણ પ્રજ્વલિત રહી. કુંકલલી સંગ્રામથી માંડીને છત્રપતિ શિવાજી મહારાજ અને સંભાજીના નેતૃત્વમાં મરાઠાઓના સંઘર્ષ સુધી, ગોવાને સ્વતંત્ર કરાવવા માટે અનેક પ્રયાસ થયા. ગોવા મુક્તિ સંગ્રામનો અંતિમ તબક્કો લગભગ 76 વર્ષ પહેલાં સમાજવાદી નેતા ડો. રામમનોહર લોહિયાએ 18 જૂન, 1946નાં રોજ શરૂ કર્યો હતો, જે ગોવાની આઝાદીનું પ્રથમ સત્યાગ્રહ આંદોલન હતું. લોહિયાએ ગોવા ક્રાંતિને જે મશાલ પ્રજ્વલિત કરી તેને કારણે ગોવાવાસીઓમાં ચેતના આવી અને તેમણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાંથી પ્રેરણા લીધી અને તેઓ સંગઠિત થયા. ગોવા ક્રાંતિમાં સેનાનીઓનું બલિદાન પણ ભૂલી શકાય તેમ નથી. ગોવાને પોર્ટુગીઝોના પંજામાંથી છોડાવવા માટે 'આઝાદ ગોમાંતક દલ' નામનું ક્રાંતિકારી સંગઠન પણ સક્રિય હતું. 18 જૂન, 1946થી લગભગ 14 વર્ષ બાદ 18-19 ડિસેમ્બર, 1961નાં રોજ ભારત સરકારે 'ઓપેરશન વિજય' દ્વારા ગોવાનો આઝાદ કરાવ્યું. આ રીતે જોઇએ તો  આ વર્ષ ગોવા મુક્તિ આંદોલનની 76મી વર્ષગાંઠ છે અને ગોવા મુક્તિની 61મી વર્ષગાંઠ છે. ગોવાને પોર્ટુગીઝોના શાસનમાંથી મુક્ત કરાવવા માટે 1946થી માંડીને 1961 દરમિયાન અસંખ્ય હિન્દુસ્તાનીઓએ બલિદાન આપ્યું. અનેક સેનાનીઓ વર્ષો સુધી પોર્ટુગીઝ જેલમાં રહ્યા અને તેમનો અત્યાચાર સહન કર્યો. ગોવાની આઝાદી માટે બધાંએ એક થઈને સામનો કર્યો. ગોવાની મુક્તિ માટે ભારતના તમામ ખૂણામાંથી અવાજ ઉઠ્યો હતો. પોર્ટુગીઝોએ આંદોલનને કચડી નાખવા માટે અનેક આંદોલનકારીઓ અને ક્રાંતિકારીઓની ધરપકડ કરી અને લાંબી સજા સંભળાવી. તેમ છતાં, ગોવામાં આંદોલનની ઝડપ ક્યારેય ધીમી ન થઈ અને ત્યાંની જેલો સત્યાગ્રહીઓથી ભરાઈ ગઈ. કેટલાંક સત્યાગ્રહીઓને તો આફ્રિકન દેશ અંગોલાની જેલમાં પણ રાખવામાં આવ્યા.

લુઈસ દી મિનેઝીસ બ્રેગેન્ઝા, ત્રિસ્તા અને બ્રેગાંઝા દ કુન્હા, જ્યુલિઓ મિનેઝીસ હોય કે, પુરુષોત્તમ કાકોડકર, લક્ષ્મીકાંત ભેંબરે જેવા સેનાની કે પછી બાલારાયા માપારી જેવા યુવાનોનું બલિદાન હોય, આપણા અનેક સેનાનીઓએ આઝાદી બાદ પણ આંદોલન કર્યા, તકલીફો ભોગવી, બલિદાન આપ્યું, પણ આંદોલન રોકવા ન દીધું. ગોવાની આઝાદીના સંઘર્ષ દરમિયાન ગોવા મુક્તિ વિમોચન સમિતિના સત્યાગ્રહમાં 31 સત્યાગ્રહીઓએ પોતાનાં પ્રાણ ગુમાવ્યા હતા. આઝાદ ગોમાંતક દળ સાથે જોડાયેલા અનેક નેતાઓએ પણ ગોવા આંદોલન માટે પોતાનું સર્વસ્વ ત્યાગી દીધું હતું. પ્રભાકર ત્રિવિક્રમ વિદ્ય, વિશ્વનાથ લવાંડે, જગન્નાથી જોષી, નાના કાજરેકર, સુધીર ફડકે  જેવા અનેક સેનાનીઓએ ગોવા, દમણ, દીવ, દાદરા અને નગરહવેલીની આઝાદી માટે સંઘર્ષ કર્યો અને આ આંદોલનને દિશા આપી હતી.

**આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં ગોવા મુક્તિ દિવસ આંદોલન સાથે સંકળાયેલા ક્રાંતિવીરોની કહાની....**

## મધુ લિમયેઃ ગોવાને આઝાદ કરાવવામાં મહત્વની ભૂમિકા


**જન્મઃ 1 મે, 1922 મૃત્યુઃ 8 જાન્યુઆરી, 1995**



ગોવાની આઝાદી માટેના સંઘર્ષમાં ડો. રામમનોહર લોહિયાના શિષ્ય મધુ લિમયેને 1955થી 1957 સુધી બે વર્ષ પોર્ટુગીઝ જેલમાં રહેવું પડ્યું હતું. આજીવન યોધ્ધા રહેલા મધુ લિમયેને જેલમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, પણ ગોવાની મુક્તિ માટે તેઓ સતત પ્રયાસ કરતા રહ્યા. મધુ લિમયે 14-15 વર્ષની નાની ઉંમરમાં આઝાદીના આંદોલનમાં જેલ ગયા હતા અને જ્યારે 1944માં વિશ્વ યુધ્ધ પૂરું થયું ત્યારે તેમની મુક્તિ થઈ. એ પછી ગોવાની મુક્તિનો સત્યાગ્રહ શરૂ થયો ત્યારે તેઓ ફરીથી જેલમાં ગયા અને ગોવાને પોર્ટુગીઝોનાં કબ્જામાંથી મુક્ત કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. 1 મે, 1922નાં રોજ પૂણેમાં જન્મેલા મધુ લિમયેનું નામ આધુનિક ભારતના એ લડવૈયામાં સામેલ છે, જેમણે પહેલાં રાષ્ટ્રીય આંદોલન અને પછી ગોવાના સ્વતંત્રતા આંદોલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. મધુ લિમયેએ નાની ઉંમરમાં જ મેટ્રીકની પરીક્ષા પાસ કરી લીધી હતી. શાળા શિક્ષણ પૂરં કર્યા બાદ 1937માં પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ લીધો અને ત્યારથી તેમણે વિદ્યાર્થી આંદોલનમાં ભાગ લેવાનું શરૂ કર્યું .એ પછી રાષ્ટ્રીય આંદોલન અને સમાજવાદી વિચારધારાથી આકર્ષાઈને તેમણે 1950નાં દાયકામાં ગોવા મુક્તિ આંદોલનમાં ભાગ લીધો, જેને તેમના નેતા ડો. રામમનોહર લોહિયાએ 1946માં શરૂ કર્યું હતું. સંસ્થાનવાદના કટ્ટર ટીકાકર મધુ લિમયેએ જુલાઈ 1955માં એક મોટાં સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું અને ગોવામાં પ્રવેશ કર્યો. પોર્ટુગીઝ પોલિસે સત્યાગ્રહીઓ પર હૂમલો કર્યો. પોલિસે મધુ લિમયેને પણ માર્યા અને પાંચ મહિના સુધી પોલિસ કસ્ટડીમાં રાખ્યા. ડિસેમ્બર, 1995માં પોર્ટુગીઝ અદાલતે તેમને આકરી સજા કરી પણ તેમણે ન તો પોતાનો કોઈ બચાવ કર્યો કે ન અપીલ કરી. ગોવામાં જેલવાસ દરમિયાન તેમણે લખ્યું હતું, “મેં અનુભવ્યું છે કે ગાંધીજીએ મારા જીવનને કેટલા ઊંડાણથી બદલી નાખ્યું છે. તેમણે મારા વ્યક્તિત્વ અને ઇચ્છાશક્તિને કેટલી ઊંડાઈથી આકાર આપ્યો છે.” .પોર્ટુગીઝોની જેલમાંથી છૂટ્યા બાદ મધુ લિમયેએ ગોવાની મુક્તિ માટે જનતાને એક કરવાનું ચાલુ રાખ્યું . જન સત્યાગ્રહ બાદ ભારત સરકારને ગોવામાં લશ્કરી પગલાં લેવાની ફરજ પડી અને આ રીતે ગોવા પોર્ટુગીઝોનાં શાસનમાંથી મુક્ત થયું.

## મોહન રાનડેએ પોર્ટુગલની જેલમાં 14 વર્ષ વીતાવ્યા

**જન્મઃ 25 ડિસેમ્બર, 1930 મૃત્યુઃ 25 જૂન, 2019**



ગોવાની આઝાદી માટે સંઘર્ષ કરી રહેલા લોકોએ એ અનુભવ્યું કે સત્યાગ્રહ જેવા આંદોલનથી ગોવાને આઝાદી ન મળી શકે. તેમણે, આંદોલનનો અલગ માર્ગ પસંદ કર્યો, જેમાં સ્વતંત્રતા સેનાની વિનાયક દામોદર સાવરકરથી પ્રેરિત મોહન રાનડેનો પણ સમાવેશ થાય છે. તેઓ પોર્ટુગીઝ સામ્રાજ્યવાદ શાસન સામે ગુપ્ત આંદોલનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવા લાગ્યા. રાનડે 1950ના પ્રારંભમાં મરાઠી શિક્ષક તરીકે ગોવા પહોંચ્યા અને લોકોને એક કરવાનું શરૂ કર્યું. 28 જુલાઈ, 1954નાં રોજ લોકોએ મોટી સંખ્યામાં નગર હવેલી પર હૂમલો કર્યો અને 2 ઓગસ્ટનાં રોજ તેને મુક્ત કરાવી. દાદરા અને નગર હવેલી પર કબ્જા બાદ ગોવામાં સ્વતંત્રતા આંદોલન ચાલુ રાખવા માટે નવો જોશ અને પ્રેરણા મળી. 15 ઓગસ્ટ, 1954નાં રોજ સેંકડો લોકોએ પોર્ટુગીઝ-ગોવા સરહદને પાર કરી. સરકારે કોઈ પણ પ્રકારના આંદોલનમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પણ લોકોએ તેની અવગણના કરી. 1 જાન્યુઆરી, 1955નાં રોજ બનસ્તારીમ પોલિસ સ્ટેશન પર હૂમલા દરમિયાન રાનડેની ધરપકડ કરવામાં આવી. તેમને આ હૂમલા બદલ 26 વર્ષની સજા સંભળાવવામાં આવી, જેમાંથી છ વર્ષ એકાંતવાસમાં વીતાવવાના હતા. સજા કાપવા માટે તેમને પોર્ટુગલની રાજધાની લિસ્બનની પાસે કૈક્સિયસનાં કિલ્લામાં મોકલી દેવામાં આવ્યા. તેમને જેલમાંથી છોડાવવા માટે અનેક આંદોલન થયા અને અનેક રાષ્ટ્ર નેતાઓએ તેમની મુક્તિની માંગ કરી પણ તેમને ન છોડ્યા. અંતે, પોપ સાથે વાત કર્યા બાદ 14 વર્ષ બાદ 25 જાન્યુઆરી, 1969નાં રોજ તેમને મુક્તિ મળી. જેલમાંથી છૂટયા બાદ રાનડે પૂણેમાં રહેવા લાગ્યા. જો કે, તેઓ દર વર્ષે બે વાર ગોવા અચૂક જતા હતા. 18 જૂનનાં રોજ ક્રાંતિ દિવસે અને 19 ડિસેમ્બરનાં રોજ ગોવાનાં મુક્તિ દિવસે. મોહન રાનડેને વર્ષ 2001માં પદ્મશ્રી અને 2006માં સાંગલી ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. તેમને 1986માં સામાજિક સેવા બદલ ગોવા પુરસ્કારથી પણ નવાજવામાં . તેમણે ગોવા મુક્તિ આંદોલન પર પુસ્તક પણ લખ્યું છે. રાનડે એવા નીડર સ્વતંત્રતા સેનાની હતા, જેમણે ગોવા માટે આપેલા બલિદાન અને સંઘર્ષને હંમેશા યાદ કરવામાં આવશે.

# સાચા કોંકણી નાયક પુરુષોત્તમ કાકોડકર

**જન્મ: 18 મે, 1913 મૃત્યુ: 2 મે, 1998**



સવિનય કાનૂન ચળવળ અને ભારત છોડો આંદોલન દરમિયાન ભૂગર્ભમાં રહીને પ્રવૃત્તિઓ ચલાવનાર પુરુષોત્તમ કાકોડકર ગોવાની આઝાદી માટે મુક્તિ આંદોલન અને સ્વતંત્રતા બાદ રાજ્યાના નવ નિર્માણના ઈતિહાસ સાથે સંકળાયેલા હતા. 18 મે, 1913નાં રોજ ગોવામાં જન્મેલા કાકોડકરે ગોવાની આઝાદી માટે અનેક લોકો સાથે મળીને 1943માં ગોવા સેવા સંઘની સ્થાપના કરી. તેનાં દ્વારા તેમણે ગોવાવાસીઓમાં એક નવી સ્ફૂર્તિનો સંચાર કર્યો અને લોકોને સ્વતંત્રતા સંગ્રામ માટે તૈયાર કરવા લાગ્યા. ગોવા સેવા સંઘે ગોવામાં ગાંધીવાદી મૂલ્યોને વિક્સાવવામાં મહત્વની ભૂમિકા ભજવી. પુરુષોત્તમ કાકોડકરે વસંત કારે સાથે મળીને જૂન 1946માં અસોલનામાં જુલિયાઓ મેનેજેસનાં ઘરે ડો. લોહિયા સાથે મુલાકાત કરી હતી. ત્યાં તેમણે લોહિયાને ગોવાની સ્થિતિથી માહિતગાર કરાવ્યા હતા. આ એ જ બેઠક હતી, જેમાં ગોવામાં નાગરિક સ્વતંત્રતા માટે 18 જૂનનાં રોજ થનાર સંઘર્ષનાં બીજ વાવવામાં આવ્યા હતા. ગોવાની આઝાદી માટે અત્યંત સક્રિય ભૂમિકા ભજવવા બદલ પોર્ટુગીઝ પોલિસે 9 ઓગસ્ટ, 1946નાં રોજ તેમની ધરપકડ કરી અને 27 સપ્ટેમ્બર, 1946નાં રોજ તેમનું કોર્ટ માર્શલ કર્યું. 'ભાઉ'ના હૂલામણા નામે જાણીતા પુરુષોત્તમ કાકોડકરને પોર્ટુગલ મોકલી દેવામાં આવ્યા, જ્યાં તેમણે 10 વર્ષનો દેશવટો ભોગવ્યો. અંતે, 1956માં તેમની મુક્તિ થઈ. ગોવાની આઝાદી બાદ જ્યારે તેને મહારાષ્ટ્રમાં ભેળવવાન વાત થઈ ત્યારે તેમણે તેનો વિરોધ કર્યો. અંતે, 1967માં તેમની માંગણીને પગલે કેન્દ્ર સરકારને ગોવામાં જનમત સર્વેક્ષણ કરાવવાની ફરજ પડી. તેઓ 1984માં સ્થાપિત ગોવા કોંકણી અકાદમીના સંસ્થાપક હતા, લોકસભા અને રાજ્યસભાના સભ્ય રહેલાં પુરુષોત્તમ કાકોડકરના પુત્ર અનિલ કાકોડકર પરમાણુ ઊર્જા પંચના ભૂતપુર્વ અધ્યક્ષ હતા. 2 મે, 1998નાં રોજ 84 વર્ષની ઉંમરે નવી દિલ્હીમાં તેમનું અવસાન થયું.

# બાલા રાયા માપારી: ગોવાની આઝાદી માટે શહીદ થનાર પ્રથમ વ્યક્તિ

**જન્મ: 8 જાન્યુઆરી, 1929 મૃત્યુ: 15 ફેબ્રુઆરી, 1955**

આઝાદ ગોમાંતક દલના સભ્ય બાલા રાયા માપારી ગોવા સ્વતંત્રતા સંગ્રામના એવા નાયક હતા જેમણે પોર્ટુગીઝોના કબ્જામાંથી ગોવાને મુક્ત કરાવવા માટે પોતાનાં પ્રાણ ત્યજી દીધા હતા. ગોવા સ્વતંત્રતા સંગ્રામમાં શહીદ થનારા તેઓ પ્રથમ વ્યક્તિ માનવામાં આવે છે. બાળપણથી જ તેમને ભારતમાં ચાલી રહેલા સ્વતંત્રતા સંગ્રામ તરફ ઝૂકાવ હતો અને તેમનું મન સંપૂર્ણ રીતે દેશભક્તિ અને રાષ્ટ્રહિતમાં લીન થઈ ગયું. ગોવામાં બર્દેજ તાલુકાના અસોનારામાં 8 જાન્યુઆરી, 1929નાં રોજ જન્મેલા બાલા રાયા માપારી ક્રાંતિકારી સંગઠન આઝાદ ગોમાંતક દલના સક્રિય સભ્ય હતા, જેનો હેતુ ગોવાને પોર્ટુગીઝોના શાસનમાંથી મુક્ત કરાવવાનું હતું. ક્રાંતિકારીઓએ અસોનારા પોલિસ મથક પર હૂમલો કર્યો, જેમાં બાલા રાયા માપારીનો પણ સમાવેશ થાય છે. ક્રાંતિકારીઓએ ત્યાં પોલિસને બંધક બનાવી દીધા અને તેમની પાસેથી શસ્ત્રો અને દારુગોળો લૂંટી લીધો. પોલિસ સ્ટેશન પર હૂમલાના આ કેસમાં પોર્ટુગીઝ પોલિસે બાલા રાયા માપારીને મુખ્ય આરોપી બનાવ્યા. પોલિસ માપારીની પાછળ પડી ગઈ. અંતે, ફેબ્રુઆરી, 1955નાં રોજ તેમની ધરપકડ કરવામાં આવી. ધરપકડ બાદ માપારી પર ભારે અત્યાચાર કરવામાં આવ્યો. જો કે, તેમનું મનોબળ મક્કમ હતું અને તેમણે પોલિસને અન્ય સ્વતંત્રતા સેનાનીઓ અંગે કોઈ પણ પ્રકારની ગુપ્ત માહિતી આપવાનો ઈનકાર કરી દીધો. જેલમાં તેમનાં પર ભારે અત્યાચાર કરવામાં આવ્યો, જેને કારણે 15 ફેબ્રુઆરી, 1955નાં રોજ તેઓ શહીદ થઈ ગયા. કહેવામાં આવે છે કે ગોવા મુક્તિ આંદોલનમાં આશરે 68 લોકો શહીદ થયા હતા, જેમાં બાલા રાયા માપારી સૌ પ્રથમ શહીદ થનારા આંદોલનકારી હતા અને તેઓ સૌથી નાની ઊંમરના હતા. ગોવાના સ્વતંત્રતા ઈતિહાસમાં આજે પણ બાલા રાયા માપારીને ગર્વથી યાદ કરવામાં આવે છે અને તેમનું નામ ખૂબ આદર સન્માન સાથે લેવામાં આવે છે. ગોવા મુક્તિ દિવસ સમારોહ પર 19 ડિસેમ્બર, 2021નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માપારીને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે, "બાલા રાયા માપારી જેવા યુવાનોના બલિદાન, આપણા અનેક સેનાનીઓએ આઝાદી બાદ પણ આંદોલન કર્યા, યાતનાઓ વેઠી, બલિદાન આપ્યું પણ આંદોલનને રોકવા ન દીધું."●



**Narendra Modi** @narendramodi

NaMo App पर #8YearsOfSeva से जुड़ा एक दिलचस्प सेक्शन है। इसमें आप Quiz, Word Search, Guess the Image Section जैसे कई इनोवेटिव तरीके से देश की विकास यात्रा से जुड़ सकते हैं। मेरा आप सभी से, विशेषकर अपने युवा साथियों से अनुरोध है कि वे इसे एक बार जरूर देखें।



**Rajnath Singh** @rajnathsingh

जीवन के हर क्षेत्र में बदलाव लाने का जो प्रयास पिछले आठ वर्षों में हुआ है वह आज फलीभूत हो रहा है। आज भारत में व्यवस्थाएँ बदली हैं, सुशासन स्थापित हुआ है। गरीब कल्याण के लिए ईमानदारी और प्रामाणिकता से काम हुआ है, जिसका लाभ समाज के हर वर्ग को मिल रहा है। #8YearsOfSeva



**Amit Shah** @AmitShah

पीएम @narendramodi जी के आत्मनिर्भर भारत का संकल्प देश को हर क्षेत्र में अग्रणी बनाने की नींव रख रहा है।

इस संकल्प को सिद्ध करना हम सभी देशवासियों की जिम्मेदारी भी है और कर्तव्य भी, जिससे हम आने वाली पीढ़ी को एक सशक्त और आत्मनिर्भर भारत दे पाएँ।
#8YearsOfSeva



**Nitin Gadkari** @nitin_gadkari

To fulfill the ambitions of #NewIndia, led by PM Shri @narendramodi ji, under the umbrella of #Bharatmala Pariyojana, Phase - 2A, is designed to focus on building infrastructure for uninterrupted traffic flow and lower logistics cost.
#PragatiKaHighway #GatiShakti



**Dr. S. Jaishankar** @DrSJaishankar

प्रधानमंत्री मोदी जी की जन केंद्रित विदेश नीति के 8 वर्ष पूरे।

हमारे विकास, सुरक्षा और सभ्यता के लिए कूटनीति। ऐसी कूटनीति जो अपनी जनता की सेवा करती है।

पासपोर्ट वितरण में व्यापक परिवर्तन: तेज, भ्रष्टाचार मुक्त और आपके घर के करीब।
#8YearsOfSeva



**Dr Mansukh Mandaviya** @mansukhmandviya

सदी की सबसे बड़ी महामारी कोरोना के कारण जिन बच्चों ने अपने माता-पिता को खो दिया ऐसे बच्चों के लिए, PM @NarendraModi जी ने अभिभावक के रूप में उनका हाथ थामा है।
#PMCaresForChildren योजना के माध्यम से उन बच्चों को एक बेहतर भविष्य देने के लिए धन्यवाद प्रधानमंत्री मोदी जी।

---

प्रधानमंत्री नरेंद्र मोदी ने बच्चों के लिए 'पीएम केयर्स फॉर चिल्ड्रेन' के तहत छात्रवृत्ति जारी की, स्वास्थ्य कार्ड भी दिए

# अनाथ बच्चे को 23 वर्ष की उम्र में 10 लाख मिलेंगे

### राहत

नई दिल्ली, विशेष संवाददाता। प्रधानमंत्री नरेंद्र मोदी ने बच्चों के लिए 'पीएम केयर्स फॉर चिल्ड्रेन' के तहत सोमवार को छात्रवृत्ति जारी की।

प्रधानमंत्री ने इस दौरान कहा कि कोरोना महामारी में अपने माता-पिता को खो चुके बच्चों को मनोवैज्ञानिक एवं भावनात्मक मदद के लिए आयुष्मान कार्ड के माध्यम से स्वास्थ्य बीमा और 'संवाद हेल्पलाइन' के माध्यम से परामर्श दिया जाएगा। 18 साल से 23 साल तक के युवाओं को हर महीने मानदेय की व्यवस्था भी की गई है। जब वे 23 साल के होंगे, तब 10 लाख रुपए एकसाथ उन्हें दिया जाएगा। मोदी ने कहा कि 'पीएम केयर्स फॉर चिल्ड्रन' दर्शाता है कि देश का हर नागरिक संवेदनशीलता के साथ इन बच्चों के साथ खड़ा है।

कोरोना महामारी से अनाथ हुए करीब चार हजार बच्चों को चालू वित्त वर्ष में अब तक 'पीएम केयर्स फॉर चिल्ड्रेन' के तहत छात्रवृत्ति का लाभ मिला है। मोदी ने कहा कि भारत ने पिछले आठ वर्ष में जो मुकाम हासिल किया है, उसकी किसी ने कल्पना भी नहीं की होगी। अंतरराष्ट्रीय मंचों पर भारत की ताकत बढ़ी है, जिससे विश्व में देश का गौरव भी बढ़ा है।

प्रौद्योगिकी के उपयोग को बढ़ाकर सरकार ने गरीबों के अधिकारों की सुरक्षा सुनिश्चित की है।

## महाराष्ट्र, मध्य प्रदेश और यूपी से सर्वाधिक आवेदन

कोरोना के कारण अपने माता-पिता को खोने वाले बच्चों के लिए पीएम केयर्स फॉर चिल्ड्रन योजना ने नई पहल की है। मदद के लिए देश के 33 राज्यों और केंद्र शासित प्रदेशों के 611 जिलों से कुल 9057 आवेदन आए हैं। इनमें से 557 जिलों के 4345 आवेदनों को मंजूर कर दिया गया है।

### इन राज्यों से सबसे अधिक आवेदन

| | |
|---|---|
| राजस्थान | 1547 |
| महाराष्ट्र | 1434 |
| उत्तर प्रदेश | 977 |
| मध्य प्रदेश | 829 |
| तमिलनाडु | 612 |
| आंध्र प्रदेश | 518 |

### इन सूबों में 200 से कम आवेदन

| | |
|---|---|
| बिहार | 183 |
| हरियाणा | 161 |
| छत्तीसगढ़ | 149 |
| झारखंड | 123 |
| उत्तराखंड | 84 |

स्रोत: पीएम केयर्स फॉर चिल्ड्रन, जून-2022

### योजना को पांच बिंदुओं में जानें

1. किसे: 11 मार्च 2020 से 28 फरवरी 2022 की अवधि के दौरान कोरोना के कारण अपने माता-पिता को खोने वाले बच्चों को इस योजना का लाभ मिलेगा।
2. क्या: इस स्कीम का उद्देश्य बच्चों के रहने की व्यवस्था, शिक्षा और स्कॉलरशिप के जरिए सशक्त बनाया जाएगा।
3. कब: 29 मई 2021 को योजना लॉन्च की गई थी। पहले इस स्कीम के तहत लाभ लेने की डेडलाइन 31 दिसंबर 2021 थी, बाद में इसे 28 फरवरी 2022 तक बढ़ाया गया।
4. कितनी मदद: 23 साल की उम्र में 10 लाख रुपये की वित्तीय सहायता मिलेगी। साथ ही उन्हें 5 लाख रुपये का हेल्थ इंश्योरेंस मिलेगा।
5. कैसे: बच्चों के रजिस्ट्रेशन के लिए pmcaresforchildren.in नाम से पोर्टल लॉन्च किया गया था। जिला बाल संरक्षण इकाइयों और नागरिक समाज के सदस्यों की सहायता से उपयुक्त द्वारा बच्चों की पहचान की गई है।

### क्या फायदा मिलेगा

- कोरोना के कारण अनाथ हुए बच्चों को केंद्र सरकार की तरफ से निःशुल्क शिक्षा प्रदान की जाएगी।
- 10 साल से छोटे बच्चों का नजदीकी सेंट्रल स्कूल या प्राइवेट स्कूल में दाखिला दिलवाया जा रहा है।
- 11 से 18 वर्ष के बीच के बच्चों को सैनिक स्कूल और नवोदय विद्यालय जैसे केंद्र सरकार के किसी भी आवासीय स्कूल में शिक्षा देने की योजना।
- बच्चों की फीस, स्कूल यूनिफॉर्म, किताब और कॉपियों के खर्च का भुगतान पीएम केयर्स फंड से होगा।
- ऐसे बच्चों को सरकार 18 साल की उम्र तक हर महीने भत्ता देगी।
- आयुष्मान भारत योजना के तहत 18 साल तक 5 लाख रुपए तक का स्वास्थ्य बीमा मिलेगा।

### यूपी बिहार में भी मुआवजा

पंचायत चुनावों में ड्यूटी के दौरान जान गंवाने वाले 135 पोल अधिकारियों को 30 लाख रुपये मुआवजा देने का ऐलान किया था। आंगनबाड़ी कार्यकर्ताओं की मौत पर 50 लाख मुआवजा देने का वादा किया था। बिहार सरकार कोरोना की चपेट में आकर जान गंवाने वालों के परिजनों को साढ़े चार लाख रुपये मुआवजा दे रही है।



### दिल्ली में मदद

ऑक्सीजन की कमी से जान गंवाने वालों को पांच लाख का मुआवजा। अनाथ बच्चों को मुफ्त शिक्षा और 2500 रुपये मासिक की मदद।

## 'जन समर्थ' पर मिलेगा योजनाओं का लाभ

■ विभिन्न सरकारी योजनाओं के लिए जल्द शुरू किया जाएगा साझा पोर्टल 'जन समर्थ'

नई दिल्ली (भाषा)। [illegible]



## 'प्रधानमंत्री ने संवाद की परंपरा को स्थापित किया'

नई दिल्ली, जीवन संवाददाता। [illegible]

### कोरोना काल में नहीं दिखे दिल्ली के मंत्री

[illegible]

# देश को भ्रष्टाचार, परिवारवाद, भेदभाव व आतंक के कुचक्र से निकाला : मोदी

प्रधानमंत्री ने कहा-देश 2014 से पहले फंसा हुआ था, आज दुनिया में भारत की आन-बान-शान बढ़ी

अमर उजाला ब्यूरो

नई दिल्ली। [illegible]



### कोरोना से अनाथ 4000 बच्चों को पीएम केयर्स छात्रवृत्ति

[illegible]

### जिनके माता-पिता महामारी ने छीने, उनके साथ मां भारती

[illegible] -नरेंद्र मोदी, प्रधानमंत्री

### रक्षा उपकरणों के निर्यातक बने हम : राजनाथ

[illegible]

वैश्विक महामारी में भी

# भारतीय स्टार्टअप का मूल्यांकन और धन बढ़ा है : प्रधानमंत्री

जनसत्ता ब्यूरो
नई दिल्ली, 29 मई।



[illegible]

RNI No. :
DELGUJ/2020/78810
June: 16-30, 2022

New India SAMACHAR
Fortnightly


RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date June 6, 2022, Pages - 60)

## ડો. કેશવ બલિરામ હેડગેવાર

### જેઓ હંમેશા કહેતા હતા....

# દેશ માટે જીવતાં શીખો

21 જૂનનાં રોજ તેમની પૂણ્યતિથી પર રાષ્ટ્રને નમન




**ડોક્ટર હેડગેવારે કહ્યું હતું, "સામ્રાજ્યવાદી શક્તિઓ સાથે લડવા અને તેને ઉખાડી ફેંકવા માટે જન ભાવના, સમર્થન અને અપીલ મહત્વપૂર્ણ છે." જન ભાવનાની તાકાતને સમજનાર ડો. હેડગેવારના વડપણમાં હજારો લોકોએ 21 જુલાઈ, 1930નાં રોજ નાગરિક અસહકારની ચળવળનાં ભાગ રૂપે મહારાષ્ટ્રના યવતમાલ જિલ્લા સ્થિત પુસદમાં 'જંગલ સત્યાગ્રહ' કર્યો હતો. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય હવે એ સ્થળે એક સંગ્રહાલયનું નિર્માણ કરવા જઈ રહ્યું છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં અમૃત મહોત્સવ સમિતિએ આ પ્રોજેક્ટ મંજૂર કર્યો છે. આ સંગ્રહાલયમાં જંગલ સત્યાગ્રહમાં હેડગેવારની ભૂમિકાને પ્રદર્શિત કરશે.**

- ડોક્ટરજી દેશની આઝાદી માટે કંઈક કરવા માટે અનેક રીતે પ્રયાસશીલ રહ્યા. ક્યારેક તિલકજી તો, ક્યારેક ક્રાંતિકારીઓ, ક્યારેક સુભાષ તો ક્યારેક અરવિંદ પાસે ડોક્ટર સાહેબ સત્યની શોધમાં કંઈક પરિણામજન્ય કરી બતાવવાના હેતુથી દોડતા રહ્યા...
- ડોક્ટરજીના જીવનનો પ્રારંભિક સમય દેશને આઝાદ કરાવવા માટે મરવાની ઉત્કટ ભાવનાથી ભરેલો હતો. દેશને ગુલામ બનાવનારા અંગ્રેજો સાથે સંઘર્ષ કરવો એ જાણે તેમની પ્રવૃત્તિ બની ગઈ હતી...
- રાષ્ટ્રની પરમ ઉન્નતિ જ જાણે તેમનાં જીવનનો ધ્યેય બની ગઈ. સમાજનો સાક્ષાત્કર કરવાની પ્રક્રિયામાં સમાજની દરેક વ્યક્તિ તેમનાં મનમાં પરમાત્મા બની ગઈ. સ્વામી વિવેકાનંદની જેમ જ તેમનાં માટે પણ ભારત માતા જ તેમની આરાધ્યા દેવી બની ગઈ હતી.




**વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લિખિત પુસ્તક 'જ્યોતિપુંજ' ના અંશ**

Gujarati

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from
Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020